શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

ફેબ્રુઆરી, ૨૦૨૪

અગમ ખેલ અપાર

ઈશ્વરીય અનુસંધાન



For private circulation

‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરાઈ છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ, લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી કે સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાંની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચારમોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું એમાં પ્રતિબિંબ ઝીલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરનું પાનું (બ્લૅક એન્ડ વાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને વારિણી ત્રિવેદીનો સંપર્ક કરવો.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | દીના વછરાજાની | ૦૨ |
| ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્ | ગિરિમા ઘારેખાન | ૦૩ |
| ઈશ્વરીય અહેસાસ | હિના ધોળકિયા | ૦૬ |
| રામ રાખે | દિનેશ ધોળકિયા | ૦૮ |
| ઈશ્વરની અનુભૂતિ- અનુસંધાન | મુકેશ દેસાઈ | ૧૦ |
| ત્વદીય પાદ પન્કજમ નમામિ દેવી નર્મદે | સૌરભ વોરા | ૧૨ |
| ''શાખ'' | ઋતંભરા છાયા | ૧૪ |
| સાક્ષાત્કાર | કલ્યાણી હાથી | ૧૬ |
| ઈશ્વરની હસ્તિ | શીતલ દેસાઈ | ૧૯ |
| ''ચકડોળ'' | અમી યાજ્ઞિક | ૨૩ |
| ઈશ્વર પોતાની હાજરીના પુરાવા આપતો રહે છે | ધ્વનિ ધોળકિયા | ૨૪ |
| હાજરાહજૂર | દિનેશ માંકડ | ૨૫ |
| જીપ કેમ ફરી? | ડૉ. ભૂષણ જીકાર | ૨૭ |
| ઈશ્વરની પ્રતીતિ | ચિરંતન પટ્ટણી | ૨૮ |
| ઈશ્વર છે કે નહિ? | હેમાલી સ્વાદિયા ''હેમ'' | ૩૧ |
| ઈશ્વરીય અનુભૂતિ | જાહ્નવી અંતાણી | ૩૪ |
| વાગે ઝીણી ઘૂઘરીઓ ગેબની | કિરણ બુચ | ૩૬ |
| મારા પ્રભુ સાથે મારો વિશ્વાસ વધુ મજબૂત બન્યો | કિર્તના વસાવડા | ૪૦ |
| કલ્યાણેશ્વરની કૃપા | અરુણ માંકડ | ૪૨ |
| જેને ભગવાન ઉપર ભરોસો હોતો નથી તે જ ચિંતા કરે છે | ડૉ. મિહિર વોરા | ૪૪ |
| જાકો રાખે સાંઈયા | નિમિષા મજમુંદાર | ૪૭ |
| તે જ હું તે જ હું | પદ્મજા વસાવડા | ૫૧ |
| અલૌકિક અનુકંપા | પરાશર દ્વિવેદી | ૫૪ |
| જાકો રાખે સાંઈયા | પ્રભાકર ધોળકિયા | ૫૯ |
| રામ કાજ કરીબે કો આતુર | પ્રણામિ બુચ દેસાઈ | ૬૧ |
| જીવોને અગમ શક્તિથી પરસ્પર જોડતું તત્ત્વ | રાધિકા બક્ષી | ૬૪ |
| ''શાશ્વત ઈશ્વરનો શરીરમાં વાસ છે'' | તોરલ રિંડાણી | ૭૧ |
| ''પરમ સમીપે'' | વિશાખા પોટા | ૭૩ |
| અમૃત-પુત્ર | પ્રકાશ ત્રિવેદી | ૭૬ |
| એ તમને ક્યારેય નકારશે નહીં | જય દીક્ષિત | ૭૮ |
| ''અણસાર'' | કર્દમ યાજ્ઞિક | ૮૦ |
| હે ઈશ્વર! | તારિણી દેસાઈ | ૮૨ |
| કેદારનાથના ધામમાં | નિશીથ બક્ષી ''નિજાનંદ'' | ૮૩ |
| ઈશ્વરનો એહસાસ | કિન્નરી મહેતા | ૮૫ |
| ઈશ્વર મારી આસપાસ | ભાર્ગવી જોષીપુરા | ૮૭ |

# નાગરમંજૂષા

## તંત્રી સ્થાનેથી

તારીખ પાંચ કે છ નવેમ્બર. મોડી સવારે અચાનક સુહાનીનો ફોન આવ્યો ''આજે આપણે સાંજે મંજૂષા માટે મળીએ? નેહાને પણ મેં કહી દીધું છે. ''અમે મંજૂષાના અંકની તૈયારી માટે, ખાસ તો આગામી વિષય વગેરેની ચર્ચા કરવા મળીએ, પણ આમ સાવ અચાનક નહીં, થોડું પ્લાનિંગ કરીને. તે દિવસે મારે ક્યાંક બહાર જવાનું હતું, એ જવાનું મુલતવી રાખી મેં પણ તરત જ હા પાડી દીધી. સાંજે હું નીકળવાની તૈયારીમાં હતી ત્યાં પાછો એનો ફોન આવ્યો ''મને જરાય સારું નથી લાગતું. પેટમાં દુખે છે આપણે આજે નથી મળતાં'' મેં કહ્યું, ''હવે આપણે દિવાળી પછી જ આરામથી મળીએ. દિવાળી પણ ઊજવશું. મસ્ત ખાઇ-પી ને'' ત્યારે ક્યાં ખબર હતી કે આ એની સાથે છેલ્લી વારની વાત છે! આ ઉત્સાહી જીવ દિવાળીની રાતે જ, જ્યારે આખી દુનિયા ઉજવણી કરી રહી હતી ત્યારે જ મૃત્યુનો ઉત્સવ મનાવવા નીકળી પડશે! એક જ દિવસના હૉસ્પિટલાઇઝેશનમાં જ! મૃત્યુને આગલે દિવસે સખત નબળાઈમાં પણ એણે નેહાને પરાણે હાથમાં કાગળ-પેન પકડાવ્યા અને નાગર-મંજૂષા માટે એને મનમાં સ્ફૂરેલો વિષય લખાવ્યો 'ઈશ્વરીય અનુસંધાન'. આને આપણે શું કહીશું? અગમનો ખેલ?!

સુહાનીના વ્યક્તિત્વને વર્ણવવું હોય તો હસમુખ, જીવંત અને સહેલાઈથી હાર ન માનનાર. ખરા અર્થમાં fighter એમ કહી શકાય. નાગર મંજૂષાનાં શરૂઆતનાં વર્ષોમાં બધા હસ્તલિખિત લેખ જ મળતાં એ સમયે અમે બન્ને કલાકો ડીટીપી કરાવવા ટાઈપ કરનારની દુકાનમાં બેસી રહેતાં. એક જણ બોલીને ટાઈપ કરાવે અને બીજું ટાઈપ થયેલું ચેક કરે. નાના સ્ટૂલ પર અક્કડ બેસી કલાકો નીકળતાં. કામ પૂરું થાય એટલે એ શોખીન જીવડાને યાદ આવે બાજુમાં મળતાં જૈનનાં વડા-પાઉં. આખા મુંબઈમાં ક્યાં શું ખાવાનું વખણાય એ એને ખબર. હંમેશાં મસ્તરામ અને હસતી જ હોય. એ ત્યાં સુધી કે છેલ્લાં આઠ-દસ વર્ષથી અઠવાડિયે બે વાર ડાયલીસીસ પર હોવા છતાં ફોન કરો ત્યારે એ તો મજામાં જ હોય! મળીએ ત્યારેય એને મોઢે મેં ક્યારેય એની બીમારીનાં રોદણાં નથી સાંભળ્યાં. સદાય હસતો, એ જ પ્રફુલ્લિત ચહેરો. છેલ્લાં થોડાં વર્ષોમાં એની તકલીફો વધી હોવાથી ઘણી વાર હૉસ્પિટલમાં રહીને, હસતાં હસતાં મોતને હાથતાળી આપી દેનાર ઝિંદાદિલ વ્યક્તિ આમ અચાનક સહુને હાથતાળી આપી દે? મંજૂષાએ તો એનું મગજ ગુમાવ્યું! મંજૂષા માટે નવા નવા વિષયો એને સૂઝતા જ રહેતા. અરે 'નાગર મંજૂષા' નામ પણ એને જ સૂઝેલું. જેને નાગર મંજૂષા હૃદયસ્થ હતું એને આપણે અલવિદા તો નહીં જ કહીએ. એ સૂક્ષ્મ રૂપે હંમેશાં આપણા હૃદયમાં રહેશે અને સતત પ્રેરણા આપતી રહેશે.

**- દીના વછરાજાની**

# ગતિસ્ત્વમ્ ગતિસ્ત્વમ્



**ગિરિમા ઘારેખાન**

અનંત કાળથી ચાલતી આવતી આ સૃષ્ટિમાં, ઈશ્વરના માનવજાત પ્રત્યેના પ્રેમની હારોહાર મૂકી શકાય એવો કોઈ પ્રેમ હોય તો એ છે માનો પોતાના બાળક પ્રત્યેનો પ્રેમ. માના પ્રેમનો અનુભવ એ ઈશ્વરીય હોય. એક ચિંતકે કહ્યું છે કે માનો અર્થ શબ્દકોષમાં નહીં, પણ જીવનકોષમાં જોવાનો હોય છે. માનું ચાલે તો પોતે લીધેલા શ્વાસમાંથી અરધો ઑક્સિજન બાળકને આપી દે.


તો સામે બાળકનું ચિત્ત પણ માને જોતાં જ ઝળહળ થઈ જાય છે. પોતાની બંધ મુઠ્ઠીમાં 'મા' શબ્દને લઈને જન્મેલા બાળકનું પ્રથમ શબ્દોચ્ચારણ એટલે જ 'મા' શબ્દથી થાય છે. મા અને બાળકના પ્રેમના બંધનની અનુભૂતિ માટે વિશેષણોનો દરિયો ઠાલવીએ તોપણ ઓછો પડે કારણકે એ વિશેષણોની અર્થછાયાઓ શબ્દકોષનો પરિઘ ઓળંગી શકતી નથી. મા અને સંતાન વચ્ચેનું પ્રેમબંધન દિશાઓને ચીરીને, અવકાશને ઓળંગીને, સ્થળ-કાળના બંધન વિના, અલખના તેજની જેમ અતૂટ બની રહે છે. માના ગર્ભના અંધકારથી માંડીને મૃત્યુ પછીના અંધકાર સુધી આ સ્નેહગાંઠ છૂટતી જ નથી. બાળકના જન્મ પછી થતું નાળ વિચ્છેદન એ તો માત્ર શારીરિક ઘટના છે. લાગણીની નાળ તો ક્યારેય છેદાઈ જ નથી શકતી. સંતાન અને માતા હંમેશ માટે એકબીજાના વ્યક્તિત્વના અવિભાજ્ય અંગ બની રહે છે.

મને આવો અલૌકિક અનુભવ થયો હતો મસ્કતમાં. અમારાં ઘરોમાં હજુ પણ તિથિ પ્રમાણે જન્મદિવસ ઊજવવાની પ્રણાલિકા છે. મારી મમ્મી (એનું નામ જિગીષા. અમે એને જીજી કહેતાં)નો જન્મદિવસ ફાગણ સુદ ત્રીજ અને મારો ફાગણ સુદ પાંચમ, ૨૦૦૪ના ફાગણ સુદ ત્રીજના દિવસે મેં જીજીને ફોન કરીને પ્રણામ પાઠવ્યા અને એણે મને

ઢગલો આશીર્વાદ આપ્યા. એ વખતે જીજી અને પપ્પા અમારા વતન પાટણમાં રહેતાં હતાં. હંમેશની જેમ ગળગળી થઈને જીજીએ આ વખતે તો મને કહ્યું, 'હવે તારા જન્મદિવસે તું મને ફોન ન કરતી, હું જ કરીશ. મને તારા એસ.ટી.ડી. કોડ સાથેના લાંબા લાંબા નંબર યાદ નથી રહેતા, પણ આગલી રાત્રે જ હું કાગળ પર લખીને ફોન પાસે રાખી દઈશ.'

મસ્કતમાં હું અને હાર્દિક, મારા પતિ, બે એકલાં જ રહેતાં હતાં. રોજ રાત્રે દસ વાગે બેડરૂમમાં જતાં રહીએ, થોડું વાંચીએ અને ત્યાં તો નિદ્રાદેવીની સવારી આવી જાય. ફાગણ સુદ ચોથની એ રાત્રે પણ રોજની જેમ હાર્દિકે ટીવી અને લાઈટ બંધ કર્યાં, પણ હું મારા સોફા ઉપરથી ઊભી ન થઈ. એમણે મને પૂછ્યું, 'કેમ? સૂવા નથી આવવું?' મેં કહ્યું, 'ના, લાઇટ ચાલુ રાખો હું બેઠી છું.' એમને નવાઈ તો લાગી પણ કંઈ પૂછ્યા વિના લાઇટ ચાલુ કરી અને એ પણ એમની વાંચવાની ચોપડી લઈને હીંચકા ઉપર બેસી ગયા.

બે મિનિટ પછી અચાનક મેં મહામૃત્યુંજય મંત્ર મોટેમોટેથી બોલવાનો ચાલુ કર્યો, મને ખબર નથી કેમ. મનમાં કંઈ વિચારો, ચિંતા, આશંકાઓ, કશું જ ન હતું. તોપણ હું સતત 'ૐ ત્ર્યંબકં યજામહે સુગંધિં પુષ્ટિવર્ધનમ્...' બોલતી જ રહી. ચારેબાજુ વ્યાપી ગયેલા સૂનકારમાં એ મંત્રના અવાજો જ દીવાલો સાથે અથડાઈ અથડાઈને વાદળોના ગડગડાટની જેમ પડઘાતા હતા. સમય કદાચ છત ઉપર લટકી ગયો હશે. મારું ધ્યાન ઘડિયાળની




ટકટકમાં, રાહ જોઈને બેસી રહેલા હાર્દિકમાં, ક્યાંય ન હતું. કાન સિવાયની બીજી બધી ઈન્દ્રિયો સ્થગિત થઈ ગઈ હતી. હું ટ્રાન્સમાં હોઉં એવી રીતે મહામૃત્યુંજય મંત્રનું રટણ કરતી હતી.

મારો આ જાપ લગભગ ચાળીસ-પિસ્તાળીસ મિનિટ ચાલ્યો હશે. પછી હું અટકી ગઈ અને હાર્દિકને કહ્યું, 'ચાલો, સૂવા જઈએ.' ત્યારે ઘડિયાળમાં સવા અગિયાર થયા હતા. પથારીમાં ગયાં પછી પણ મને ઊંઘ નહોતી આવતી. અજંપો હશે જ પણ મને લાગે છે એ પેલા મંત્રજાપના આવરણથી વીંટળાયેલો હશે એટલે અનુભવી શકાતો ન હતો, પણ એવું કશુંક તો હતું જે મને સૂવા દેતું ન હતું. પંદર જ મિનિટ પછી ફોનની રિંગ વાગી. હું જાણે ફોનની રાહ જ જોતી હોઉં એમ ધડ દઈને ઊઠીને ફોન ઉપાડ્યો. પાટણથી મારા સંબંધીનો ફોન હતો. મને કહે, 'જો હિંમત રાખજે, જીજી ગયાં' હિંમત કેવી રીતે રહે? વહેલી સવારે

જીજીનો આશીર્વાદનો ફોન આવવાનો હતો, એને બદલે 'જીજી ગયા'? નો ફોન!

મારી જીજી હતી તો લગભગ સિત્તેર વરસની, પણ નખશીખ તંદુરસ્ત કોઈ રોગની કોઈ દવા એણે લેવી નહોતી પડતી. ભક્તિ એની નસોમાં લોહી થઈને વહે. અતિશય કામઢી. એ આમ જતી રહી શકે એવું કેવી રીતે માની શકાય? રાત્રે એ સૂતી અને લગભગ બાર વાગે ઊઠી. કહે, 'ગરમી લાગે છે.' ભારત મસ્કત કરતાં સમયમાં દોઢ કલાક આગળ એટલે ત્યારે મસ્કતમાં સાડા દસ થયા હતા, જ્યારે મારો મંત્રજાપ ચાલુ હતો. એ ઊઠી ત્યારે પપ્પા પાણી પીતા હતા. જીજીએ પણ પાણી માગ્યું અને પછી 'હું તો સૂઈ જઉં છું' કહીને સૂઈ ગઈ. પપ્પા એને પાણી આપવા ગયા ત્યારે એ ઊઠી નહીં, 'હું તો સૂઈ જઉં છું' કહેવા જ ઊઠી હતી. કોઈ સ્વીચ ઑફ કરે ને લાઇટ બંધ થઈ જાય એવી રીતે જિંદગીની લાઇટ બંધ કરીને સૂઈ ગઈ. કોઈ કષ્ટ નહીં, કોઈ પીડા નહીં, ખરેખર 'ઉર્વારુકમિવ' ચીભડું વેલા સાથેના બંધનોમાંથી મુક્ત થાય એવી રીતે જ.

કોઈ જ બીમારી, તકલીફ, દેહપીડા વિના એ આત્મા અનંતની સફરે ઊપડી ગયો. એક જીવ જ્યારે એક દેહમાંથી નીકળીને ઉપર તરફ ગતિ કરતો હતો ત્યારે કોણે મને કહ્યું મહામૃત્યુંજય મંત્ર બોલવાનું, જેથી એ યાત્રા, એ પળ 'ઉર્વારુકમિવ બંધનાત્' બની રહે? હું તો હજારો કિ.મી દૂર બેઠી હતી! બીજું એ મંત્ર ૐ નમઃ શિવાય કે શ્રીકૃષ્ણ શરણં મમઃ જેવો મંત્ર નથી જે સદાય હૃદયમાં રમતો રહે. જીજીની જિંદગીની છેલ્લી પળોમાં અજાણપણે, કદાચ એક અંશ જેટલું માતૃઋણ ચૂકવતી હતી? કે પછી સૂતી વખતે મારી માના મનમાં સવારે ઊઠીને મને ફોન કરવાનો વિચાર હશે એ વિચારો, એનો મારા પ્રત્યેનો પ્રેમ, આવીને અને હૃદયના કાનમાં કહી ગયાં કે 'જીજી તો હવે જાય છે! કંઈક કર.'

ત્યાં એની વિદાય વેળાનો કોઈ ઢંઢેરો ન હતો. પથારીની આજુબાજુ બેસીને ધૂન કરવાવાળા કોઈ પરિજનો ન હતાં, એટલે એણે મને સૂવા ન દીધી? એના પોતાના નજીકના પરિવારમાં દૂર તો દૂર, પણ હું જાગતી હતી. મા બાળકના સ્મિત પાછળની ઉદાસી જોઈ શકે, ચૂપકીદી પાછળના શબ્દો સાંભળી શકે, ગુસ્સા પાછળનો પ્રેમ જોઈ શકે, તો એક સંતાન માની અંતિમ વિદાયની ક્ષણો ન જાણી શકે? આ કેમ થયું, કેવી રીતે થયું, મને કંઈ જ ખબર નથી. ખબર પાડવી પણ નથી. એનો આત્મા ઊર્ધ્વગામી અનંતની યાત્રાએ નીકળ્યો હતો ત્યારે મારા જપેલા મંત્રનો એક સૂર પણ એનું પગથિયું બની શક્યો હોય તો એટલું મારે માટે પૂરતું છે.

**– ગિરિમા ઘારેખાન**

(સત્ય ઘટના)

# ઈશ્વરીય અહેસાસ



હીના ધોળકિયા

ભારત સ્વતંત્ર થયું ત્યારથી જે પ્રદેશ વિવાદો વચ્ચે ઘેરાયેલો છે અને આજે સમગ્ર દેશના ધ્યાનનું કેન્દ્રબિંદુ જે પ્રદેશ છે એની જ વાત છે. હા, તમે બરાબર સમજી ગયા છો. આ વાત એ જ પ્રદેશ કાશ્મીરની છે. વાત કંઈક આવી બની – અમે આખો પરિવાર એ દિવસોમાં કાશ્મીરના પ્રવાસે ગયેલા. શ્રીનગર, સોનમર્ગ ગુલમર્ગ અને વળતી વખતે જમ્મુ અને માતા વૈષ્ણોદેવીનાં દર્શન. એ દિવસે જ્યારે આ ઘટના બની ત્યારે ૭ November ૧૯૮૯ મંગળવાર અને બપોરનો ત્રણ સાડા ત્રણનો સમય હતો. તમને થતું હશે કે આટલું બધું સચોટ કેવી રીતે યાદ રહે, જ્યારે ઘટનાને લગભગ ત્રણ દશકા વીતી ગયા હોય! પણ આ બનાવ જ એવો છે કે આજે પણ એવો ને એવો જ યાદ છે. વાત જાણે આમ બની. તે દિવસે બપોરનું જમવાનું પતાવ્યું હવે શું કરવું? સૂઈ જવું? રમવું? કે ગપાટા મારવા એવો વિચાર કરતા હતા ત્યાં કોઈએ સૂચન કર્યું ચાલો ખરીદી કરવા જઈએ. અમે નીકળી પડ્યા શ્રીનગરના બજારમાં ખરીદી કરવા અને ખાસ તો જોવા કે શું શું મળે છે. અમે પહોંચ્યા શ્રીનગરના લાલ ચોક વિસ્તારમાં. જામનગરની ચાંદી બઝાર અને બર્ધન ચોક, વડોદરાની મંગળ બજાર, અમદાવાદનો માણેક ચોક વિસ્તાર, રાજકોટનો ધર્મેન્દ્ર રોડ કે રૈયાનાકા વિસ્તાર જેવો, દિલ્હીનો ચાંદની ચોક કે કરોલ બાગ વિસ્તાર જેવો પણ ખૂબ જ મોટો એવો શ્રીનગરનો લાલ ચોક વિસ્તાર. એ વખતે ત્યાં ૬૦ ૭૦ બસ પણ ઊભેલી અને સૂકા મેવાની દુકાનો, વિવિધ કાપડ, શાલ એન્ટિક વસ્તુઓ પાર વગરની. અમે તો બધા દુકાનોમાં ઘૂસવા લાગ્યા, પણ એક વસ્તુની નોંધ લીધી કે વેપારીઓને ધંધો કરવામાં રસ દેખાતો નથી. અચાનક એક ટોળું હાથમાં સળગતા કાકડા, તમંચા



અને લાકડીઓ લઈને દુકાનો બંધ કરાવવા નીકળ્યું. ચારે બાજુ અફડાતફડી મચી ગઈ દુકાનો ટપોટપ બંધ થવા લાગી. લોકો ત્યાંથી જે વાહન મળ્યું તેમાં ભાગવા લાગ્યા. બસો બધી ચાલુ થઈને રવાના થવા લાગી. અમે બધા છુટ્ટા પડી ગયા. મારી સાથે અમારા પરિવારની બધી છોકરીઓ હતી. જેની ઉંમર ૭ વર્ષથી લઈને ૧૪ વર્ષની હતી. મારી ઉંમર પણ ૩૪ વર્ષની હતી. અમે પણ દોડાદોડ એક મીની બસમાં ચડી ગયા. સાથે પાકીટ પણ નહી અને મોબાઈલ આવવાને તો હજુ ૧૦-૧૨ વર્ષ બાકી હતાં. આખી બસ ચિક્કાર અને અમારા સિવાય કોઈ ગુજરાતી નહી. બસ પણ ફટાફટ દાલ સરોવર તરફ દોડવા લાગી. એક સજ્જડ બ્રેક લાગી અને બસ ઊભી રહી ગઈ. સામે ભયંકર દેખાતા કાશ્મીરીઓનું ટોળું. ટોળાના આગેવાને બૂમ પાડી. ભીતર કોન કોન હૈ? અમારી બોલતી બંધ થઈ ગઈ. છોકરીઓએ તો રડવાનું ક્યારનું ચાલુ કરી દીધેલું. હવે શું? મને જેટલા ભગવાનના નામ આવડતા હતા તે હું મનમાં બોલવા લાગી અને ચમત્કાર થયો. કહેવાય છે ને કે જીસકો રાખે સાઈ ઉસે માર શકે ન કોઈ. ડ્રાઈવરના મુખમાં રામ વસ્યા એણે ફટ કરીને જવાબ આપ્યો જનાબ સબ અપને હી હૈ. દોઢ કલાક પછી હોટેલ પર પહોંચી ગયાં બધા જેમ તેમ કરીને પહોંચ્યા હતા અને ત્યાં પહોંચ્યા પછી બધા બંધ છૂટી ગયા. લગભગ પોણી કલાક રોયા પછી કંઈક શાતા વળી, પણ ઘટના એવી અંકિત થઈ ગઈ કે આજે પણ આપને જણાવું છું ત્યારે રૂંવાટાં ઊભાં થઈ જાય છે.

**- હિના ધોળકિયા**

(સત્ય ઘટના)

# રામ રાખે



દિનેશ ધોળકિયા

જે પોષતું તે મારતું
તે ક્રમ દીસે છે કુદરતી.

કવિ કલાપીની આ પંક્તિ ઉલટાવી નાખો તોપણ અર્થવિશેષ એ જ રહે છે. કુદરત જે કરે તેમાં ચોક્કસ કોઈ સંકેત, કોઈ બલિહારી, કઈ બચાવવાની ભાવના રહેલી હોય જ છે. એવા ઘણાબધા અનુભવો જીવન કિતાબનાં પાનાં ઉલટાવો તો સામે આવીને ઊભા રહે છે. આવો જ એક અનુભવ, જેમાં ઈશ્વર, કુદરત કે કોઈ અગમ્ય શક્તિ જ બચાવી શકે, આપની સમક્ષ સાદર કરું છું. જીવનના સાડા ત્રણ દાયકા પછી પણ એવો ને એવો મનઃચક્ષુ સમક્ષ ઊભરી આવે છે. તો ચાલો માંડીને વાત કરું.

૧૯૮૯ના ઑગસ્ટ માસના બીજા પખવાડિયામાં જામનગર યુથ હોસ્ટેલ ઍસોસીએશન ઑફ ઇન્ડિયાના ઉપક્રમે અમરનાથ, વૈષ્ણોદેવી, લેહ, લદાખ સ્થળે ટ્રેકિંગમાં જવાનું થયેલું. અમે કુલ ૪૪ વ્યક્તિ હતાં. મારી ભૂમિકા ડાયરેક્ટરની હતી. એટલે કાર્યક્રમને લગતી તમામ જવાબદારી મારી હતી. કુલ ૧૬ દિવસનો કાર્યક્રમ હતો.

શરૂઆત તો બરાબર ચાલી. ઓછીવધુ મુશ્કેલી, લેન્ડ સ્લાઈડિંગ, એક બે લોકોની બીમારી પણ બધું વ્યવસ્થિત ચાલ્યું. અમે અમરનાથ અને વૈષ્ણોદેવી ટ્રેકિંગ પૂરું કર્યું, પણ એમાં અમારી પાસે છેલ્લે દિવસો બે જ રહ્યા. ત્રીજે દિવસે જમ્મુ તાવી હાપાની સવારે ૧૦.૩૦ની ટ્રેન હતી. એટલે લેહ, લડાખ જઈ શકાય એવું ન રહ્યું, પણ જીવ ટ્રેકિંગનો એટલે નક્કી કર્યું કે આજુબાજુ જ્વાલાજી, ચામુંડાજી, ધર્મશાળા, મખલોડગંજ ચિન્તપુરનીજી વગેરે સ્થળે જવું. પ્રથમ દિવસ અને બીજા દિવસે સાંજે ૫ વાગે અમે લગભગ પૂરું કર્યું. હવે માતા ચિન્તપુરનીજી બાકી હતાં. અમે ત્યારે પઠાનકોટ હતા. બસની પૂછપરછ કરી તો તરત મળી

ગઈ. ત્યાંથી બે કલાક થાય. અમે તો બસમાં બેસી ગયા. રાબેતા મુજબ મેં ગણતરી કરી તો એક વ્યક્તિ ખૂટે.

અમારા સભ્યો ઉતાવળ કરતા હતા. બસનો કંડકટર પણ ટિકિટ લેવા ઉતાવળો થતો હતો. બસમાં અમારા સિવાય ચારપાંચ જણા હતા. એટલે એને બહુ મોટા ગ્રાહક મળી ગયેલા. હું બસમાંથી નીચે ઊતર્યો. બસ સ્ટેન્ડમાં જ્યાં બાથરૂમ લેટરીન હતા ત્યાં જઈ મેં અવાજ દીધો. તરત એ ભાઈ બોલ્યા એ આવું છું મેં કહ્યું, ભાઈ, જલદી કર! બધા ખોટી થાય છે.

એને તાકીદ કરી હું પાછો બસ પાસે આવ્યો. મારી જિજ્ઞાસાવૃતિને કારણે મેં બસના ડ્રાઈવરને પૂછ્યું, ચિન્તપુરનીજી સે જમ્મુ કે લિયે બસ મિલ જાયેગી ક્યા? એણે જવાબ આપ્યો જનાબ, ઊલટે જા રહે હો, અબ તો કલ સુબહ બસ મિલેગી.

મારાં મોતિયાં મરી ગયાં. કાલ તો સવારે ટ્રેન છે! કરો કેન્સલ જવાનું. મેં તરત બધાને એલાન કર્યું કે ઊતરો બધા નીચે, નથી જવું સભ્યો ખિજાઈ ગયા, ન સંભળાય એમ ગાળો બોલવા લાગ્યા, પણ હુકમ મુજબ ઊતરવું તો પડે જ એટલે ઊતરી ગયા. ડ્રાઈવર-કંડકટર ખિજાઈ ગયા અને સંભળાય એમ ગાળો દઈ બસને ફૂલ લીવરે મારી મૂકી.

તમને થશે કે આવું તો બનતું જ હોય, પણ હવે જે બન્યું એણે મારી અમારી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરી દીધી.

બસ માંડ ચાર-પાંચ ફર્લાંગ ગઈ હશે અને બસમાં........ બૉમ્બ બ્લાસ્ટ થયો. એ વખતે પંજાબનો ત્રાસવાદ ચરમસીમા પર હતો. અમે હેબક ખાઈ ગયા. જે સભ્યો નારાજ હતા એ હવે પગે લાગવા માંડ્યા. થોડો સમય તો કોઈ બોલી શક્યું નહી. કોઈ એ વિશે હવે કશું બોલતા ન હતા, પણ દિલમાં એક ફડક અને ભીતર બચી ગયાનો હરખ સંવેદી રહ્યા. અમે એ જ વખતે નક્કી કર્યું કે હવે જમ્મુ જઈને પહેલાં મંદિરે દર્શન કરશું પછી જ ભોજન કરશું.

અસ્તુ.

**- દિનેશ ધોળકિયા**

# ઈશ્વરની અનુભૂતિ- અનુસંધાન



મુકેશ દેસાઈ

ઈશ્વરની અનુભૂતિ માત્ર અનુભવી શકાય છે. આપણો શ્વાસ હવા દ્વારા ચાલતો રહે છે તે અનુભવી શકાય છે, જોઈ નથી શકતા. તે જ રીતે ઈશ્વર આપણી આસપાસ હોય જ છે, આપણી અંદર જ વસેલો છે. આપણી પ્રાર્થના, પૂજા કે મંત્ર દ્વારા પોતે હાજર નથી થતો, પરંતુ તેના દૂત તરીકે કોઈને મોકલી આપે છે. નરસિંહ મહેતાની હૂંડી આ રીતે જ કદાચ સ્વીકારાઈ હશે.

આ અનુસંધાનમાં તાજેતરમાં બનેલો પ્રસંગ વર્ણવું છું.

કોરોના સમય પૂરો થઈ રહ્યો હતો. અમારા પુત્ર-પુત્રવધૂને ત્યાં બાળક આવવાનું હતું તેથી અમે યુએસએ જવા નીકળ્યા. ત્યાંનો શિયાળો અને બરફનો અનુભવ પ્રથમ વખત થયો. બરફનું તોફાન ચાલુ હતું. અમે પ્રાર્થના કરતા રહ્યા. થોડો વખત અટકી ગયું અને હૉસ્પિટલ પહોંચી ગયા. ઈશ્વરકૃપાથી પૌત્રીને લઈને હેમખેમ પાછા આવી ગયા.

સમયે કહ્યું ''આ તો ટ્રેલર હતું, પિક્ચર હજી બાકી છે દોસ્ત!!''

તોફાન પછી થોડો સમય શાંતિથી ગયો. સમયે ફરી વખત કરવટ બદલી. મને શ્વાસની તકલીફ થવા માંડી. શરૂઆતમાં શરદી, કફ, અસ્થમા વગેરેની દવા કરી જોઈ, પરંતુ ફેર ન પડ્યો તેથી ખાનગી ડૉક્ટર પાસે જવું પડ્યું. તેમણે તપાસીને ECG જોઈને નિદાન કર્યું ''તમને હૃદયરોગનો સાયલન્ટ એટેક આવી ગયો છે. તેથી તમે તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ થઈ જાવ.'' અજાણ્યા દેશમાં અજાણી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ થઈ જવું પડ્યું. બે-ત્રણ દિવસ પછી ડૉક્ટરે જાહેર કર્યું કે ''તમને ચાર બ્લોકેજ છે, તેથી બાયપાસ સર્જરી કરાવવી પડશે.'' મેં કહ્યું ''અમે ભારત જઈને કરાવશું. કાલે જ પાછા જવા નીકળી જઈશું.'' ડૉક્ટરે ચોખ્ખી

ના પાડી ''અમે તમને પ્લેનમાં જવાની રજા નહિ આપી શકીએ. તમે ભારત સુધી પહોંચી નહિ શકો. તમને અમે બીજી હાર્ટ હૉસ્પિટલમાં દાખલ કરાવી દઈશું. આ સર્જરી અહીં નહિ થઈ શકે.'' ડૉક્ટરે પ્રયત્ન કર્યા, પરંતુ ત્યાં waiting list હતું. વીક એન્ડ આવી ગયો તેથી સોમવારે વાત આગળ વધારીએ તેમ કહ્યું.

આ તરફ અમારી મૂંઝવણ વધતી જતી હતી. ટ્રાવેલ ઇન્સ્યૂરન્સ તરફથી બહાનાંબાજી ચાલુ થઈ ગઈ. એક તરફ ભારત જવાની ના પાડે, અહીંયા ઑપરેશન જલદી થતું ન હતું, બિલ ચડતું જતું હતું. ઘરમાં નાનું બાળક અને દોડાદોડીમાં મારી પત્ની અને પુત્ર જ હતા. અમારા કુટુંબીજનોએ પ્રાર્થના, પૂજા અને માનતાઓ રાખવાની શરૂ કરી દીધી હતી. મેં પ્રાર્થના કરી ''હે ઈશ્વર, આમાંથી કોઈ માર્ગ દેખાડ. તારા શરણે છું. જીવાદોરી તારા હાથમાં છે.''

અંધકારમાં આશાનું કિરણ પ્રગટે તેમ શનિ-રવી માટે હૉસ્પિટલના કાયદા મુજબ એક નવા ડૉક્ટર આવ્યા. માનો કે ઈશ્વરે દેવદૂત મોકલ્યા. તેમણે આવીને ચેક કરીને કહ્યું ''મોરિસન હાર્ટ હૉસ્પિટલમાં પ્રખ્યાત ડૉક્ટર ઝાકુને હું ઓળખું છું. તેમને પૂછી જોઈશ.'' રવિવારે સવારે આવીને ખુશખબર આપ્યા કે ''તેમની હા આવી ગઈ છે. આજે જ તમને શિફ્ટ કરી દેશું. કાલે તમને બાયપાસ સર્જરી કરી નાખશે.'' તરત જ મને શિફ્ટ કરવામાં આવ્યો.

મોરિસન હૉસ્પિટલમાં બધાને નવાઈ લાગી કે આટલું ઝડપથી આ ડૉક્ટરની appointment મળતી નથી. ખૂબ જ મુશ્કેલ હોય છે. તમે તો પાછા અહીંના નાગરિક પણ નથી. Insurance પણ નથી!! આ તો ચમત્કાર કેહવાય.'' મારું ઑપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું. પંદર દિવસ પછી રજા આપવામાં આવી ત્યારે ડોક્ટર ઝાકુને સલામ કરીને મેં કહ્યું ''તમારી હાજરીમાં મને ઈશ્વરની અનુભૂતિ અનુભવાય છે. દેવદૂત બનીને તમે મારી જીવાદોરી વધારી તે બદલ આભાર. હંમેશાં આપનો ઋણી રહીશ.'' બે મહિના પછી ભારત આવવાની રજા મળી.

હાટકેશ કૃપાથી શનિ-રવિમાં નવા ડૉક્ટર આવ્યા અને તે પછીની ઘટનામાં ઈશ્વરનો અદૃશ્ય હાથ જ હતો. બધાં સગાં, મિત્રોની પ્રાર્થના સાંભળીને કોઈ દેવદૂત મોકલ્યો હોય તેવી અનુભૂતિ થઈ. જીવાદોરી ઈશ્વરના હાથમાં હોય છે. તેની ઇચ્છા વગર પાંદડું પણ હલતું નથી. સર્વવ્યાપી શક્તિને કોટી કોટી વંદન.

જય હાટકેશ.

**– મુકેશ દેસાઈ**

# ત્વદીય પાદ પન્કજમ નમામિ દેવી નર્મદે



**સૌરભ વોરા**

આમ તો આપણું જીવન ઈશ્વરની અનુભૂતિ જ છે અને એની પ્રતીતિ આપણને વારંવાર થતી જ હોય છે, પરંતુ જીવનમાં એવા કેટલાક પ્રસંગો બની જાય છે કે આપણે અભિભૂત થઈ જઈએ છીએ કે આ જે કંઈ બન્યું તે ઈશ્વરના ચમત્કાર સિવાય સંભવિત જ નહોતું અને જ્યારે પણ એ બનાવ યાદ આવે ત્યારે રૂંવાડાં ઊભાં થઈ જાય એવો જ એક યાદગાર પ્રસંગ - ચમત્કાર જે કહો તે મારી સાથે બન્યો, જ્યારે અમે ઓમકારેશ્વરની પ્રદક્ષિણા કરી, ખરેખર યાદગાર અનુભવ. ઓમકારેશ્વરમાં નર્મદા મૈયાની સુંદરતા ભવ્ય છે અને તેમાં વચ્ચે પહાડ એ ઓમકાર નું બિંદુ છે. આની હોડી દ્વારા પરિક્રમા કરવાનો લહાવો અનેરો છે. ગયા શ્રાવણની સોમવતી અમાસે અમે ઓમકારેશ્વરમાં આ પરિક્રમા માટે ઉત્સુક હતા, પરંતુ તે દિવસે અતિશય વરસાદ અને નદીમાં સમુદ્ર જેવાં મોટાં મોજાં ઊછળતાં હોવાથી બધાએ નદીમાં ન જવા સલાહ આપી, પણ અમે વિચાર્યું આ પરિક્રમા એક જિંદગીનો લહાવો છે, નહીં કરીએ તો વસવસો રહી જશે કે કિનારે આવીને કોરાં રહી ગયાં. આથી અમે સિત્તેરની બસમાંથી ફક્ત છ જ જણાએ હિંમત કરી, અમે છ અને બે હોડીવાળા સાથે યા હોમ કરી દીધું!!! નદીનાં ઊંડાં વમળ લેતાં પાણી, ઊછળતાં મોજામાં ડગમગતી હોડી, મનમાં હનુમાન ચાલીસા!

બંને બાજુ સુંદર હરિયાળીનું સૌન્દર્ય માણવા સાથે મનમાં ઊંડા ભય જેવી મિશ્રિત લાગણીઓ સાથે ફોટા પાડતાં, એકબીજાને સધિયારો આપતાં, ઉપરથી વરસાદ તો ચાલુ જ હોતાં, ભીંજાતાં ભીંજાતાં કરેલા સાહસ માટે ઉપરથી એકબીજાને બિરદાવતા, અંદરથી ડરતાં, મજા માણી રહ્યાં હતાં. હોડીવાળા પણ વચ્ચે પાણી ઊંડું અને વહેણ ઝડપી

હોવાથી કિનારે કિનારે જ હોડી ચલાવી રહ્યા હતા, પરંતુ બાજુમાં અણીદાર ખડક હોવાથી એક વખત અમારી હોડી એક અણીદાર ખડકમાં એવી જોરદાર અથડાઈ કે બધાને ભગવાન યાદ આવી ગયા!!! ટાઈટેનિક!!! હોડીમાં બધાં જ સીનીઅર સિટિઝન્સ અને કોઈને તરતાં આવડતું નહોતું!

તોપણ બધાએ જિંદગીમાં કૈંક સાહસ કર્યું હોય એવા પ્રતિભાવો સાથે મનમાંથી ડરતા હોવાના ભાવ સાથે ઉપરથી મજાક કરતાં કરતાં આજુબાજુનું સૌન્દર્ય માણી રહ્યાં હતાં...!

''માંહે પડ્યા તે મહાસુખ મ્હાણે''....!!!

નર્મદામૈયાનાં રૌદ્ર તેમ જ સૌમ્ય રૂપનો અનેરો અનુભવ મ્હાણ્યો!!!ખરેખર યાદગાર!!! અમે નર્મદા મૈયાને કિનારેથી ભેગા કરેલા નર્મદેશ્વરે ગોળાકાર શિવલિંગ હોડીમાં વજન ભલે વધાર્યું, પણ તેને લીધે જ બચી ગયાનો અહેસાસ બીજે દિવસે થયો, જ્યારે સમાચારમાં વાંચ્યું કે ગઈકાલે ઓમકારેશ્વરમાં આઠ જણ સાથે હોડી ઊંધી વળી ગઈ, કોઈ જ ન બચ્યું!!!

ત્વદીય પાદ પન્કજમ નમામિ દેવી નર્મદે

**– સૌરભ વોરા**

# ‘‘શાખ’’



**ઋતંભરા છાયા**

ઉમંગ આજે ઑફિસથી વહેલો ઘેર આવી ગયો. ફ્લૅટની ડોરબેલ લાંબી વગાડી, જાણે ઝટ દરવાજો ખૂલે અને ઘરમાં પેસી જાઉ! ઉન્નતિએ અત્યારે કોણ આમ બેલ મારતું હશે? એમ વિચારતાં દરવાજો ખોલ્યો, ત્યાં તો સામે ઉમંગને જોયો.

અરે! ઉમંગ તું? આટલો વહેલો? તબિયત બરાબરને? પત્નીસહજ પ્રશ્નોત્તરી ચાલુ થઈ ગઇ.

અરે બધું બરાબર. આજે થોડો ફ્રી હતો એટલે વહેલો આવ્યો. તું મને કડક, મીઠી ચા પિવરાવી દે. પપ્પા માટે બનાવતી એવી જ હોં. ‘‘ઓક્કે, પણ તને તો બહુ મીઠી ચા ભાવતી નથી અને આજે... ઉન્નતિએ પૂછી જ લીધું. તું ચા આપ પછી બધી વાત કરું. આજે પપ્પા બહુ યાદ આવ્યા છે.

ઉમંગ, સુધાકરભાઈ અને અમીબેનનો એકનોએક હોનહાર, હોશિયાર દીકરો. સુધાકરભાઈ કસ્ટમ ઑફિસમાં કલેક્ટર હતા. ઑફિસમાં શિસ્તપાલન અને નીતિનિયમના ચુસ્ત આગ્રહી. ઘરમાં એકદમ મોજીલા અને ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા રાખતા. રોજ પતિપત્ની એક કલાક તો પૂજાપાઠ કરે જ. નાનો હતો ત્યારે ઉમંગને પણ બેસાડે. ઉમંગને રસ ઓછો પણ પરાણે પૂજા જોયા કરે. જેમ જેમ મોટો થયો અને યુવાનીની રંગીન દુનિયામાં પ્રવેશ કર્યો પછી પૂજામાં બેસવાનું બંધ થયું. એને બદલે હવે પપ્પા સાથે ચર્ચા કરતો, ‘‘શું પપ્પા,તમે આટલો બધો સમય પૂજામાં કાઢો છો? જે દેખાતા નથી એ ભગવાન કેટલું આપણું સાચવશે?’’ જો બેટા, આપણે એને નથી જોઈ શકતા, પણ એ તો બધાનું બધું જ જોઈ શકે છે. આપણે તો ઘડી બે ઘડી સત્સંગ કરી હાજરી પુરાવવાની છે. એને યાદ કરાવવાનું કે મારા કસોટીકાળમાં મારી સાથે રહેજે. ઉમંગ અકળાઈને કહેતો, પપ્પા, મને તો તમારી આ ફિલોસોફી સમજાતી નથી.’’ બેટા, કાંઈ નહિ.એટલું યાદ રાખજે કે પા ઘડીનો સત્સંગ તારી પાઘડી જરૂરથી બચાવશે.’’ સુધાકરભાઈને પોતાની પોસ્ટ પ્રમાણે ઘણાં જોખમોનો સામનો કરવો પડતો. દાણચોરીનું સોનું, દારૂ, પૈસા વગેરેને સરકારમાં જમા કરાવવામાં પણ, હિંમતની જરૂર રહેતી. એટલે જ માનસિક સબળ રહેવા અચૂક પ્રભુભક્તિ કરતા. અમીબેન સમજતાં હતાં કે આ બે પેઢીનો વિચારભેદ છે. અનુભવે ઉમંગને બધું સમજાશે એટલે તે મૌન જ રહેતા.

ઉમંગ માટે પપ્પાની વાતની ગહનતા સમજવી અઘરી હતી. સમયનું ચક્ર ફરતું હતું. ઉમંગ અનુસ્નાતકની ડિગ્રી લઈ એક ઑઈલ અને ગૅસની કંપનીમાં ઍકાઉન્ટન્ટ તરીકે જોડાઈ ગયો.

સુંદર, સુશીલ અને સંસ્કારી એવી ઉન્નતિ સાથે લગ્ન થયાં. ઉન્નતિ ઘર સંભાળતી અને પ્રાઇવેટ ટ્યુશન પણ કરતી હતી. આમ ઉમંગના સંસારમાં બધું જ ગોઠવાઈ ગયું હતું, પણ મમ્મી, પપ્પાની અણધારી વિદાય વસમી હતી. અવારનવાર એમની વાતો, સલાહ યાદ કરતો. ઉન્નતિ થોડી સ્વભાવે ધાર્મિક હતી એટલે સસરાની પૂજા ચાલુ રહી. ઉમંગ પાસે હવે વિરોધ કરવાનો સમય ન હતો. ઑફિસમાં તેની પોસ્ટ ખૂબ જવાબદારીવાળી હતી. ઉમંગ આજે આમ જ ભૂતકાળમાં ભમરાતો હતો, ત્યાં જ ઉન્નતિ ચા લઈને આવી. શું થયું છે ઉમંગ, તું થોડો અપસેટ લાગે છે અને આમ આ પપ્પાનો ફોટો સામે કેમ રાખ્યો છે? વાત તો કર. ઉન્નતિ ઉતાવળી થઈ.

ઉમંગ બોલ્યો, તું બેસ, હું તને માંડીને વાત કરું. તને તો ખબર છે ને કે ઑફિસમાં મારું કામ બહુ જવાબદારીવાળું છે. કંપની માટે લેવાતી તમામ ખરીદીનાં બિલોની ચુકવણી કરવી. ખરીદીઓ પહેલાં કંપનીમાં મગાવેલાં ક્વોટેશન ચેક કરી યોગ્ય પાર્ટીને ઑર્ડર આપવો વગેરે જવાબદારીઓમાં હું ખૂંપેલો રહેતો. હિસાબમાં હું એકદમ પાક્કો જ. કંપની તરફથી એક, બે વાર એપ્રિશીયેશન લેટર પણ મળ્યા છે એ તો તને પણ ખબર છે, પણ ગઈકાલે કંઇક અણધાર્યું અને આઘાતજનક બની ગયું. હું આખા મહિનાનાં બિલોનો હિસાબ મેળવતો હતો ત્યારે હિસાબ કેમે બેસતો નહોતો. તાળો મળે નહિ. આટલો ચોક્કસ હું, ગઈકાલે ઉન્નતિ અટવાઈ ગયો. પરસેવે રેબઝેબ માથું પકડીને બેસી ગયો. કહી પણ ન શકાય અને સહી પણ ન શકાય. ત્યારે તો બધી ફાઈલો બંધ કરી ઘેર આવી ગયો. રોજનાં હજાર બિલ કોઈક વાર પાસ કરાતાં હોય એમાંથી ભૂલ પકડવાની હતી. રાતની ઊંઘ તો હરામ થઈ ગઈ, પણ કઈ જગ્યાએ ચૂક હશે તેનો ચોક્કસ ખ્યાલ આવવા લાગ્યો. આજે સવારે અનાયાસે પપ્પાના શબ્દો યાદ આવ્યા અને મંદિરમાં માથું ટેકવી કંઈક વિશ્વાસ સાથે ઑફિસ વહેલો પહોંચી ગયો. જૂનાં બિલો અને ઑર્ડર મૂકેલા કાગળો તપાસ્યા. પહેલી નજરમાં તો કાંઈ ગરબડ નજરમાં ન આવી, પણ બીજી વારમાં પકડાયું. સાઇઠ નંગ સ્પેર પાર્ટસ મગાવ્યા હતા, તેમાં બિલ છસ્સોનું મુકાયું હતું! એક શૂન્યની છેડછાડે બિલ ઘણું મોટું થઈ ગયું. યોગ્ય સમયે ભૂલ ન પકડાત તો મારી આબરૂ શું રહેત? ઉન્નતિ, તે દિવસ જ મારો ભારે હતો. બીજી એક પાર્ટીને ભૂલથી બે વાર પેમેન્ટ થઈ ગયું હતું. અલબત્ત એ ભૂલ મારી નહોતી. ફાઈનાન્સના માણસથી થઈ હતી, પણ મારી ટકોર ન જાય તો મારી પણ ભૂલ જ ગણાયને?'' ઓહો! એટલે તું આટલો વ્યગ્ર દેખાય છે, પણ હવે તો બધું ક્લિયર થઇ ગયુંને! ઈશ્વર બધું જોવે છે. ઉન્નતિએ આશ્વાસન આપ્યું. મારી પાઘડી અટલ રહી એટલે જ ફ્રેમમાં મઢાયેલ પપ્પાનો ફોટો લઈને એમની વાતોને વધાવું છું હવેથી પા ઘડીનો સત્સંગ ચાલુ. ઉમંગ હરખભેર બોલ્યો.

ઉન્નતિના ટ્યુશન ક્લાસમાં કાવ્યપઠન એક વિદ્યાર્થી કરતો હતો તે ઉમંગના કાને પડ્યું ઊમટી રહ્યો છે આજ અંતરે ભાવભર્યા સ્પંદન કરી રહ્યું છે રોમરોમ ઈશ્વર તને સાષ્ટાંગ વંદન.''

**– ઋત્તંભરા છાયા**

# સાક્ષાત્કાર



કલ્યાણી હાથી

'ઈશ્વરીય સાક્ષાત્કાર' ઘોર કળયુગમાં જોવા જઈએ તો અસંભવ છે. પરંતુ સાંકેતિક રીતે મનુષ્યને સંકેત અને દોરવણી જરૂર આપે છે, જે આપણે નકારી ના જ શકીએ. ઈશ્વરનું અસ્તિત્વ નથી! એમ કહેવું કે માનવું ખોટું જ છે, કારણકે એના અસ્તિત્વ વગર આપણું પણ અસ્તિત્વ નથી! રહી વાત સાક્ષાત્કારની તો એ અનુભવે જ સિદ્ધિ પ્રાપ્ત થાય.

આજે, મને એક ગહન મુલાકાતથી આશીર્વાદ મળ્યા, જેણે ભૌતિક વિશ્વની સીમાઓ ઓળંગી અને મારા આત્માના ઊંડાણોનો સ્પર્શ કરાવ્યો. મારા હૃદયના શાંત અભયારણ્યમાં, મેં મારી જાતને પરમાત્માની હાજરીમાં ઢાંકી દીધી અને તે પવિત્ર સંવાદમાં, મેં પ્રેમ, શાંતિ અને સમજણનું એવું ઝરણું શોધી કાઢ્યું જે મેં પહેલાં ક્યારેય અનુભવ્યું ન હતું.

જેમ જેમ મેં આ અંગત મુલાકાતનો ઊંડાણપૂર્વક વિચાર કર્યો, ત્યારે મને સમજાયું કે આવા આધ્યાત્મિક અનુભવોની સુંદરતા ફક્ત તેમની ક્ષણિક ક્ષણોમાં જ નથી, પરંતુ તે આપણા જીવન પર કાયમી અસર કરે છે. મારા માટે, પરમાત્મા સાથેની આ મુલાકાત એ અસીમ કૃપા અને કરુણાની યાદ અપાવે છે, જે મૂર્ત ક્ષેત્રની બહાર અસ્તિત્વ ધરાવે છે. તે એક ઉત્કૃષ્ટ અનુભવ હતો જેણે મારા વિશ્વાસને પુનર્જીવિત કર્યો અને મારા કરતાં વધુ કંઈક સાથે મારા જોડાણને ગાઢ બનાવ્યો.

પરમાત્માની હાજરીમાં, મને એ જાણીને દિલાસો મળ્યો કે હું બિનશરતી પ્રેમ માટે સ્વીકાર્ય છું. એવું લાગતું હતું કે મારા હૃદય પરના બધો ભાર દૂર કરવામાં આવ્યો હતો અને હું શાંતિની ભાવનાથી આલિંગન પામી હતી જે બધી સમજણથી ઉપર હતી. તે ક્ષણમાં, મને સંબંધ અને ઉદ્દેશ્યની ગહન ભાવના અનુભવાઈ અને એક

આશ્વાસન મળ્યું કે આગળ ગમે તેટલા પડકારો હોય, હું ક્યારેય એકલી તો નહીં ચાલુ.

જેમ જેમ હું આ દૈવી મુલાકાતના તેજમાં છવાઈ ગઈ તેમ, હું કૃતજ્ઞતાની જબરજસ્ત ભાવનાથી ભરાઈ ગઈ. મને સમજાયું કે આવા પરિવર્તનશીલ અનુભવની ભેટ માત્ર મારા પોતાના લાભ માટે જ નથી, પરંતુ તે અન્ય લોકો સાથે પણ વહેંચવાની છે, જેઓ આશ્વાસન અને આધ્યાત્મિક પોષણની શોધ કરી રહ્યા છે. તે મારા માટે સ્પષ્ટ થઈ ગયું કે આ એન્કાઉન્ટરની શક્તિ ફક્ત મારા જીવન પર તેની અસરમાં જ નથી, પરંતુ તે મારી આસપાસના લોકોના જીવનમાં પણ અસર કરી શકે છે.

મારા સ્વર્ગસ્થ દાદા શિવઉપાસક અને શિવભક્ત. શિવરાત્રીના દિવસે કટિબંધ લઘુરુદ્ર કરે અને શિવની ઉપાસના કરે, સાથે અમને પણ પ્રથમ પહોરમાં ૪ વાગે ઉઠાડી અને બીલીપત્ર, ભસ્મ વગેરે શિવલિંગ ઉપર ચઢાવવા આગ્રહ રાખે અને પ્રસાદી રૂપે ભાંગ તો હોય જ! અમારે કોઈને ત્યાં ભાઈ ના હતા અને એ વાત મારા પૂજ્ય દાદાને માટે અણગમતી હતી અને એ કાયમ કહેતા કે કુટુંબમાં વારસ તો હોવો જ જોઈએ! જોગાનુજોગ થયું પણ એવું કે અમે ઉજ્જૈન ગયા અને ત્યાં વિક્રમ વૈતાલની વાર્તાવાળું સિદ્ધ થયેલું વડનું ઝાડ હતું, એનાં ઘણાં પાન નીચે ખરી ગયાં હતાં, બસ મારા દાદાને અંતઃસ્ફુરણા થઈ અને એ બધાં પાન અમને વીણી લેવાનું કહ્યું અને અમે એ પાન વીણી અને લઈને ઘરે આવ્યા. ત્યાર બાદ મારા દાદાએ બધાં પાનને સરખાં ધોયાં અને પૂજામાં દરેક પાનને પ્લાસ્ટિકની થેલીમાં મૂકી અને રોજ એના પર લઘુરુદ્ર કરવા માંડ્યા અને શિવરાત્રી ને દિવસે બધાને એક એક પાન પૂર્ણ શ્રદ્ધાથી આપીને કહ્યું કે જાવ એક વર્ષમાં બધાને ત્યાં દીકરાનો જન્મ થશે અને થયું પણ એવું જ, મારા ફઈને ત્યાં દીકરો આવ્યો પછી ૨ મહિના બાદ મારે ત્યાં ભાઈ અવતર્યો, મારા કાકાને ત્યાં પણ ૮ મહિના પછી દીકરો આવ્યો. ટૂંકમાં બધાંને ત્યાં વારસદાર આવી ગયો. મારા બાબા બૅન્કમાં હતા અને અમારી બદલી વેરાવળ થઈ ત્યાં ગુલશન ટૉકિઝના માલિકના સાળાને ત્યાં ૧૪ વર્ષથી કોઈ સંતાન ન હતું અને સંતાન માટે એ ઝંખતા હતા. મારા બાબાએ સૂચન કર્યું કે મારા ફાધર પાસે ઉપાય છે તમે વડોદરા જાવ અને એ મારા દાદા પાસે આવ્યા અને એમની પાસે છેલ્લું સિદ્ધવડનું પાન હતું એ એમને આપીને કહ્યું કે તમને એક વર્ષમાં ઘરે બાળકોની કિલકારીઓ સંભળાશે અને એમને ત્યાં બરાબર એક વર્ષે બેલડાં બાળકો એક દીકરો અને દીકરીનો જન્મ થયો. બસ આ ઈશ્વરીય અનુભવ.

મારે એક જ દીકરી. વહાલી પણ એટલી અને વાચાળ પણ એટલી. ભણવામાં અવ્વલ, પણ નાનપણથી જ બીમારીનો શિકાર. જન્માક્ષરમાં દીર્ઘ આયુષ્ય પણ ૭ વર્ષની નાની વયે ભગવાન શરણે જતી રહી. મને એનું દુખ નથી, પણ કર્મની ગતિ ન્યારી. આગલે જ દિવસે અમારા ગોરમહારાજે બપોરે ૨ વાગે સંકલ્પ કરાવ્યો અને કહ્યું કે ૨૪ જ કલાકમાં તમને રીઝલ્ટ મળી જશે. ના જાણ્યું જાનકી નાથે ક્યારે શું

થવાનું છે? એમ જ બીજે દિવસે સવારે મારી દીકરીએ મને કહ્યું કે તું આજે સ્કૂલે ના જતી, મને નવાઈ લાગી અને હું એનું કહ્યું માની અને ના ગઈ. તેને છાતી સરસી ચાંપીને બેઠી હતી અને મારા બાબા કૉમ્પ્યુટર પર કામ કરતા હતા ત્યાં બીજી ભવિષ્યવાણી કરી કે આજે રસોઈ ના કરતા અને કોઈએ જમવાનું નથી કોઈ જમી નહિ શકો. બસ અને ૨.૩૦ વાગે એણે છેલ્લા શ્વાસ લીધા અને કુદરતને ખોળે જતી રહી. એટલે ત્યારથી જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે એ નક્કી થઈ ગયું.

આ ગહન અનુભવને પગલે, મારી જાતને મારી શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના ઊંડાણપૂર્વક સંશોધન તરફ દોર્યું. મેં પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કર્યો, હું ક્યારેય જાણતી ન હતી તેવા ઉત્સાહથી પ્રાર્થના મનોમન કરી અને મારા પોતાના હૃદયની શાંત શાણપણની શોધ કરી. મને સમજાયું કે જ્યારે પરમાત્મા સાથેની મુલાકાતે ગહન સાક્ષાત્કારનો દરવાજો ખોલ્યો હતો, ત્યારે આધ્યાત્મિક વિકાસની યાત્રા એક સતત ચાલતી, નિરંતર પ્રગટ થતી પ્રક્રિયા હતી. આ પવિત્ર મુલાકાતે મારા આત્મા પર અમીટ છાપ છોડી દીધી છે અને હું મારી જાતને હંમેશ માટે રૂપાંતરિત માનું છું. આ અનુભવે મારી અંદર સત્ય શોધવાની, પ્રેમ અને કરુણાની ભાવના કેળવવાની અને સંવાદિતા અને એકતાના દૈવી સિદ્ધાંતો સાથે સંરેખિત રહીને જીવવાની તીવ્ર ઇચ્છા પ્રગટાવી છે. તે એક માર્ગદર્શક પ્રકાશ બની ગયો છે, જે મારા માર્ગને પ્રકાશિત કરે છે અને ઉદ્દેશ્ય અને ઉદ્દેશ્યની ભાવના સાથે હું લઉં છું તે દરેક પગલાને પ્રેરણા આપે છે. જ્યારે હું આ પરિવર્તનશીલ એન્કાઉન્ટર પર વિચાર કરું છું, ત્યારે મને રૂમીના શબ્દો યાદ આવે છે, જેમણે લખ્યું હતું,

''સવારનો પવન તમને કહેવા માટે રહસ્યો ધરાવે છે. ઊંઘમાં પાછા જશો નહીં.'' પરમાત્મા સાથેના આ આધ્યાત્મિક અનુભવે મને પ્રસન્નતાની નિંદ્રામાંથી જાગૃત કરી છે અને મને ઊંડી સમજ, શાણપણ અને જોડાણના જીવનને સ્વીકારવા આમંત્રણ આપ્યું છે. તેણે મારા અસ્તિત્વના ઊંડાણમાં સત્યોને ફૂંફાડા માર્યા છે અને હું સંપૂર્ણ રીતે હાજર રહેવા માટે પ્રતિબદ્ધ છું અને મારી આસપાસના માર્ગદર્શનને અનુરૂપ છું.

નિષ્કર્ષમાં, પરમાત્મા સાથેની આ મુલાકાત મારા જીવનમાં ગહન પ્રેરણા અને પરિવર્તનનો સ્રોત છે. તેણે મારા માર્ગને પ્રકાશિત કર્યો છે, મારા વિશ્વાસને પ્રોત્સાહન આપ્યું છે અને સાર્વત્રિક શક્તિઓ સાથે મારા જોડાણને વધુ ગાઢ બનાવ્યું છે જે આપણને બધાને એકસાથે બાંધે છે. આ અનુભવ દ્વારા મેં શાંતિ, ઉદ્દેશ્ય અને પરસ્પર જોડાણની કાયમી ભાવના શોધી કાઢી છે જે મને મારી મુસાફરીમાં માર્ગદર્શન આપવાનું ચાલુ રાખશે. આપણે બધા આવા પરિવર્તનકારી મેળાપથી આશીર્વાદ મેળવીએ અને આપણું હૃદય ભૌતિક વિશ્વના પડદાની બહાર રહેલી અનંત શક્યતાઓ માટે કાયમ માટે ખુલ્લું રહે.

**– કલ્યાણી હાથી**

# ઈશ્વરની હસ્તિ



-શીતલ દેસાઈ

અને ત્યારથી હું ઈશ્વરની હસ્તિમાં માનવા લાગ્યો છું.' સંવિતે કહ્યું.

'તમે તો નાસ્તિક હતાં ને?'

ચર્ચા આગળ ચાલી.

'તમે માનો કે ન માનો ક્યાંક કોઈ એક અકળ સત્તાની આણ પ્રવર્તે છે. અગર તમારા પ્રારબ્ધમાં સુખ કે દુખ લખાયું છે તે તમને મળીને જ રહેશે. ત્યાં કોઈ સમજણ, હોશિયારી કે ચાલાકી કામ લગતી નથી. અગર કામ લાગે તો તે એક જ વસ્તુ - અને તે તમારી પરમ શક્તિ પ્રત્યેની શ્રદ્ધા. ..'

સહુના શંકાશીલ ચહેરા સામે નજર ફેરવી સંવિત્તે કહ્યુંઃ 'મારી પાસે તેનો ઠોસ પુરાવો છે. હું આમ કહી શકું છું કારણકે મારી ખુદ સાથે કંઈક એવી ઘટના બની ચૂકી છે. તમને યાદ છે ત્રણેક વર્ષ પહેલાં અમારો એક પ્રોજેક્ટ, દેશના અંતરિયાળ ગામડામાં કમ્યુનિકેશન પૂરા પાડવાનો, ચાલી રહ્યો હતો? અને તે અંતર્ગત મારી ટીમ અને હું કેટલાક પ્રદેશનાં વિવિધ ગામડાંમાં જઈને કામ પૂરું ન થાય ત્યાં સુધી ત્યાં ધામા નાખી પડી રહેતા. જે જગ્યા પર જે કઈ ખાવા-પીવાનું મળે તે જેવુ-તેવું ચલાવી લઈને ઘરથી લાંબો સમય સુધી દૂર રહી સતત કામ કરવું પડતું. આ સ્થળે પણ ત્યાં કામ કરવા આવતા કર્મચારીઓ માટે બે-ચાર હોટલ અને છૂટક કામ કરી ખાતી ગરીબ વસ્તી સિવાય કંઈ ન હતું અને હા, ત્રાસવાદી પ્રવૃત્તિ કરતાં લોકોનું એક જૂથ પણ હતું, જે દેખાતું ન હતું, પણ દર થોડા સમયે ચોરી, લૂંટફાટ અને અપહરણ દ્વારા પોતાની હાજરી પુરાવતું હતું. તેમને નાથવાની કોઈ સત્તાની તાકાત ન હતી.

વાત એમ બની કે તે દિવસે હજી તો બપોર થયા ન હતા અને આખા ગામમાં વાત ફેલાઈ ગઈ- મુંબઈની મોટી કંપનીના મુખ્ય

એન્જિનિયરનું સાઇટ પરથી ખુલ્લેઆમ અપહરણ થયું. આ વસ્તીમાં અપહરણની નવાઈ ન હતી અને ખુલ્લેઆમ થાય એ પણ નવું ન હતું. એ પ્રદેશના રહીશ ન હોય તે લોકો વિશેષ શિકાર બનતા. સંવિતને ઉપાડી ગયા અને કંપનીને તરત જ એક સંગઠનનાં સહી-સિક્કાવાળો વ્યવસ્થિત પત્ર મળ્યો કે તેમના પ્રોજેક્ટની મુખ્ય વ્યક્તિ અમારા કબ્જામાં છે અને તેને છોડાવવા માટે લાખો રૂપિયાની માંગણી કરવામાં આવી!

સમાચાર સાંભળતાં હોટેલ માલિકને ફાળ પડી. આ આખી ટીમ છેલ્લા થોડા સમયથી પોતાની હોટલમાં રહેતી હતી. ભાડાના પૈસા તો સારા મળતા જ, પણ એ ઉપરાંત ગ્રાહક તરીકે બહુ નિરુપદ્રવી માણસો હતા. આ બધાએ ક્યાંકથી આદુ લઈ આવી તેને આદુવાળી ચા બનાવતાં શીખવ્યું. મુખ્ય ઇજનેર થાકીને સાઇટ પરથી આવેલી ટીમ માટે ચા બનાવડાવે ત્યારે આ સાવ અંતરિયાળ ગામમાં થાકીને આવ્યા પછી સારી ચા પીને ટીમનો થાક અને ઘર-ઝુરાપો તો ઓછો થતો સાથે એ કંગાળ જગ્યાએ ટીપ મળતાં માલિક પણ રાજી રહેતો. હોટલ માલિકને ચિંતા થવા માંડી, પણ તેના આશ્ચર્ય વચ્ચે સાંજ પડ્યે આખી ટીમ હોટેલ પર પરત આવી- મુખ્ય ઇજનેર સંવિતની સાથે.

'અરે સાબ! આપ?'

એ બઘવાઈ ગયો ને ખુશ પણ થયો.

'શું થયું'?

અપહરણની વાતથી અજાણ એ ટીમને પૂરી વાત જાણી આંચકો લાગ્યો.

'પર આપ કૈસે?'

હોટલના માલિકને ગડ બેસતી ન હતી.

ઓહ! ત્યારે વાત એમ હતી કે આ આખી ટીમ જ્યારે સવારે પોતાની સાઇટ પર જવા નીકળી, ત્યારે અન્ય એક કંપનીના લોકો પણ તેને સ્ટેશન પર મળ્યા. કારણ ત્યાંથી ક્યાંય પણ જવું હોય તો સવારની જે એક લોકલ ટ્રેન જતી તેમાં નજીકમાં જ્યાં કામ હોય ત્યાં જે-તે સ્ટેશન પર ઊતરીને સાઈટ પર જઈ શકાય. તે લોકોએ પોતાનું થોડું કામ તે સાઈટ પર પૂરું કરવાનું હોવાથી આજનો દિવસ તેમને આપવા વિનંતી કરી. એટલે મુંબઈની કંપનીએ બીજી સાઇટ પર જવાનું નક્કી કર્યું.

હવે આ તરફ બીજી ટીમ સ્ટેશન પર ઊતરી સાઈટ પર પહોંચી કે તરત જ ચાર બુકાનીધારીઓ આવી ચડ્યા. બધાને બાંધી દીધા અને મુખ્ય ઇજનેરને પકડીને લઈ ગયા. કારણ ત્રાસવાદી સંગઠને મુંબઈની માતબર કંપનીની ટીમ તે સાઇટ પર કામ કરવા જવાની છે તેની માહિતી સ્થાનિક રીતે મેળવી લીધી હતી. તે ભાઈ પણ સંવિતની જેવાં જ પાતળા હતા. સંગઠને કંપનીને ખંડણીનો પત્ર લખી દીધો. બીજા દિવસે સમાચારપત્રોમાં પણ આ વાત આવી ગઈ.

અને પછી કઈ રીતે પાછા આવી શક્યા તે તો અમારું મન જાણે છે...' સંવિત એક ઊંડા શ્વાસ ભરતા બોલ્યા.

'નીકળવું છે અને બને તેટલું જલદી એ નક્કી હતું, પરંતુ અમે નીકળી રહ્યા છીએ એની કોઈને ય ગંધ

ન આવવી જોઈએ તેનું પણ ધ્યાન રાખવું પડે. આ નાના અંતરિયાળ ગામમાં તમે નાક-નકશાથી જ સ્થાનિક રહેવાસી નથી એ કોઈ પણ જાણી જાય અને હવે તો આતંકવાદી જૂથને તેમના વિષે બાતમી મળી જ ચૂકી હતી અને ખોટો માણસ પકડાયો છે તેની જાણ પણ થઈ ચૂકી હતી.'

'રોજ અમે અમારી સાઇટ પર ટ્રેનમાં જ જતાં. સાથે આર પી એફ પણ હોય. આ સ્થળ એવું કે તમે ક્યાંય સલામત ન ગણાવ. તમારી સલામતી જાળવનારા ખુદનેય પોતાની સલામતીની ચિંતા તો હોય ને? ટિકિટ કઢાવો એટલે ક્યાં જાવ છો તે ખબર પડી જાય તો સ્ટેશન માસ્ટર કે પોલીસ કોઈનીય હિંમત નહીં કે આતંકવાદીને રોકી શકે. કેટલીક વાર તો સ્થાનિક વડા તેની સાથે મળેલા હોય તેમ પણ બને અને પાછું તમને એ વાતની ગંધ પણ ન આવે એવું તેનું વર્તન હોય.'

'તો?'

થોડી વાર તો મગજ બહેર મારી ગયું. કંઈ સૂઝે નહીં. ખુદની સાથે અન્ય કર્મચારીની સલામતીનો પણ સવાલ હતો. આંખ સામે અંધારાં અને પેટમાં કુંડાળાં વળવાં માંડ્યાં હતાં. થોડી વાર તો સુમ્મ થઈને બેસી રહ્યા. આખરે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. 'રસ્તો સુઝાડજે.'

બધા સાથે ચર્ચા કરતાં સહુનો સૂર એક જ હતો નોકરી ચાલુ રહે તોપણ ભલે અને ન રહે તોપણ ભલે, પણ અહીંથી તો ભાગો જ.

આખરે શાંતિથી વિચારીને એક પ્લાન બનાવ્યો.

હોટલનો માલિક મદદ કરવા રાજી થયો. આ વાત ગુપ્ત રાખવાની ખાતરી આપી. સવારે ચા પીવા જતાં હોય તેમ સ્લીપર અને નાઈટ ડ્રેસ પહેરી બધા અલગ અલગ સ્ટેશન પહોંચ્યા. હોટેલના છોકરા પાસે પહેલાંથી ટિકિટ મંગાવી લીધી. ચાના સ્ટોલ પાસે બધાં ગપ્પાં મારતાં સ્ટેશને જઈ ઊભા રહ્યા. ટ્રેન આવી. માત્ર જરૂરી સામાન જ સાથે આપી સ્ટેશન મોકલેલ છોકરાને સ્પષ્ટ સૂચના કે તારે શાંતિથી સ્ટેશન પર બીજા સ્ટોલ પાસે ઊભા રહી ખરીદી કરવાનો ડોળ કરવાનો. પહોંચ્યા કે તરતમાં જ ટ્રેન આવી. તે સમયે છોકરો ફર્સ્ટ ક્લાસના ડબ્બા સામે સમાન રાખી આમ તેમ ફરતો હતો. જેવી ટ્રેન ઉપડવાની થઈ કે તેણે બૅગ અંદર ફંગોળી અને ટ્રેને સ્ટેશન છોડવાની વ્હિસલ વાગી કે અમે બધા દોડી, કૂદીને ટ્રેનમાં પ્રવેશ્યા. હ્રદય ધબકારો ચૂકી ગયું હતું. હાથ છાતી પર અને આંખ બંધ થઈ ગઈ. ટ્રેન ચાલતી થઈ ને આંખ ખૂલી. સામે જ એક આર પી એફ ઓફિસર જોયા. નામ વાંચ્યું: આર. એ. દેસાઇ.

'હા...શ' ગુજરાતી છો?'

સાહેબને પણ અહીં વતનથી જોજનો દૂર ગુજરાતીમાં કોઈને બોલતું સાંભળીને ગમ્યું. આસપાસ બરાબર જોઈને કોઈ નથી તેની ખાતરી કરીને તેમને બધી માંડીને વાત કરી.

દેસાઇ સાહેબે હૈયાધારણ આપી કે તમે ગુજરાતી ન હોત તોપણ તમારી જવાબદારી હું લેત જ, પણ હવે તો હું તમને ઘર સુધી પહોંચાડવાની

જવાબદારી લઉં છું.'

'પણ એ આતંકવાદીઓને તમે ભાગી ગયા તે ખબર ન પડી?'

ના, હોટલવાળાને બિલ પે કર્યું હતું, પણ કહ્યું હતું કે અમારો ફોન આવે પછી જ ચેક-આઉટ કરજે. એટલે અમે ત્યાં જ છીએ એમ લાગે. સામાન પણ રહેવા દીધો હતો. તે હિંમતવાળો હતો. અમારી નસીબદારી કે છેલ્લી ઘડીએ કોઈની નજરે ન ચડ્યા..'

'પછી?'

જોકે ત્યારે તો અમારે જિલ્લાના મથકેથી કંપનીની મુંબઈ ઑફિસમાં જ પહોંચવાનું હતું અને ત્રણ કલાકની ટ્રેનની મુસાફરી પછી ઍરપોર્ટ પર આવી ગયા. સદનસીબે મુંબઈની ફ્લાઇટ માટે પણ બહુ રાહ જોવી ન પડી.ઍરપોર્ટ આવી ગયા પછી ધરપત થઈ ગઈ. તેમના વિસ્તારમાંથી બહાર નીકળી ગયા ને! જ્યારે પ્લેને મુંબઈની ધરતી પર ઉતરાણ કર્યું ત્યારે ધરપત થઈ. તોય ઊંડે ઊંડે ક્યાંક તો બીક દટાયેલી હતી. હા, છેક ઘેર પહોંચ્યા પછી જ જીવમાં જીવ આવ્યો.

જાણે ભયંકર આગના ગોળા વચ્ચે રહીને જીવતદાન પામ્યાનો અહેસાસ થયો.

'હા, પણ પેલો બિચારો અડફેટમાં આવી ગયો. એનું શું થયું હશે?'

પછી ખબર પડી કે વાત સ્થાનિક વર્તમાનપત્રોમાં પણ છપાઈ ચૂકી હતી. તે એન્જિનિયરની કંપની નાની હતી, સ્વાભાવિક જ તેણે મોટી રકમ આપવાની ના પાડી. હવે પેલાઓની સ્થિતિ કફોડી થઈ, પણ શું કરે? છોડી તો મુકાય નહીં અને માણસના પૈસા ન મળે તો બાનમાં રાખીનેય શું કરે? એટલે તેણે સમય પસાર થવા દીધો. બાનમાં રખાયેલ એન્જિનિયરના પરિવારની ચિંતાનો તો પાર નહીં. આખરે કોઈક રાજકીય વગ, થોડાઘણા પૈસા એમ બધુ કંઈક વ્યવસ્થા કરીને મહિના પછી તેનો છુટકારો થયો. છતાં જાણે જીવતા પાછા આવ્યા ખરા! નહિતર હું મારી જાતને આખી જિંદગી માફ ન કરી શકત.

પોતાના શિડ્યુલનું કામ છેલ્લી ઘડીએ અન્યની સગવડ સાચવવા મુલતવી રાખવાનું ઈશ્વરે જ સુઝાડયું! છેલ્લી ઘડીએ અન્ય કંપનીએ તે સાઇટ પર જવાની વિનંતી કરવી, એ બાબતનો સ્વીકાર થવો, એ ઇજનેરની કદ-કાઠી પણ સરખી જ હોવી અને આપત્તિમાંથી બચી જવું આ બધુ ઈશ્વરની કૃપા નહીં તો બીજું શું? આપણે ઈશ્વરને ભલે જોયો ન હોય, પણ આવા અનુભવ તે હોવાની પ્રતીતિ કરાવે છે.

'અને ત્યારથી હું ઈશ્વરની હસ્તિમાં માનવા લાગ્યો છું...' સંવિતે ઊંડો શ્વાસ ભરીને દ્રઢતાથી કહ્યું.

આ વાર્તા નથી, સત્ય ઘટના છે. સંવિતની કથની અમારા આપ્તજનની આપવીતી છે!

**- શીતલ દેસાઈ**

# ''ચકડોળ''



**અમી યાજ્ઞિક**

તમે જો કોઈ વૃદ્ધ વ્યક્તિને નજીકથી જુઓ તો મારી વાત સાથે સો ટકા સહમત થશો કે બાળક અને વૃદ્ધ માણસમાં બહુ ફેર નથી હોતો. હું તો તમને ત્યાં સુધી કહું કે વૃદ્ધાવસ્થામાં ફરી બાળપણ આવે છે. એ જ રમતિયાળ સ્વભાવ, એ જ બોખું સ્મિત અને એ જ જિદ્દીપણું જીવંત થાય છે.

હું પણ જીવનના આ તબક્કામાંથી પસાર થઈ રહી છું. બાળપણની વાતો બહુ યાદ આવે છે. કેટલી જિદ્દી હતી? બાળમેળાનું પેલું ચગડોળ કેમે કર્યું ભુલાતું નથી. એ ચગડોળ પહેલાં ધીમે ધીમે ઉપર જતું અને પછી સડસડાટ નીચે આવતું. મારા જીવનમાં પણ એવું જ થયું. સાવ સીધી સાદી હું, પણ ખબર ના પડી કે હું ધીમે ધીમે ઉપરને ઉપર જઈ રહી છું અને ટોચ ઉપર પહોંચી ગઈ. સાધારણ શિક્ષક બની. ૭૫ રૂપિયા પગારથી નોકરી શરૂ કરી. મારે તો શિક્ષક બનવું જ નહોતું. મારો પુત્ર ખૂબ તોફાની હતો તેથી તેની જ શાળામાં આચાર્યના કહેવાથી શિક્ષક બની. આ એક ઈશ્વરીય સંકેત જ હતો ને? બાળકો સાથે બાળક બની રમવાનું અને એમને ભણાવવાનું ગમવા માંડ્યું.

કક્ષામાં જઉં તો બાળકો મને વિંટળાઈ વળતાં. મને ખૂબ ગમતું. હું કોઈ દિવસ ચોપડીમાંથી ન ભણાવતી. મારે જે મુદ્દો સમજાવવો હોય તેને લગતી વાર્તા અથવા પ્રયોગ કરી સમજાવતી અને આમ પાઠ સમજાવતી. આમ ક્યારે મને શિક્ષકની નોકરી ગમી ગઈ તે ખબર ના પડી. મારો આનંદી સ્વભાવ બધાને ખૂબ ગમતો. ૭૦ વર્ષની વયે નિવૃત્તિ લીધી અને મન સાથે નક્કી કર્યું કે હવે હું મારી જિંદગી મારી શરતો મુજબ જીવીશ. ખૂબ વાંચન કરીશ. ઘરના સભ્યો માટે સરસ રસોઈ બનાવીશ. હરીશ-ફરીશ અને મઝા કરીશ. ફરી પાછો ઈશ્વરીય સંકેત થયો. એક દિવસ રાત્રે સૂતી, પણ સવારે ઊઠી જ ના શકી. ડૉક્ટરનું નિદાન હતું ---- લકવો. આમ ચગડોળમાંથી સડસડાટ નીચે ઊતરી ગઈ. મારી જિંદગીમાં એક અલ્પવિરામ આવ્યું. હવે તો હું છું અને મારી વ્હીલ ચેર છે અને વિચારોનું ચગડોળ રાત-દિવસ ફરે છે.

**– અમી યાજ્ઞિક**

# ઈશ્વર પોતાની હાજરીના પુરાવા આપતો રહે છે



**ધ્વનિ ધોળકિયા**

એક વાક્ય જે આપણે નાનપણથી સાંભળતા આવ્યા છીએ કે, ''ઈશ્વરની ઇચ્છા વગર એક પાંદડું પણ હલતું નથી, પણ જે પાંદડાંના હલવાની વાત છે એ ઈશ્વરની ઇચ્છા વગર એ પાન ઊગતું પણ નથી.

ઈશ્વર જેના માટે કહેવાય છે કે હરિ તારાં નામ છે હજાર, ક્યા નામે લખવી કંકોત્રી.. એમ જ આપણા સમગ્ર જીવન દરમિયાન ઈશ્વરે અનેક રૂપે આપણી સહાય કરી હોય છે મુશ્કેલીના સમયમાં કરેલી પ્રાર્થનાથી જે બળ અને આશા મળે છે એને શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. કોઈ એવા પ્રસંગો કે ઘટનાઓ પણ બનતી હોય જ્યારે ઈશ્વરના ન હોવાની અનુભૂતિ પણ થતી હોય છે. ઈશ્વર છે એ સર્વવિદિત છે. આપણે એને જોઈ નથી શકતા, પણ ફક્ત અનુભવી શકીએ છીએ. સૂર્યોદયના તડકામાં, પંખીઓના કલરવમાં, હવાની લહેરખીમાં, વરસાદના પહેલા ટીપાથી આવતી માટીની મહેકમાં..

ઈશ્વરનો સાથ એ સંકટ સમયની સાંકળ નથી, પણ એ તો કોઈ પણ જાતના સ્વાર્થ વગર ઈશ્વર અને ભક્ત વચ્ચે રહેલી પ્રેમની દોરી છે. જ્યારે ઈશ્વરની જરૂર પડે ત્યારે ભક્ત કવિ નરસિંહ મહેતાએ આ દોરી ખેંચી ને કૃષ્ણ કનૈયાએ ખેંચાઈને હાજર થવું પડ્યું હતું.

બાકી ઈશ્વરની કૃપા તો એવી છે કે વરસાદ વરસતો હોય અને તમે વાસણ લઈને ઊભા રહો તો જ એ પાત્ર ભરાય, એમ જ કોઈ પણ કાર્યમાં ઈશ્વર પર આસ્થા અને અથાગ મહેનત જરૂર સફળતા અપાવે છે. કુદરત એના નિયમોથી કામ કરે છે ભલે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળયુગ હોય.. કર્મનાં ફળ તો દરેકે ભોગવવાં જ પડે છે. ભલે એ કર્મો સારાં હોય કે ખરાબ. ઈશ્વર સમયે સમયે પોતાની હાજરીના પુરાવા આપતો જ રહે છે.

''ઈશ્વર'' પૃથ્વીના કણ-કણમાં છે એવા મારા મંતવ્ય સાથે આ લખાણને ભગવદગીતાના અધ્યાય -૧૦ (વિભૂતિયોગ)ના શ્લોક આઠ સાથે વિરામ આપું છું.....

**|| અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વ પ્રવર્તતે,**
**ઈતિ મત્વા ભજન્તે માં બુધા**
**ભાવસમન્વિતાઃ ||**

હું સમગ્ર જગતની ઉત્પત્તિનું કારણ, મારાથી જ જગતનાં કાર્યો થાય છે અર્થાત્ એ ગતિશીલ છે જે બુદ્ધિમાન અને સંપૂર્ણ રીતે જાણી લેશે એ સંપૂર્ણ શ્રદ્ધાથી મારી પૂજા કરશે....

**- ધ્વનિ ધોળકિયા**

# હાજરાહજૂર...



**દિનેશ માંકડ**

બાળપણથી જ જ્યારથી થોડી સમજણ આવી ત્યારથી પિતાશ્રીના મુખે વારંવાર સાંભળ્યું છે. ''કલ્યાણેશ્વર હાજરાહજૂર છે.'' - કચ્છ ભુજના પ્રાચીન સ્વયંભૂ શિવલિંગની પ્રાતઃપૂજાની 'કલ્યાણેશ્વર ભક્ત મંડળ'ની પ્રણાલી પિતાશ્રીએ - અમારી ત્રણ પેઢીથી ચાલતી તે જાળવી જ રાખેલી. અમે ભાઈઓ પણ કિશોર વયથી શ્રાવણી સોમવારે સવારે પાંચ વાગ્યે તેમાં જોડાઈ જતા.

જાણીતી પ્રબળ માન્યતા છે કે ઈશ્વર નામ, ડૉક્ટર અને ગુરુમાં જેટલી શ્રદ્ધા વધારે તેનાં તેવાં મજબૂત ફળ. એમાંય આપણે સહુ તો નરસિંહના સંતાન છીએ. એટલે કોઈ નાગર ઘર એવું ન જ હોઈ શકે જેમાં ઈશ્વરીય અનુસંધાનની અનુભૂતિ ન હોય.

પિતાશ્રીની નિવૃત્તિ પછી, બંને ભાઈઓ માધ્યમિકમાં મોટા ભાઈને ઘેર રહી ભણતા હતા. મકાનમાલિકના પુત્રને ક્યારેક ગાંડપણ ઊપડે. એકવાર રાત્રે ભાઈભાભી કોઈને મળવા ગયેલાં. ગાંડા પાડોશી પુત્રએ અમારા ઘરને બહારથી બંધ કરી દીધું. ડેલીને અંદરથી બંધ કરીને પોતાના માતુશ્રીને ફરી ન ખોલવાની ઊંચા અવાજે ધમકી આપીને બેસી રહ્યો. અમે અવાક બની ગયા. કોઈ ટેલિફોન કે મોબાઈલ તો તે સમયે હતા જ નહિ. દીવો પ્રગટાવી નામ સ્મરણ કરવા લાગી ગયા. પેલો ગાંડિયો મોડે સુધી બબડતો રહ્યો. લાંબી ઊંઘમાં લપેટ્યો. ખૂબ મોડી રાતે એની માતાએ ખૂબ ધીરેથી ડેલી ખોલી. બહાર ઊભેલાં ભાઈ-ભાભી અંદર આવ્યાં. એટલું જ નહિ, ભાઈ વહેલી સવારે સારું મકાન ભાડે શોધી લાવ્યા. સામાન ફેરવીને એ ઘરને તિલાંજલિ આપી ત્યાં સુધી ઈશ્વરે પેલા બાપડાને એવો તો ઊંઘમાં ઝપેટયો કે ન પૂછો વાત. રખે ને ઊઠીને કૈંક નવું પરાક્રમ કરે!

શરીર સ્વાસ્થ્યની અઘરી કસોટીમાં તો માત્ર ને માત્ર ઈશ્વર જ સાથ આપી શકે. નિષ્ણાત ડૉક્ટરોની બધી જ દવાને રોગ હંફાવતો હતો, પણ ઈશ્વરે એક ખૂબ અનુભવી આયુર્વેદના ડૉક્ટરના અકાલ્પનિક ઉપચાર અને ચમત્કારિક પ્રાકૃતિક ઈલાજનો સંકેત ઈશ્વરે જ આપ્યો.

એવરેસ્ટ ચડવાનો પ્રબળ પુરુષાર્થ તો ખૂબ-ઘણા સાહસિકો કરતા જ હોય. જેમને ઈશ્વરીય સાથ મળે તે શિખર પર પહોંચે. કિશોર વયથી શિક્ષણ, સાહિત્ય વગેરેનો

પાક્કો શોખ. નિષ્ઠા તો વારસામાં મળેલી, પણ ગુજરાતના છેક પશ્ચિમ કિનારે કચ્છના માંડવી, ભુજ માતૃભૂમિ એટલે તેને પૂરાં નમન, પણ ઈશ્વરની ઇચ્છા તો થોડી ઉત્તમ તકો આપવાની હતી. કોણ જાણે કેમ, મૂળ ભુજના પણ ગાંધીનગરના ઉચ્ચ અધિકારીએ મનમાં સંકલ્પ કરેલો કે દીકરી તો ભુજના જાણીતા પરિવારમાં જ આપવી. અનેકને નિમિત્ત બનાવ્યા અને આખરે પરસ્પર પૂરક એવા અમે જોડાયા. અહીં ઈશ્વરની ઉપસ્થિતિ સ્વીકારવી જ પડે ને?

ઘણી વાર તો ઈશ્વરની સાક્ષાત અનુભૂતિ એટલી તો ઉચ્ચ હોય કે જીવનની અકલ્પનીય બાબતો સાકાર થઈને રહે. સહધર્મચારિણીની અમદાવાદ અબદલીપત્ર કેન્દ્ર સરકારની ઉચ્ચ નોકરી ને હું ૫૦૦ કિ.મી. દૂર કચ્છમાં. અમદાવાદમાં તો પૂરતી ગુણવત્તા હોવા છતાં માધ્યમિક શાળામાં ગોઠવવું લગભગ અશક્ય જ ગણાય. પુરુષાર્થ તો પૂરા જ કર્યા, પણ છેલ્લે તો ઈશ્વરે મારા જ સરનામાનો સંયોગ સંકેત કોઈ અમદાવાદના અધિકારીને આપ્યો. એમનું પૈતૃક ઘર મારા માંડવી કચ્છના ઘર નજીક હતું. એમને વગર પરિચયે પણ કેવળ ને કેવળ સરનામાના સથવારે મારી અગ્રતા સમજી હાથમાં લીધી ને હું અમદાવાદમાં મોટી સરકારી ગ્રાન્ટેડ શાળાના આચાર્યના ઉચ્ચ હોદ્દા પર ગોઠવાયો. પુત્ર પુત્રનો અમદાવાદની ઉત્તમ શાળમાં પ્રવેશ પછી ડૉક્ટર ને પછી પોશ વિસ્તારમાં ક્લિનિક અને સાથે સહધર્મચારિણીની નોકરીનું સાતત્ય, બઢતી તો ખરાં જ આખ્ખા પરિવારની ઉજ્જ્વળ કારકિર્દી બની. અહીં સાક્ષાત્કારથી વિશેષ બીજી કઈ અનુભૂતિ હોઈ શકે?

આપણા જ ભક્ત કવિ નરસિંહ મહેતાએ એક ખૂબ ભાવમય પ્રભાતિયાંમાં ઈશ્વર પાસે જ બોલાવ્યું છે, ‘‘સંત ચાલે ત્યાં હું આગળ ચાલુ, સંત સૂવે ત્યારે જાગું.’’ પ્રત્યેક આસ્થાવાન, શ્રદ્ધાળુ જો આ શબ્દોમાં જ શ્રદ્ધા રાખે તો પછી ઈશ્વરની પ્રત્યક્ષ ઉપસ્થિતિ સ્વીકારવાના સંશય કરવાને કોઈ કારણ જ નહિ.

સ્વાધ્યાય વિચારના પ્રણેતા પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી કહે છે, ‘ઈશ્વર આપણને દરરોજ અનેક પ્રેમપત્રો લખે છે, પણ આપણને તે વાંચવાની ટેવ નથી.’ અને આ વાત બિલકુલ સાચી જ છે. સામાન્ય જીવનની રોજબરોજની અનેક કપરી ઘટનાઓ એટલી સરળતાથી હલ થાય કે જેની કલ્પના પણ ન હોય.

હા, ક્યારેક મોટું સંકટ આવે ત્યારે માણસમાત્ર થોડો ડગે, પણ એ કોઈ કર્મપ્રધાન જીવનનો ભાગ જ હોય, જે આવે અને જાય. બાકી રોજ સવારે ઉઠાડે છે એ એની પ્રત્યક્ષ હાજરી નહિ તો શું? વર્તમાન સમયમાં શિક્ષણ વધ્યું સાથે તર્ક વધ્યો પરિણામે બુદ્ધિએ શ્રદ્ધા પર પ્રભુત્વ જમાવવાની કોશિશ કરી છે. એટલે જ થોડી સામાજિક તકલીફો વધી છે, પણ આખરે તો આપણે પોતે જ વેદ વચન અનુસાર ‘‘અહં બ્રહ્માસ્મિ’’ છીએ. ઈશ્વર ક્ષણભર આપણાથી અળગો હોઈ જ ન શકે. એ તો હાજરાહજૂર જ છે. જુઓને સામે જ છે – સાથે જ છે.

# જીપ કેમ ફરી ?



**ડૉ. ભૂષણ જીકાર**

સમય હતો સન ૨૦૦૦ના ચોમાસાનો. એ વખતે ફરજ હતી પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના મામલતદાર તરીકેની. એક દિવસ, સરકારી કામે રાજકોટ સરકારી પ્રેસમાં જવાનું થયું. જુવાન લોહી, નવી જ જીપ અને ડ્રાઇવિંગનો શોખ એટલે સવારમાં એકલો જ નીકળ્યો. કામ પતાવી બપોર બાદ રાણાવાવ જવા રવાના થયો. રસ્તામાં અનરાધાર વરસાદ.

અત્યંત મનમોહક વાતાવરણ વચ્ચે ઉપલેટા આવ્યું અને ગામમાંથી પસાર થવાનું હતું. પાદરમાં જ પાણીનો ધસમસતો પ્રવાહ કહેતો હતો કે ‘કુદરતે બહુ મહેર વરસાવી છે...’

પાણીનો પ્રવાહ એટલો હતો કે એક ચોક્કસ સ્પીડ જો જાળવી ન રખાય તો જીપ હાલકડોલક થાય અને તણાઈ પણ જાય. ગામની ભાગોળ સુધી પહોંચ્યો અને પ્રવાહ વધ્યો અને એને ચીરવા, મારા પગે હતું એટલું જોર એક્સીલેટર ઉપર કાઢ્યું. સામે પાણીએ પણ એમ જ કર્યું. જીપ હારી ગઈ. એ જ સ્પીડમાં જીપ ફંગોળાઈ. ત્યાં પૂલ ઉપર પાણીનું તાંડવ જોવા ઊભેલા લોકો તરફ જીપ ધસી. સામે કાળ આવતો જોઈએ એ લોકોએ મરણપોક સાથે નાસભાગ કરી. મને હવે મારી સામે આછો આછો પાડો દેખાતો હતો અને એની ઉપર એક કાળી આકૃતિ.

‘હે પ્રભુ, હવે જે કર એ તું કર...’ એમ મનોમન પ્રાર્થના કરી. પરિવારના લોકોના ચહેરા વીજળીક ઝડપે માનસપટ ઉપર પસાર થયા... થયું કે, ‘બસ આયખું પૂરું....’ સ્ટિયરિંગ ક્યારે છૂટી ગયું, ખબર જ ન પડી. એવામાં અચાનક જીપ ફરી, પાણીના પ્રવાહને ચીરી અને જે રસ્તે જવાનું હતું એ તરફ ક્ષણ માટે જાણે કે સ્થિર થઈ. ક્ષણાર્ધમાં સ્ટિયરિંગ ઉપર કાબૂ મેળવી લીધો અને મુખ્ય રસ્તા ઉપર હંકારી લીધી. હંકારી શું લીધી? એ તો હંકારાઈ ગઈ હતી, આપમેળે...

કોઈનેય ન માનવામાં આવે એવી, અકલ્પનીય ઘટના છે, પણ અક્ષરશઃ સાચી છે. એટલી સાચી કે આ લખતી વખતે પણ શરીરમાંથી એ જ કંપન પસાર થયું જે એ વખતે થયેલું..

સ્ટિયરિંગ છૂટી ગયું હોવા છતાં જીપ કેમ ફરી? કોણે સીધી કરી? પ્રશ્નો આજેય અનુત્તર છે, આસ્થા કદાચ એનો જવાબ છે...

**– ડૉ. ભૂષણ જીકાર**

## એક અવિસ્મરણીય અનુભૂતિ

# ઈશ્વરની પ્રતીતિ



ચિરંતન પટ્ટણી

આપણે બધા મંદિરમાં ઈશ્વરનાં દર્શન માટે જતાં હોઈએ છીએ... ખરું...ને! પણ માત્ર આ પ્રાણ પ્રતિષ્ઠિત મૂર્તિને પોતપોતાનાં દુઃખડાં ઠાલવી અથવા કોઈ મૂક પ્રાર્થના દ્વારા માગણી કરી આપણે ઘરે પાછા આવતા રહીએ છીએ.

પરંતુ આપણને સર્વને જીવનમાં ઈશ્વર ક્યારે, કેવા સ્વરૂપમાં મળી જાય છે એ ખબર નથી પડતી અને આપણે એ ઈશ્વરને ઓળખી પણ શકતા નથી. એ પણ વળી આપણા પોતાના ભલા માટે કે અન્ય વ્યક્તિ માટે આપણે જે પ્રાર્થના કરતાં હોઈએ છીએ એ કાજે. પરંતુ આવા અનુભવો આપણામાંથી ઘણા બધાને થતા રહેતા હોય છે એ જ દર્શાવે છે અને પુરવાર કરે છે કે ઈશ્વર આ દુનિયામાં છે એટલું જ નહિ, પરંતુ આપણી પ્રાર્થના જરૂર સાંભળે પણ છે.

આપણું હૃદય નિર્મળ, નિઃસ્વાર્થ, નિષ્કપટ હોય છે ત્યારે આવા મનુષ્યોના હૃદયની પ્રાર્થના ઈશ્વર સાંભળે છે. આવા અનુભવો વ્યક્ત કરવાની તક ક્યારેક જ મળતી હોય છે.

મલાડ, મુંબઈમાં એ દિવસોમાં અમારું રહેઠાણ હતું. મારા પપ્પાના અચાનક દેહવિલય પછી મમ્મી અને બે નાની બહેનોની, કુટુંબની જવાબદારી એકમાત્ર પુત્ર હોવાને કારણે મારી જ હતી.

એક દિવસ અચાનક અમારી કંપની બંધ થઈ ગઈ. કંપનીના ગેટ ઉપર મસમોટી નોટિસ લગાવી હતી કે નાણાકીય મુશ્કેલીને કારણે ફૅક્ટરી અને ઑફિસ કાયમ માટે બંધ કરી છે. આમ એ ક્ષણથી હું બેકાર થયો. કુટુંબને આ મોટો આંચકો લાગ્યો. એમાં વળી મમ્મીની મોંઘી દવાઓ પણ ચાલતી હતી. બધા અતિ ચિંતાતુર થયા. એમાં પાછો હું સાથે સાથે ઉચ્ચ અભ્યાસ પણ કરતો હતો એ છોડવાની પરિસ્થિતિ પણ

નિકટ આવતી દેખાઈ.

બીજી નોકરી તરત જ મળવી એ શક્ય ન હતું. હું રોજ રોજ ઈશ્વરને પ્રાર્થના કરતો કે મારી સામે ન જો, પરંતુ આ મારી મા અને કુટુંબ તરફ નજર અને કૃપાદૃષ્ટિ કરજે, વહાલા...!

આમ એકાદ અઠવાડિયું થયું હશે. મારા અથાગ પ્રયત્નો ચાલુ જ હતા. વધુમાં જાણીતા સગાંવહાલાઓને મળવા અને વિનંતીઓ કરવા છતાં પણ નોકરી તો હાથ જ ન લાગે. માત્ર બધાનાં રોજ નિષ્ફળ વચનો સાંભળીને નિરાશ અને હતાશ એવો હું એ સમયે એક વૃક્ષ નીચે બેઠો બેઠો ઈશ્વરને સાચા હૃદયથી પ્રાર્થના કરતો હતો. આમ તો રોજ સવારે અલગ અલગ મંદિરોમાં પણ જતો હતો. મારી આંખોમાંથી વહેતા અશ્રુઓને હું છાનામાના લોકોને દેખાય નહિ એમ રૂમાલથી લૂછતો જતો હતો. ત્યાં જ મારી સામે અચાનક એક સાધુ પ્રગટ થયા અને મને પૂછ્યું,

''કયું દુઃખી હૈ ..... બચ્ચા ...?''

મેં અતિ નમ્ર સ્વરમાં જવાબ આપ્યો, ''મારી નોકરી છૂટી ગઈ છે. કંપની બંધ થઈ છે અને ઘર-કુટુંબની આર્થિક જવાબદારી મારી છે. નવી નોકરી મેળવવાના મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ જાય છે, એટલે દુઃખી છું.''

ત્યારે એ સાધુએ મને જણાવ્યું, ''બચ્ચા...! કુછ બડે અચ્છે આનેવાલે સમય કે પહલે બૂરા વક્ત આતા હૈ ... નિરાશ મત હો ... લે... ચલ.. યહ ફલ ખા... લે... (એમણે મને બે કેળાં આપ્યાં) દો દિન સે ભૂખા હૈ...! ઘર જા...! તુજે નઈ નૌકરી ઢૂંઢને સે નહિ મિલેગી. સામનેસે તેરે ઘર પર નોકરી દેને વાલા આકર બુલાયેગા... ઈશ્વર કા હાથ તેરે હાથ સે બડા હૈ.. તેરી પ્રાર્થના ઈશ્વરને સૂન લી હૈ... ઐસા હી ભોલાભાલા... સચ્ચા.. નિર્મલ દિલ રખના... તેરા કલ્યાણ હો ...!''

આટલું કહીને એ સાધુ તો ચાલ્યા ગયા જાણે માનો અદૃશ્ય જ થઈ ગયા અને હું મૂક મોઢે અને એકીટસે એમનાં પાવન પગલાંને નિહાળતો જ રહ્યો.

હું ઘરે આશાભેર પાછો ફર્યો. ઘરે પહોંચતાં જ અમારે ત્યાં એક અતિથિ પધાર્યા. એમને આવકાર્યા અને જે નાસ્તો ઘરે હતો એ પણ કરાવ્યો. અતિથિ પ્રસન્ન થયા. અચાનક વળતે પગલે એમણે મને પૂછ્યું,

''હમણાં ક્યાં નોકરી કરો છો .. બેટા..!''

મેં નીચું મોઢું કરી ઉત્તર આપ્યો, ''થોડા દિવસો પહેલાં જ મારી કંપની બંધ થઈ ગઈ છે એટલે હાલમાં નવી નોકરીની શોધમાં છું.''

એ પણ નાગર સજ્જન હતા જાણે ઈશ્વર સ્વરૂપે જ અમારે ત્યાં અતિથિ બન્યા હતા. એમને આ સાંભળી અચંબો થયો અને અમારા ઘર તરફ પાછા પગલાં કર્યાં. મને જરા નવાઈ તો લાગી, પણ એમણે મારો બાયોડેટા માંગ્યો જે મેં એમને આપ્યો. ઊંડાણમાં વાંચીને મને થોડીવારે એટલું જ બોલ્યા અને ઊભા થયા .

''તું એક કામ કરજે... કાલે વહેલી સવારે મારી આ ઑફિસ, નરિમાન પોઈન્ટમાં છે તું ત્યાં આવી મળજે. હું તને મારા ઉપરી સાહેબ સાથે મેળવી દઈશ.

જો શું થાય છે?''

એ રાત્રે તો જાણે મને નીંદર જ ન આવી. બીજે દિવસે એમણે આપેલા વિઝિટિંગ કાર્ડના સરનામે હું નરિમાન પોઈન્ટ પર આવેલી એમની ઑફિસે પહોંચી ગયો. એમણે મને એમના સાહેબ સાથે પરિચય કરાવ્યો. મારો લેખિત અને મૌખિક ઈન્ટરવ્યૂ થયો. મને થોડી વાર બેસવા માટે કહ્યું.

લગભગ પંદરેક મિનિટ બાદ એમણે મને એમની કેબિનમાં બોલાવ્યો અને કહ્યું,

''કાલ સવારથી તું અહીં નોકરી ઉપર આવી જજે અને અત્યારે જ તારો એપોઈન્ટમેન્ટ લેટર લઈને જા. તારો પગાર રૂપિયા ૧૨૦૦ માસિક રહેશે..''

આ સાંભળી મને એટલો આનંદ થયો કે ખોવાયેલી નોકરીમાં મારો માસિક પગાર માત્ર રૂપિયા ૯૦૦/- જ હતો. ઈશ્વરના સ્વરૂપમાં મને પેલા સાધુ તરત જ યાદ આવ્યા. હું ફરી એ જ જગ્યાએ ગયો, એમની વાટ જોઈ પણ ઈશ્વર કંઈ આમ વારંવાર ક્યાં આવી મળે છે. બસ...! આવી અણધારી ઈશ્વરની પ્રતીતિની અનુભૂતિ સાથે હું આજે પણ ઈશ્વરને ખોળું છું.. એ ક્યાં.. કેવા રૂપમાં આવે છે એ ખબર જ નથી પડતી. સાચું મંદિર આપણા સૌનું નિર્મળ, નિઃ સ્વાર્થ અને કોમળ હૃદય જ છે.

## કાચો ભક્ત હું

હજો મળે પ્્રભુ તો કરું નમન, જોયા નથી મેં કદી તો શું?
રાહ જોતાં થયું પૂરું જીવન, ભવ ના ફેરા હું શાને ફરું ?

પથ પર નજર, થાકી મણિ, પર્વત, નદી, તરુ ભણી,
અંધારી રાતે તારા તણી, ન દીઠા મીટ માંડી ઘણી.
સુકાયા ચર્મચક્ષુઓ અતિ, અંતઃચક્ષુ નીરખે તો કહું

ખાલી ઝોળી લઈ ફરતો રહ્યો, કોઈ એવા ટાણે મળી ગયું
ક્યારે દાની ભિક્ષા દઈ ગયો, પગલાં પૂજવાનું રહી ગયું
પંડપિંડની દોટ નાહક કરી, મૂર્તિમાં હરિ ખોળું બહુ

પડતો રહ્યો પંથમાં જહીં, હાથ ઝાલ્યો કોણે દેખ્યો નહિ
એ બીજું ન કોઈ મારો જ હરિ, મુજ પૂંઠે સદા ચાલે અહીં
''પ્રાર્થક'' જીગર ભીતર હરિ, અબોધ કાચો ભક્ત હું.

**- ચિરંતન પટ્ટણી**

# ઈશ્વર છે કે નહિ?



હેમાલી સ્વાદિયા ''હેમ''

ઈશ્વર છે કે નહિ? આ પ્રશ્નના ઉત્તરમાં લોકોના ભલે મતમતાંતર રહ્યા છે, પણ આપણે તો સંત શિરોમણી 'નરસિંહ મહેતા'ના વંશજ છીએ અને નરસિંહ મહેતા તો સદેહે ઈશ્વરના ધામ સ્વર્ગમાં જઈને પરત આવનાર આ પૃથ્વી પરના એકમાત્ર મનુષ્ય છે અને કરતાલ, એકતારો ઉપર કેદારા રાગથી સ્વયં દ્વારકાધીશ દોડતા આવીને તેનાં સઘળાં કાર્ય કરી દેતા. ઈશ્વર હોવાનો આનાથી મોટો બીજો કયો દાખલો હોઈ શકે?

આજે એવી પરિસ્થિતિ છે કે આ વિશ્વાસ ડગમગતો રહે છે.

પરંતુ હું પ્રભુને માનું છું. કારણકે નાનપણથી મારા દાદા અને પિતાના મુખથી તેર કવચના ગરબા, શક્રાદય, મમ્મીના મોઢે સૂર્ય નારાયણના, તુલશીના પાઠ સાંભળીને અને શ્રાવણ માસમાં રુદ્રી, નવરાત્રિમાં નવ દિવસના અખંડ દિવા, બેઠા ગરબા આ બધું થતું ત્યારે ભગવાન, પ્રભુ, ઈશ્વર કે અદૃશ્ય શક્તિ છે.. છે.. અને છે જ તેવી દૃઢ શ્રદ્ધા ગળથૂથીમાં મળી છે.

મારું મોસાળ પણ ભક્તિના રંગે રંગાયેલું. મારાં નાની પદ્માબેન કામ કરતાં શિવ સ્તુતિ ગાતાં અને અનેક સ્તુતિ અને પૂજા મોઢે બોલતાં. મારા નાના મૂળ માંગરોળના મણિભાઈ દુલેરાય વસાવડા. જેમને ''ભાણકાભાઈ''ના નામથી સૌ ઓળખતા. મારા નાના પરોઢિયે ઊઠી પ્રભાતિયાં ગાતા, આખો દિવસ માળા કરતા અને એમની આંખો બંધ જ હોય. સતત ઈશ્વરસ્મરણ ચાલુ જ હોય. મારા નાનાબાપુ જૂનાગઢ પાસે આવેલ સતાધારના આપા ગીગાના પરમ ભક્ત અને તેઓ સતાધારમાં મૅનેજર તરીકે નોકરી કરતા. તેઓના જીવનમાં નરસિંહ મહેતા જેવા બનેલ અનેક ચમત્કારો નીચે દર્શાવેલ છે. એમને થયેલા ચમત્કાર અને પરચા રજૂ કરું છું જે ઈશ્વર હોવાની સાબિતી છે.

(૧) એક વખત એમને આંખમાં તકલીફ થઈ. એમણે જૂનાગઢમાં સ્વ. ડૉ. રઘુકાન્તભાઈ વસાવડાને બતાવ્યું. ડૉક્ટરે કહ્યું ''મણીભાઈ, તમને કાળો જામર છે. જે ઊતરે એમ નથી.'' નાનાબાપુએ કહ્યું, ''જેવી આપા ગીગાની મરજી.'' એ પછી ગીગા આપાને નવડાવેલ પાણી આંખમાં છાંટતાં. થોડા વખત પછી પરત જૂનાગઢ ડૉક્ટરને બતાવવા ગયા. ત્યારે ડૉક્ટરે આશ્ચર્યથી કહ્યું ''મણીભાઈ, આ શું ચમત્કાર છે? તમને હવે જામર નથી.'' નાનાબાપુએ કહ્યું ''ગીગા આપાની દયા.''

(૨) મારા મામા સ્વ. બીપીનચંદ્ર મણીભાઈ વસાવડા. રાષ્ટ્રપતિના એવોર્ડ વિજેતા નાયબ પોલીસ કમિશનર હતા. એમને જ્યારે સૂરત મૂક્યા હતા એ વખતની વાત છે. મારાં ગીતામામી (ભ્રગુલતાબહેન)નાં બહેન-બનેવી સૂરત આવેલાં. એ વખતે નાનાબાપુ બાથરૂમ જઈ અને બહાર નીકળ્યા અને ત્યાં કબાટમાં રાખેલ ડબ્બામાંથી એક ગુલાબી રંગનો કપડાંનો ચીપટો તોડી મોઢામાં મૂક્યો અને ચગડવા લાગ્યા. નાનાબાપુ તો ચીપટો મોંમાં મૂકી પાછા માળા ફેરવવા લાગ્યા. મામીના બેન અને બનેવીએ મામીને કહ્યું ''ભ્રગુલતાબેન, આ ડબ્બામાંથી હમણાં મણીભાઈએ ગુલાબી રંગનો ચીપટો તોડીને ખાધો'' મારાં મામી કહે ''અરે, શું વાત કરો છો? મણીભાઈ કાંઈ ચીપટો ખાય?'' એ લોકો કહે ''અમે નજરે જોયું છે.''

મામીએ મારાં મા (મારા નાનીને અમે મા કહેતાં) ને વાત કરી. પહેલાંના જમાનામાં તો લાજનો રિવાજ હતો. મારાં ગીતા મામી સસરાની ખૂબ મર્યાદા જાળવતાં. એટલે એમણે મારાં માને કહ્યું . માએ નાનાબાપુને પૂછ્યું ''એઈ, તમે હમણાં શું ખાધું?'' નાનાબાપુએ કહ્યું ''કાંઈ નહિ,'' મા કહે ''મોઢામાં શું છે?'' નાનાબાપુ કહે ''અરે ભાઈ, ગીગા આપાની સાકર છે લ્યો, જોવો'' અને નાનાબાપુ એ મોઢામાંથી સાકર કાઢી, ખરેખર એ સાકર જ હતી. મારા મામીનાં બેન અને બનેવી તો આભા જ થઈ ગયાં. આ ચમત્કારના તેઓ સાક્ષી બન્યાં.

(૩) નાનાબાપુ એકવાર વિસાવદર કામે ગયેલ અને ત્યાંથી લોકલ ટ્રેનમાં પરત સતાધાર આવતાં ટ્રેનને મોડું થયું અને લગભગ મોડી રાત પડી ગઈ. સ્ટેશનથી સતાધાર જગ્યા દૂર છે. નાનાબાપુની સાથે અન્ય બે બહેનો પણ ઊતરી અને નાનાબાપુ ને પૂછ્યું કે ''અમારે સતાધાર આપાગીગાની જગ્યામાં જવું છે તો કેમ જાવું?'' નાનાબાપુએ કહ્યું કે ''ચાલો, મારે પણ ત્યાં જ જવું છે તમે મારી પાછળ પાછળ આવો. વચમાં નદી આવી. નદી ઉપર એ વખતે પુલ બાંધેલ ન હતો. તારા અને ચન્દ્રના પ્રકાશે ત્રણેય જણાં નદીમાં ઊતર્યા. નાનાબાપુ મનમાં બોલ્યાં કે ''હે ગીગા આપા આ અંધારાંમાં કાંઈ દેખાતું પણ નથી. શામજી બાપુ ને કહેવું પડશે કે રાતે સ્ટેશને એક ટેલિયા (આજના નોકર)ને મોકલે અને ટ્રેન આવી જાય પછી જ ટેલિયો ત્યાંથી નીકળે. હજુ તો આટલું બોલે છે ત્યાં જ ખૂબ જ મોટી બેટરી જેવી સર્ચલાઈટ જેવો પ્રકાશ પડ્યો અને ટેલિયાનો અવાજ આવ્યો કે ''એ... મણી દાદા આ

પ્રકાશ ને હૈડે.. હૈડે હાઈલા આવો, શામજી બાપુ કહેવાથી તમને તેડવા આવ્યો છું.'' નાનાબાપુ અને પેલાં બે બહેનો રાજી રાજી થઈ ગયાં અને ટેલિયાના બેટરીના પ્રકાશને સથવારે ચાલવા લાગ્યા. જ્યાં સતાધારની જગ્યા (ડેલો) આવ્યો કે ટેલિયાએ કહ્યું કે ''એ મણિદાદા રામ રામ. મારે ખેતરે પાણી વાળવા જવાનું છે.'' આટલું કહી ને ટેલિયો જતો રહ્યો. સવારે શામજીબાપુએ નાનાબાપુને જોયાને નવાઈ પામી કહ્યું કે ''લે મણીભાઈ તમે ક્યારે આવ્યા?'' નાનાબાપુ કહે કે ''લો બાપુ તમે જ રાતે ટેલિયાને મોટી બેટરી લઈને સ્ટેશને મોકલેલ તેની સાથે આવ્યો.'' શામજીબાપુ કહે કે ''મેં તો કોઈને મોકલ્યા જ નથી! અને તમે કહો છો તેવી બેટરી પણ આપણી પાસે છે જ નહીં.'' અને બાપુએ એજ ઘડીએ તમામ ટેલિયાઓને બોલાવ્યા અને પૂછ્યું કે કાલે મૅનેજર સાહેબને સ્ટેશને લેવા કોણ ગયું હતું? બધાએ એકસાથે ના કહી કહ્યું ''અમારામાંથી કોઈ નહી..'' નાનાબાપુએ શામજીબાપુને કહ્યું કે ''તો તો એ બીજું કોઈ નહીં આપા ગીગા ખુદ તેડવા આવ્યા હશે. મારે લીધે તેઓને કષ્ટ પડ્યું. મારી આપ ને વિનંતી છે કે આજથી દરરોજ સાંજે સ્ટેશને એક ટેલિયાને મોકલજો ગાડી આવી જાય બધા પેસેન્જર ઊતરી જાય પછી તેને લઈને જ આવે.'' અને તે દિવસથી નિયમ બની ગયો કે ગાડી આવી જાય બધા પેસેન્જર ઊતરી જાય પછી જ ટેલિયો પરત આવતો.

(૪) મારા નાનાબાપુએ દેહ છોડ્યો એ વખતે ફક્ત પૂજાઘરની લાઈટ જતી રહી. બધા ભગવાન પાલખમાંથી નીચે પડી ગયા. મારા મામાએ બધાને બતાવ્યા હતા.

આજે પણ સતાધારની ઑફિસમાં મારા નાનાબાપુનો ફોટો છે અને એ ચીપટાઓ, આજે પણ મામાના દીકરાના ઘરે કપડાંમાં બાંધેલા, પૂજામાં છે. મારાં માએ સંસારની ધૂરા સંભાળી, મારા નાનાબાપુએ ભક્તિની.

મારા નાનાબાપુને અસંખ્ય ચમત્કાર થયા છે, જે તમામ હું વર્ણવતી નથી.

હું સ્પષ્ટ પણે માનું છું કે ઈશ્વર છે અને સાચા દિલથી ભજો તો ચોક્કસ સહાય કરે છે.

આ કિસ્સાઓ લખવા ગાંધીનગરસ્થિત મારા મોટાભાઈ મુકેશભાઈ જયકાન્તભાઈ વૈદ્યએ મને પ્રેરિત કરી છે એમણે મને એપ ફોરવર્ડ કરેલ અને મને કહ્યું ''તુ કંઈક લખજે.'' એ કારણે મને જે ખબર હતી અને કુટુંબીઓના મોઢે સાંભળવા મળેલ એ લખ્યું છે.

ભૂલચૂકની ક્ષમા ચાહું છું. કારણકે આવા પાવન પરચા લખવામાં ક્ષતિ થઈ જતી હોય છે. હું આ પરચાઓ લખવા સમક્ષ ન કહેવાઉં છતાં મેં પ્રયત્ન કર્યો છે. એ એટલા માટે કે લોકોને વિશ્વાસ દૃઢ થાય કે ''હા ઈશ્વર તો છે.''

**– હેમાલી સ્વાદિયા ''હેમ''**

# ઈશ્વરીય અનુભૂતિ



**જાહ્નવી અંતાણી**

ઈશ્વરીય અનુભૂતિ શું છે! મારા મતે એ કોઈ મોટો ચમત્કાર નથી. એ જીવનમાં બનતી નાની નાની ઘટનાઓમાં જે સહજતા વર્તાય એ જ ઈશ્વરીય અનુભૂતિ છે, પણ આપણામાં રહેલી અલ્પ સમજને કારણે એ અનુભૂતિ ઓળખી નથી શકતા એટલે પૂર્ણપણે માણી પણ નથી શકતા. જ્યારે એ સમજાય છે ત્યારે આપણે બોલી પડીએ છીએ કે અરે! ભગવાનની કૃપા વગર આ શક્ય જ નથી.

આમ નાની નાની વાતોમાં ઈશ્વરીય અહેસાસ અનુભવવાની આવડત કેળવવા જેવી ખરી હો! હું એના એક બે ઉદાહરણ આપું.

મારા ઘરમાં જ્યારે જ્યારે ગણપતિ સ્થાપન કર્યું છે ત્યારે ત્યારે એની આસપાસના દિવસોમાં અચૂક એક નાનકડી ઉંદરડી ઘરમાં ફર્યા કરતી.. એ દોઢ દિવસના સ્થાપન પછી ગણપતિનું વિસર્જન કર્યા પછી એ દેખાય જ નહીં! આને શું સમજવું? જલન માતરી સાહેબની પંક્તિમાં કહ્યું છે એમ, ‘શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર.. એવું અને આ જ વાત હું તો માની લઉં છું.

એવી જ બીજી ઘટના, મન સતત ચિંતામાં કે મૂંઝવણમાં હોય ત્યારે જ અગરબત્તીની કે ધૂપની સુગંધ મહેસૂસ કરવી.. મને તો એ વખતે પણ દૈવી તત્ત્વના અનુભવ જેવી જ લાગણી અનુભવાય અને મન પણ શાંત અને નિશ્ચિંત થઈ જાય. આ એક અલૌકિક અનુભવ છે.

કોઈ અણમોલ વસ્તુ ખોવાઈ હોય, કે અણમોલ સંબંધ ઈશ્વરના મંત્રજાપ પછી કાં તો એ મળી જાય અથવા તો એ ખોઈ ચૂક્યાનો મન સ્વીકાર કરી લે, ઓમ નમઃ શિવાય અને સાંઈ સ્મરણે આ સંજોગોમાં અચૂક હાજરી દર્શાવી છે.

બાબત ગમે તેટલી નાની હોય, છતાં અઘરી હોય અને એ સરળતાથી પૂર્ણ થાય એવી તો

અસંખ્ય બાબતો જીવનમાં ઘટતી જ હોય છે. એ ઈશ્વરની કૃપા સમજીએ એવી દૃષ્ટિ આપણે કેળવવી પડે..

કેટલીક તો સાવ નાની બાબત હોય, જેવી કે, કડકડતી ઠંડીમાં વહેલી પરોઢે બહાર જતી વખતે સાધન મળશે! અથવા મળી જાય તો સારું એવી આશંકા વચ્ચે, બહાર નીકળતાં જ વાહન સામે આવીને ઊભું રહે ત્યારે થાય કે ઈશ્વર સાંભળે છે. સાવ ક્ષુલ્લક બાબત હોવા છતાં મન જે મૂંઝવણ અનુભવતું હોય એ પળભરમાં ગાયબ થઈ જાય ત્યારે સ્વાર્થી મન એવું પણ વિચારે કે સાલું વાહન જ સમયસર મળી જાય એના કરતાં ભગવાન પાસે કંઈ બીજું માગ્યું હોત તો એય મળી જાત.

આમ ઈશ્વર તો આપવા જ બેઠો છે, પણ આપણે માણસ જાત ચમચી લઈ ઊભા છીએ.. એવી કવિશ્રી અનિલ ચાવડાજીની પંક્તિ,

'અધીરો છે તને ઈશ્વર બધુંયે આપવા માટે,
તું ચમચી લઈને ઊભો છે દરિયો માગવા માટે?'

સમજી જઈએ તોપણ આપણે દરેક વાતમાં ઈશ્વરની હાજરી અનુભવી શકીશું.

આમ તો લેખ ઈશ્વરીય અનુભૂતિ વિશે લખવાનો છે, પરંતુ જીવનમાં એટલા બધા અસહજ સંજોગો સહજ રીતે પાર થયા છે કે આવી નાની વાતોમાં સહજ અનુભૂતિ દેખાઈ એ જ આલેખી.

બાકી તો આમ આપણું હોવું જ એક ઈશ્વરીય અનુભૂતિ નથી શું! બસ, ઈશ્વરને એ જ પ્રાર્થના કે આમ જ તું તારી અનુભૂતિ કરાવતો રહે અને અમે એ માણતા રહીએ.

**– જાહ્નવી અંતાણી**

# વાગે ઝીણી ઘૂઘરીઓ ગેબની



**કિરણ બુચ**

પરંપરાગત નાગર પરિવારમાં ઉછેર અને રહેવાસને લીધે હું પૂજાપાઠ, ધૂપદીપ અને સ્તોત્ર શ્લોકોના રવથી વીંટળાયેલી જરૂર રહી છું, પણ અંગત રીતે મંદિર, દર્શન અને વ્રત, પૂજા સાથે મારો ખાસ નાતો નથી. અલબત્ત સમગ્ર સૃષ્ટિના નિયંતા બળ તરીકે કોઈ એક મહાન, શુભ તત્ત્વમાં મારી અતૂટ શ્રદ્ધા છે. ભરપૂર વનરાજી, ખુલ્લું આકાશ, ઘૂઘવતો દરિયો અને ગંભીર ડુંગરાઓની ઝલકમાત્ર મને એ તત્ત્વ સાથે જોડાયેલ રાખે છે, પણ આજે જે કિસ્સાઓની વાત કરવી છે એ માનવોની વચ્ચે અને માનવો થકી થયેલી ઈશ્વરની પ્રતીતિની વાત છે.

### પૂર્વાર્ધઃ ટાઈફોઈડનું તેડું

બાળકને ખૂબ નાની વયથી સ્ટ્રીટ ફૂડ, જંક ફૂડ ખાવાની ટેવ પાડી તેની રોગપ્રતિકારક શક્તિને કુદરતી રીતે વધારવી કે તેના નાજુક તંત્ર માટે hygieneનું જતન કરવું અને unhygienic પરિસ્થિતિનો સામનો કરવા જેટલી એની ઉંમર થાય ત્યાં સુધી રાહ જોવી એ જુદાં જુદાં માબાપ માટે ડીબેટનો વિષય હોઈ શકે છે. મારો સમાવેશ બીજા પ્રકારમાં થાય છે.

ઉકાળેલું પાણી પીવું, માત્ર ઘરમાં રાંધેલો તાજો ખોરાક જ ખાવો, સાબુથી વારંવાર હાથ ધોવા, ચોકલેટને વર્જ્ય ગણવી અને સૂતાં પહેલાં બ્રશ કરવું આવા મંત્રો મારા બાળકને ઉછેરતાં મે આત્મસાત કરી લીધા હતા અને તદ્દન નિરોગી, ઊંચા, તંદુરસ્ત, ગુલાબના ગોટા જેવા મારા સ્ફૂર્તિલા દીકરાને જોઈને મને જાણે કે સાહેદી પૂરાતી કે મારી બાળઉછેરની દિશા બરાબર છે.

તે છ વર્ષનો થયો ત્યાં સુધીમાં મેં કુટુંબમાંથી ગાડું ભરીને મારા ચોખલિયાવેડા માટે ટોણા એકઠા કરી લીધા હતા. અમે બંને માદીકરો ઘણી વાર હાંસીપાત્ર પણ બનતાં. એવામાં એક વૅકેશનમાં મારા કુટુંબનાં બાળકો રજાઓ ગાળવા માટે ઘેર ભેગાં થયાં. મુંબઈની મોજ માણવા અમે આખો પરિવાર રોજ સાંજે ઘરેથી નાસ્તો લઈ ફરવા નીકળી પડતા. આવી જ એક સાંજે છોકરાઓને ખાઉ ગલીની ચાટ ખાવાનું મન થયું. બધાં જ બાળકો ૧૦-૧૨ વર્ષ કે તેથી ઉપરનાં હતાં અને તે દિવસે એક નબળી પળે મેં મારા પુત્રને એના મોટા ભાઈબહેનો સાથે રોડ સાઈડ ચાટ ખાવાની પરમિશન આપી.

આ ઘટનાના બરાબર અગિયારમે દિવસે દીકરો તાવમાં પટકાયો. તાવ વધતો ચાલ્યો અને દીકરો ચીમળાતો ચાલ્યો.

સમયસર નિદાન થયું. ટાઈફોઈડ છે એવી ખબર પડી અને તેની ટ્રીટમેન્ટ શરૂ થઈ. હાથમાં I.V ડ્રિપ ભરાવેલી હતી, તેના વાટે ઈન્જેક્શન અપાતાં હતાં અને ડૉક્ટરના કહ્યા મુજબ બધું જ કંટ્રોલમાં હતું, છતાં તાવ જવાનું નામ લેતો ન હતો. એક રાત્રે તે દિવસનાં બધાં ઈન્જેક્શન, દવાના ડોઝ અપાઈ ગયા પછી પણ ન ઊતરેલા તાવને પોતાં મૂકી ઉતારવાની કોશિશ કરતી હું દીકરા પાસે બેઠી હતી અને દર કલાકે ડૉક્ટરની સૂચના પ્રમાણે તાવ માપ્યા કરતી હતી. રાતના બારેક વાગ્યા હતા. ઘરમાં બધા જ ચિંતા કરી કરી ને માંડ સૂવા ભેગા થયા હતા.

અચાનક મને લાગ્યું કે દીકરો કોઈ રિસ્પોન્સ નથી કરી રહ્યો. તાવ માપ્યો તો થર્મોમીટર ૧૦૬F દેખાડે. મેં ઝડપથી ડૉક્ટરને ફોન કર્યો. તેમણે કહ્યું કે એટલી ઉંમરના બાળકને જેટલો ડૉઝ આપી શકાય તે આપણે આપી ચૂક્યા છીએ. હવે આખે શરીરે પોતાં મૂકવા સિવાય તાત્કાલિક કંઈ ન કરી શકાય. બીજો ડૉઝ આપવા માટે પણ થોડા કલાકની રાહ જોવી રહી. હું સ્તબ્ધ. નજર સામે બેહોશ પડેલો દીકરો, નાઈટ લેમ્પનું ઝાંખું પીળું અજવાળું, રૂમમાં અને બહાર પથરાયેલી નીરવ શાંતિ અને મારી જાણ બહાર મારા ગાલ પરથી દડદડતાં આંસુ. ગળે ડૂમો બાઝ્યો હતો અને ઘરમાંથી કોઈને ઉઠાડવાનું પણ સૂઝતું નહોતું. આંખ સામે દીકરાના મોતના ભયાનક દશ્યો દેખાય, દીકરો જતો રહેશે તો એના વગર કેમ જીવાશે એવા વિચાર આવે. એ કુવિચારને પગલે અગાશી પરથી કૂદી ને આપઘાત કરવાનો વિચાર પણ આવ્યો, પણ rational મગજ કામ કરતું અટકી ગયું હતું. બે હાથ જોડી હું પૂતળાની જેમ થીજી ગઈ હતી.

ત્યાં જ રાજકોટથી મારા જેઠાણીનો ફોન આવ્યો. તેઓ રાજકોટમાં ગુરુજીના મંદિર-આશ્રમમાં ગયાં હતાં અને મારા દીકરાની પરિસ્થિતિથી પૂરા વાકેફ નહોતાં. તેમણે તો માત્ર તાવની ખબર પૂછવા જ ફોન કર્યો હતો, પણ તેમનો અવાજ સાંભળી હું જાણે હલબલી. રડમસ અવાજે પરિસ્થિતિનો ચિતાર આપ્યો. તેમણે પૂરા આત્મવિશ્વાસના રણકા સાથે કહ્યું કે હું સાક્ષાત માના પરિસરમાં બેઠી છું, હમણાં જ દીકરા માટે પ્રાર્થના કરું છું. જરા પણ ચિંતા નહિ કર. મા કાલ સવારે દીકરાને સાજો-નરવો ઉઠાડશે. હું તર્ક કરવાની સ્થિતિમાં ન હતી અને મારું મન એક સહારો ઝંખતું હતું. યાંત્રિક રીતે પોતાં મૂકવાં અને તાવ માપવાની ક્રિયાઓ પતાવતાં આખી રાત હું આર્તનાદ સાથે મૂક પ્રાર્થના કરતી રહી. પરોઢિયે ચારેક વાગે દીકરાએ આંખ ખોલી અને એના પછીના કલાકોમાં ચમત્કારિક રીતે એની તબિયતમાં સુધારો દેખાવા લાગ્યો. દિવસો સુધી ટ્રીટમેન્ટ ચાલી, પણ એ રાત મારા અને મારા દીકરાના માથા પર મુકાયેલા પરમ કૃપાળુના વરદ હસ્તની છાપ કાયમ માટે મૂકી ગઈ.

ઉત્તરાર્ધઃ અંબાજી યાત્રા

દર વર્ષની જેમ એ વર્ષે પણ હું સ્કૂલની રજાઓમાં મારે પિયર ગાંધીનગર ગઈ હતી, ફરક માત્ર એટલો કે આ વખતે ઉનાળાની બદલે દિવાળીની રજાઓ અમે પસંદ કરી હતી. મારો આઠ વર્ષનો પુત્ર જીવલેણ ટાઈફોઈડ તાવમાંથી હેમખેમ ઊગરી ગયો ત્યાર પછી અમે મા-દીકરો પહેલીવાર ગાંધીનગર ગયાં

હતાં. અમારા ત્યાં પહોંચ્યા પછી અચાનક મારાં સાસુનો ફોન આવ્યો કે એમણે મારા દીકરા માટે મનોમન એને અંબાજી પગે લગાડવાની માનતા માની હતી અને એ પૂરી કરવા માટે આ સીઝન યોગ્ય છે તો એ બંને દાદા-દાદી પણ ગાંધીનગર આવી રહ્યાં છે. અમે એક ઓળખીતાની ટૅકસી બુક કરાવી લીધી. નક્કી કરેલા દિવસે અમારી સાથે ગાંધીનગર રહેતાં મારાં નણંદ પણ એમની પાંચ વર્ષની પુત્રી સાથે જોડાયાં. Weekday હોવાથી પુરુષવર્ગમાંથી કોઈ અમારી સાથે આવી શકે એમ નહોતું અને એટલા અમસ્તા અંતર માટે કાંઈ કોઈ એસ્કોર્ટની જરૂર પણ ન હતી. એમ અમારો એક વૃદ્ધ દંપતી, બે બાળકો અને બે નહિ યુવાન કે નહિ પ્રૌઢ એવી બે સ્ત્રીઓનો સંઘ અંબાજી યાત્રાએ જવા સવારે સાતેક વાગે રવાના થયો.

થેપલાં ખાતાં, આનંદ કરતાં, પાણીના રેલાની જેમ અમે સડસડાટ કોઈ વિરામ લીધાં વિના અંબાજી પહોંચી ગયા. ડ્રાઈવરે છૂટા પડતાં અમને તાકીદ કરી કે દર્શનાદિ પતાવીને પાછાં ફરતાં ત્રણ વાગ્યાથી મોડું ન કરતાં. જ્યાં એણે અમને ઉતાર્યા હતા એ જ જગ્યાએ ત્રણ વાગે મળવાનું નક્કી કરીને અમે છૂટા પડ્યાં. મોબાઈલનું ચલણ તે વખતે એટલું હતું નહિ, પણ ગાડીનો નંબર યાદ રાખીને અમે મંદિર ભણી આગળ વધ્યાં.

દાદીએ ખૂબ શ્રદ્ધાપૂર્વક પૌત્રને દર્શન, પૂજા કરાવ્યાં. દાદાએ બંને છોકરાઓને રમકડાં વગેરે લઈ દઈને લાડ લડાવ્યાં. ત્રણ સ્ત્રીઓએ મન ભરીને દુકાનોની રોનક માણી. જમીને ગાડી છોડી હતી તે જગ્યા પાસે ગયાં તો ગાડી કે ડ્રાઈવર કોઈ દેખાયું નહિ. હજી અઢી વાગ્યા હતા એટલે પાછાં અમે છાશ પીવા ગયાં. ત્રણ સવા ત્રણે હાંફળોફાફળો ડ્રાઈવર મળ્યો અને કહે તમને ગોતવામાં મારું જમવાનું બાકી રહી ગયું. હવે એ સાચું-ખોટું જે કહેતો હોય તે પણ એને જમવાનો સમય આપ્યા વિના છૂટકો નહોતો. અંતે સાડા ચારે અમે ગાંધીનગર પાછા જવા નીકળ્યાં. ઊપડ્યા કે તરત જ એણે કહ્યું, પેટ્રોલ પંપ પર રોકાવું પડશે. ગાંધીનગર પહોંચવા જેટલું બળતણ ટાંકીમાં છે જ નહિ. તેના ઉપર સમૂહમાં ગુસ્સો કર્યો, પણ પેટ્રોલ પંપ પર રોકાવું તો પડ્યું જ.

શિયાળાના ટૂંકા દિવસે ઢળવાનો અણસાર આપવાનું શરૂ કરી દીધું હતું, પણ હાઇવે પકડતાં જ ગાડીએ ઝડપ પકડી અને ડ્રાઈવર ભાઈની જીભે પણ. એ ભાઈ વારંવાર જતાવતા હતા કે રસ્તામાં અમુક ગામ પાસે એક કોમના માણસો અંધારાંમાં ગાડીઓ લૂંટવા માટે કુખ્યાત છે એટલે જ સાંજ પહેલાં એ વિસ્તાર પસાર કરી જવો જોઈએ. પાછા વારંવાર એમ પણ બોલતા હતા કે પોતે કેવા જાણકાર છે અને એ સાથે છે એટલે અમારે ચિંતાનું કોઈ કારણ નથી.

અમારી અકળામણ ઘટતાં ઉજાસ સાથે વધતી ચાલી હતી અને ત્યાં જ અમારા અંદેશાનો અને ડ્રાઈવરના બબડાટનો પ્રતિભાવ આપતી હોય એમ ગાડીએ ડચકાં ખાવાનું શરૂ કર્યું. એમ ને એમ સો-બસો મીટર ઘસડાઈને અજીબ અવાજ કરતી ગાડી તો ભપ્પ કરતી ઊભી રહી ગઈ. માર્યા ઠાર..

અમારા મનમાં ડ્રાઈવરની વાતોએ વાવેલા ભયના બીજ અંકુરિત થવા લાગ્યા. જો ખરેખર કોઈ લૂંટારા આવી ચડે તો અમારી ટુકડી તો સાવ easy target હતી એનું ભાન થતાં હૃદયના ધબકારા વધી ગયા. ગળે શોષ પડ્યો અને અધૂરામાં પૂરું અમંગળ કલ્પનાઓએ મગજ પર કબજો લીધો. ડ્રાઈવર બોનેટ ખોલીને પોતાની કારીગરી અજમાવવા લાગ્યો. સસરાજી ગાડીમાંથી ઊતરીને પરિસ્થિતિનો ક્યાસ કાઢવા લાગ્યા. દીકરીને પિતાની ચિંતા થઈ કે વૃદ્ધ ગણીને કોઈ એમના પર હુમલો ન કરી બેસે. સ્ત્રીઓની ઉચ્ચ સ્વરે કરાતી 'ભૈસાબ તમે ગાડીમાં બેઠા રહો'ની આજીજીની અસર નીચે બંને બાળકો રડું રડું થવાં લાગ્યાં. અચાનક મારાં સાસુએ કહ્યું મા રક્ષા કરશે અને તેમણે 'પળ પળ રક્ષા દેને વાલી' ઉપાડ્યું. અમે સૌ કિંકર્તવ્યમૂઢ ભાવે એમની સાથે જોડાયા. થોડી મિનિટો એમ ને એમ વીતી. પ્રાર્થનામાં આર્જવતા, અસહાયતા અને શરણાગતિના ભાવ વધતા ગયા. ત્યાં સુધી ડ્રાઈવરને હજી સફળતા મળતી નહોતી. આકાશ કાળું થઈ ચૂક્યું હતું. અમારું સમગ્ર ધ્યાન હવે સ્તુતિ ગાવામાં હતું (બીજો વિકલ્પ પણ શું હતો?) એવામાં કાળાશને ચીરતો હેડલાઇટના અજવાળાનો શેરડો અમારી ગાડીથી પચાસેક મીટર આગળ જઈને બ્રેકની ચિચિયારી પાડતો થંભ્યો. તે ગાડીમાંથી ઊતરેલા બે પુરુષો અમારા ડ્રાઈવરને બૂમ પાડીને અને ઈશારા કરીને બોલાવવા લાગ્યા. ધ્યાનચ્યુત થયેલા અમને ભયનો નવો હુમલો આવ્યો. અમને ગાડીમાં બેઠાં રહેવાની તાકીદ કરીને ડ્રાઇવર તેમના ભણી ચાલ્યો. અમે ફફડતા હૈયે તેમની વાતચીત જોતાં રહ્યાં. ગણતરીની પળોમાં તે ગાડીની ડિકી ખૂલી. થોડાંક સાધનો સાથે ડ્રાઇવર સાથે પેલો અજાણ્યો માણસ અમારા તરફ આવ્યો. બંનેએ ખુલ્લા બોનેટમાં કંઈ કર્યું અને પલકવારમાં અમારી ગાડી સ્ટાર્ટ થઈ ગઈ. અજાણ્યા જણનો આભાર માનીએ ન માનીએ ત્યાં તે ભાઈ બોલ્યા, ''હવે ઝાઝી વાર ખોટી થાવ મા. અટાણે આવી જગ્યા એ ઊભા રેવાય જ નહીં. અમે તો અહીંથી અવારનવાર પસાર થઈએ છીએ, પણ ગાડીને બ્રેક મારવાની વાત નહિ. આ તો સારા ઘરનાં દેખાતાં સ્ત્રીઓ બાળકો સહિતના પરિવારને આમ જોયો તે માતાજીનું નામ લઈને ગાડી ઊભી રાખી દીધી. અંબા માની ઇચ્છા હશે તે તમારું કામ થઈ ગયું. હવે જરાય ટાઈમ બગાડ્યા વગર ઘરભેગા થઈ જાઓ બાપલા'' તેમના 'જય માતાજી'નો સમૂહમાં હાથ જોડી પ્રત્યુત્તર આપતાં આપતાં અમે ગાડી મારી મૂકી. આખો રસ્તો કોઈ કાંઈ બોલ્યું નહિ. ઘર આવ્યા સુધી મારા ત્રણેય વડીલો એકધારી રીતે આનંદનો ગરબો, આરતી, સ્તોત્ર, સ્તુતિ, ભજન બધું બોલ્યા જ કર્યાં. છોકરાઓ ઘેનમાં સર્યાં અને હું બનેલા બનાવો વાગોળતી નિશબ્દ બેઠી બેઠી વિચારતી રહી કે જે બની ગયું એ માત્ર coincidence હતો કે ગબ્બરવાળીની ગેબી સહાય? ગાડી માં સર્જાયેલ ભક્તિમય વાતાવરણ ધીમે ધીમે મારી નિશબ્દતા પર છવાઈ રહ્યું.

**– કિરણ બુચ**

# મારા પ્રભુ સાથે મારો વિશ્વાસ વધુ મજબૂત બન્યો



કિર્તના વસાવડા

અંકના વિષય અન્વયે હું મારા જીવન સાથે વણાયેલા બે અનુભવો આલેખવા પ્રયત્ન કરું છું. પ્રથમ જણાવું તો.. મારો પુત્ર ૨૦૦૯ની સાલમાં ધોરણ ૧૨ની પરીક્ષા વિજ્ઞાન વિષય સાથે આપવા જઈ રહ્યો હતો. પ્રથમ પેપર ફિઝિક્સનું હતું, ખૂબ મહેનત છતાં મારો પુત્ર ખૂબ નર્વસ થઈ ગયો. અમે સાંત્વના આપી કે તું ડરતો નહિ તેં ખૂબ મહેનત કરી છે. અંતે થોડો સ્વસ્થ થઈને ગયો, પણ મારી મારા ઈશ્વર સાથે જાણે લડાઈ શરૂ થઈ. મારા ઘરના નાના મંદિર પાસે બેસીને મેં પ્રભુ સાથે સંવાદ રચ્યો કે મારો પુત્ર સાંજે હસતો પાછો ફરવો જોઈએ. તેની મહેનત, તેનો ત્યાગ તેની અભ્યાસ પ્રત્યેની લગન અને નિયમિતતા બધું મારા પ્રભુને યાદ કરાવ્યું. બપોરે મારા પતિએ આવીને કહ્યું કે તેના ફિઝિક્સના સર પરીક્ષા ખંડ પર હાજર હતા અને ખૂબ હિંમત અપાવી અને આપણો પુત્ર હળવાશથી પરીક્ષા આપવા બેઠો એ હું જોઈને આવ્યો છું તું ચિંતા ન કર. આટલું સાંભળીને પણ સહેજ તો ચિંતા હતી જ, પણ સાંજ પડતાં પુત્રએ ઘરમાં આવતાં કહ્યું પેપર સરસ ગયું અને રિઝલ્ટ જ્યારે બહાર પડ્યું ત્યારે ફિઝિક્સમાં ૯૦ માર્કસ હતા એ જોઈને મને પેલી બપોર યાદ આવી અને હું માની ગઈ કે કોઈક તો છે જે મારું સાંભળે છે, મારી આસપાસ છે, જે અદશ્ય રહીને મારી ઈચ્છા પૂરી કરે છે કે મારી સમસ્યા હલ કરે છે. મારા પુત્રએ વિજ્ઞાન વિષયો સાથે ૧૨ મા ધોરણમાં ખૂબ મહેનત કરી હતી અને તે બાબતની હું સાક્ષી હતી. બસ મારા પ્રભુએ તેને તેજસ્વી કારકિર્દી ભેટ સ્વરૂપે આપી છે.

હવે બીજો અનુભવ વર્ણવું જે ખૂબ સામાન્ય બાબત છે, પણ મારા પ્રભુ સાથે મારો વિશ્વાસ વધુ મજબૂત બન્યો તેવી વાત છે. એક માને બાળકની નાની એવી ઇચ્છા પણ પૂર્ણ થવી જોઈએ એ વાત કેટલી મહત્ત્વની છે એ જણાવું

..૨૦૧૦ની સાલમાં રાજકોટ શહેરમાં રહેવા જવાનું થયું. એ પહેલાં પુત્રીને નવી બાયસિકલ અપાવી હતી. નવા શહેરમાં નવી શાળામાં હવે સાઈકલ વાપરીશ તેવા આનંદમાં મહાલતી હતી. સાતમા ધોરણમાં હતી. જે મુગ્ધાવસ્થા કહી શકાય. જે ભાડાના મકાનમાં રહેવાનું હતું ત્યાંથી શાળા બહુ વધારે દૂર હતી. અમારો જીવ ચાલે નહિ કે સાઈકલ વાપરે. અંતે રિક્ષા બંધાવી. રોજ સાઈકલ સામે જોઈ રહે અને પોતાનાથી નાનાં બાળકો સાથે રિક્ષામાં બેસી જાય.મારું મન રોજ ઘવાય. ત્યાં એક દિવસ પતિએ કહ્યું બીજા વિસ્તારમાં મકાનની તપાસ કરું છું. સારા વિસ્તારમાં અને પુત્રીની શાળાથી નજીક હોય તો સારું. એક મકાન ખૂબ સરસ જોયું નજીક પણ હતું, પણ ભાડાની રકમ માટે મકાનમાલિકે થોડી આનાકાની કરી. અમે પણ અમારું બજેટ પકડી રાખ્યું. વાત પતી ગઈ. ફરી એક આખી રાત લગભગ મારો ઈશ્વર સાથે સંવાદ, ઝગડો.. મારી પુત્રી ખુશ થવી જ જોઈએ. ત્યાં સુધીનું ચાલ્યું. ત્રીજા દિવસે મકાનમાલિકનો ફોન આવ્યો કે મકાન તમને જ ભાડે આપવું છે અને ભાડું તમે તમારા બજેટ પ્રમાણે જ આપજો. બસ, હું મારા ઈશ્વરને ફરી એક વાર માની ગઈ કે એ છે. જે મારું સાંભળે છે અને મને અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી જ આપે છે. આ બે અનુભવો હું કયારેય નહિ ભૂલી શકું. હું કયારેય ભગવાન નવરાવી ચાંદલા કરી પૂજા કરતી નથી. વારતહેવારે મુડ હોય તો શણગાર કરું. બાકી રોજ દીવો અને ઈશ્વર સાથે સંવાદ. મેં કાયમ મારી સાથે ઈશ્વરને અનુભવ્યો છે, શ્રદ્ધા હોવી જોઈએ અને કયારેક કંઈ પૂર્ણ થવા માટે કે તમારી તરફેણમાં થવા માટે શાંત ચિત્તે એ સમસ્યા ઈશ્વરને સોંપી દેવી અને તેને શ્રદ્ધાથી એવો તો બાંધી લેવો કે કયારેય આપણી વાત ન માને એવું બને જ નહિ. અસ્તુ. આભાર.

મનમાં બોલાયેલું ઈશ્વરનું નામ, મંત્ર કે ઈશ્વર સાથેનો સંવાદ કોઈક અદશ્ય શક્તિ રૂપે આપણને સહાય ચોક્કસ કરે જ છે.

**– કિર્તના વસાવડા**

# કલ્યાણેશ્વરની કૃપા



અરુણ માંકડ

ઈશ્વર પ્રત્યે જે ભક્તો અડગ શ્રદ્ધા ધરાવે છે તેમના પ્રત્યેક કાર્યનું ઈશ્વર ધ્યાન રાખે જ છે. ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે જેને ઈશ્વરની અદશ્ય શક્તિનો અનુભવ ન થયો હોય, ભલે પછી તે એની સમજમાં ન આવ્યું હોય.

મારી જીવનયાત્રામાં મેં ડગલે ને પગલે ઈશ્વરની આ અદ્ભુત ઈશ્વરીય શક્તિનો અનુભવ કર્યો છે. પિતાશ્રી પરમ શિવભક્ત. અહીંના ઐતિહાસિક પ્રાચીન સ્વયંભૂ શિવ મંદિર કલ્યાણેશ્વર મહાદેવની નિયમિત વહેલી સવારે પૂજા કરવા જતા. તેઓ એમના પ્રત્યેક કાર્ય સમયે એક જ વાક્ય ઉચ્ચારતા, કલ્યાણકારી તારો ભરોસો ભારી. આવી અડગ શ્રદ્ધા તેમને કલ્યાણેશ્વર મહાદેવમાં હતી. આ શિવભક્તિની છાપ અમારા સમગ્ર પરિવારનાં ભાઈબહેનો પર પડી છે.

સંતાનોના ઉચ્ચ અભ્યાસ, નોકરી, લગ્ન પ્રસંગ વગેરે જેવાં કાર્યો ભગવાન ભોળાનાથનું સ્મરણ કરીને નિર્વિઘ્ને પાર પાડ્યા છે. જેનાથી ઈશ્વરીય અદ્ભુત અદશ્ય શક્તિમાં અમારો વિશ્વાસ દૃઢ બન્યો છે.

જાન્યુઆરી ૨૦૦૧માં અહીં ભયાનક ભૂકંપ આવ્યો ત્યારે અમારો ચમત્કારિક બચાવ થયો. અમે જે સ્થળે ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા હતા તેની સામે ત્રણ ચાર માળના ફ્લૅટ હતા. ભૂકંપ સમયે એ રીતસર ડોલતા હતા, બંને પુત્રો (૧૪ અને ૧૮ વર્ષ) પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમમાં જવાની તૈયારીમાં જ હતા ત્યાં જ ભૂકંપ આવતાં રોકાઈ ગયા. જો એક મિનિટ પણ વહેલા નીકળ્યા હોત તો શું થાત એની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. કારણકે જે રસ્તે જવાના હતા એ રસ્તા પર ઘણાં મકાનો જમીનદોસ્ત થયાં હતાં.

સામેના ફ્લૅટમાં નુકસાન થયું હતું, પરંતુ સલામત હોવાથી અમો ગ્રાઉન્ડમાંથી બહાર નીકળી

શક્યા. અમારા ઘરના દરવાજા બંધ થઈ શકે તેવી સ્થિતિમાં ન હોવાથી ઘર ખુલ્લાં મૂકી અમે સોસાયટીમાં રહેતા સગાંને ઘરે ગયા. ચાર દિવસ પછી સામાન ખસેડ્યો ત્યારે જોયું તો ઘરમાં બધી વસ્તુઓ સલામત હતી. જ્યારે આસપાસનાં ઘણાં ઘરોમાં ચોરી થઈ હતી. આ બધું ઈશ્વરમાં શ્રદ્ધા હોવાથી જ તેમની કૃપાથી થયું હતું.

માર્ચ ૨૦૧૮માં મારી તબિયત અચાનક બગડી. મૉર્નિંગ વૉક સમયે રસ્તામાં ચક્કર આવ્યા. તરત જ ફેમિલી ડૉક્ટરને બતાવતાં તેમણે જણાવ્યું કે હૃદયના ધબકારા ઘટી રહ્યા છે, પ્રાથમિક સારવાર આપી તેમણે અમદાવાદ જવાની સલાહ આપી. અમદાવાદની જાણીતી હૉસ્પિટલમાં દાખલ થયા. સદ્‌ભાગ્યે જ્ઞાતિબંધુ હાર્ટ સ્પેશિયાલિસ્ટ હતા તેમણે સારવાર સંભાળી પેસમેકર બેસાડ્યું, જેનાથી હૃદય નિયમિત ચાલી રહ્યું છે. આજે છ વર્ષ થયાં હાર્ટની કોઈ તકલીફ નથી. જે ભોળાનાથ પર ભરોસાથી જ શક્ય બન્યું છે.

એવું જ એક બીજુ ઈશ્વરીય શક્તિનું ઉદાહરણ જોઈએ તો ૨૦૨૩માં બહારગામ લગ્ન પ્રસંગ પતાવીને રાત્રે ૧૧:૦૦ વાગે ગાડીથી પરત થતા હતા અચાનક એક બીજી કાર સ્પીડમાં સાઈડમાંથી ધડાકાભેર અથડાઈ.. અમારી ગાડીનો એક ભાગ આખો ખલાસ થઈ ગયો. તેમ છતાં પરિવારના બધા સભ્યો બે બાળકો સાથે હેમખેમ બહાર નીકળી ગયા..

તાજેતરમાં દિવાળી વૅકેશનમાં ગ્રુપ ટુરમાં પરિવાર સાથે વિદેશપ્રવાસમાં ગયા. પ્રવાસ પૂરો થવાના દિવસે રાત્રે એક વાગે મારી તબિયત બગડી. ઑક્સિજન ઘટવાના કારણે શ્વાસ લેવામાં તકલીફ ઊભી થઈ. પારકા પ્રદેશમાં આપણે મૂંઝવણમાં મુકાઈ જઈએ. મારા પુત્રએ રાત્રે તાત્કાલિક હોટેલ મૅનેજર અને ટુર મૅનેજરને ઉઠાડ્યા. તેમની મદદથી મને શહેરની સારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. બે દિવસની સારવાર પછી સારું થતાં અમે અમદાવાદ આવ્યા. વિદેશમાં જો ઈશ્વરની કૃપાથી મદદ ન મળી હોત તો હેમખેમ અમદાવાદ પહોંચવાનું મુશ્કેલ હતું.

એટલે જ ઈશ્વરમાં સાચી શ્રદ્ધા અને ભરોસો હોય તો તે ભક્તની સદાય પડખે રહે છે. એ જ ઈશ્વરનું અનુસંધાન છે.

**– અરુણ માંકડ**

# જેને ભગવાન ઉપર ભરોસો હોતો નથી તે જ ચિંતા કરે છે



ડૉ. મિહિર વોરા

મિત્રો પ્રાર્થના ઈશ્વરીય શક્તિનો અનુભવ કરવા માટે જરૂરી છે. પ્રાર્થનાથી પોતાની ચિંતા કે જવાબદારી પ્રભુને સોંપ્યાનો અનુભવ થાય છે. નિરાશા, હતાશા, ક્રોધ જેવા હાનિકારક ભાવો દૂર કરવા પ્રાર્થના જરૂરી છે. હાનિકારક ભાવોની અસરથી ઉદ્‌ભવતા શારીરિક કે માનસિક રોગો દૂર કરવા પ્રાર્થના જરૂરી છે. 'પ્રાર્થના એટલે ભગવાન પાસેથી અલૌકિક હોય તેવી માંગણી કરવી!'

જ્યારે પણ આપણે કશું ઇચ્છીએ છીએ, પરંતુ તે મેળવી શકતા નથી અથવા આપણે મદદની જરૂરિયાતમાં હોઈએ અને કોઈ પાસેથી માર્ગદર્શન મેળવવું હોય, પરંતુ તે મળે નહિ ત્યારે આપણે અત્યંત શ્રદ્ધાથી, પ્રેમ અને હૃદયપૂર્વક ભગવાનને પ્રાર્થના કરીએ છીએ અને આપણી પ્રાર્થનાનો જવાબ ચોક્કસ મળે છે!

આપણી સાચા દિલથી કરેલી પ્રાર્થના સવળા સંજોગો ભેગા કરી આપે છે. પ્રાર્થનાથી ઉત્પન્ન થતાં સ્પંદનોની અસરથી આપણને દૈવી શક્તિઓની સહાયતા પ્રાપ્ત થાય છે. એવાં ઘણાં દેવ-દેવીઓ બ્રહ્માંડમાં છે કે જે કોઈ પણ વ્યક્તિ જ્યારે સાચા હૃદયથી તેમની મદદ માંગે તો મદદ કરવા હાજર હોય છે.

શાંતિના માર્ગ અને મોક્ષના માર્ગમાં પ્રગતિ કરવા માટે ઉત્સુક એવા મુમુક્ષોને તેઓ હંમેશાં સહાય કરે છે, પરંતુ આપણે તેમની સમક્ષ માગવું પડે છે! જ્યારે આપણે રસ્તે જતાં વચ્ચે ભટકી જઈએ ત્યારે શું આપણે થોડી વાર થંભી જઈને, કોઈની પાસે સાચો રસ્તો કયો છે, એવી જાણકારી પ્રાપ્ત કરતા નથી?!

પ્રાર્થનામાં પણ કંઈક આવું જ હોય છે. જ્યારે પણ આપણને જીવનમાં કોઈ સમસ્યાઓ આવે છે ત્યારે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. તે એવું સૂચવે છે કે પ્રાર્થના એટલે આપણી તમામ સમસ્યાઓ અને ચિંતાઓને સમર્પિત કરી દેવી, આપણી બધી

યોજનાઓ અને ગૂંચવણોને ભગવાનના ચરણકમળમાં સમર્પિત કરી દેવું.

આપણે દરરોજ પ્રાર્થના કરીએ છીએ, 'હું તમારા શરણે આવ્યો છું, હે ભગવાન.' જો આપણે ભગવાનના ચરણમાં આશરો લીધો હોય તો પછી ચિંતા કરવાની શું જરૂર છે?' ભગવાન હંમેશા કહે છે કે વ્યક્તિએ ચિંતા ન કરવી જોઈએ. ચિંતા એ તો મોટામાં મોટો અહંકાર છે. ચિંતા ત્યારે જ ઊભી થાય છે જ્યારે આપણે તેવું માની લઈએ છીએ કે 'હું જ એ વ્યક્તિ છું જે આ કરી શકું છું.' ભગવાન કૃષ્ણએ કહ્યું છે કે, તું શા માટે ચિંતા કરે છે, જે જરૂરી છે તે બધું કૃષ્ણ કરશે. ઉપરાંત ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે, ''તમે તમારા પૂર્વ ભવના ફળને જરા પણ ફેરફારિત કરી શકશો નહિ. જે વ્યક્તિને ભગવાન ઉપર ભરોસો હોતો નથી તે જ ચિંતા કરે છે. જો તમને ખરેખર ભગવાન ઉપર વિશ્વાસ હોય તો, તમારે બધું તેમના પર છોડી દેવું જોઈએ અને શાંતિથી સૂઈ જવું જોઈએ. આ રીતે ચિંતા કોણ કર્યા કરે? તેથી, ભગવાન ઉપર વિશ્વાસ રાખો. તમે જે કહો છો તે ભગવાન શું નહિ સાંભળતા હોય?

પ્રાર્થનાથી બીમાર વ્યક્તિ સાજી થઈ હોય તેવા ચમત્કારની વાત કરું તો મારા અંગત મિત્ર હૉસ્પિટલમાં છેલ્લા સ્ટેજના ક્ષય રોગથી, હેમરેજથી છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે.' મેં મિત્ર ના સાજા થવા અંગે પ્રાર્થના કરવા માંડી. ત્યારે મને એકાએક એવું લાગવા માંડયું કે જાણે હું એક હૉસ્પિટલના મોટા અને લાંબા વોર્ડમાં છું. વોર્ડની પહેલાના એક બેડ પર સૂતેલા મિત્ર પાસે હું ઊભો છું. હું મિત્રની આસપાસની તમામ વસ્તુઓને જોઈ શકતો હતો. આ મારો અનોખો અનુભવ હતો.' ચોવીસ કલાક બાદ જાણવા મળ્યું કે મિત્રની વેદના દૂર થઈ ગઈ હતી, શરીરનું ઉષ્ણતામાન નૉર્મલ થઈ ગયું હતું. મેડિકલ રીપોર્ટમાં જાણવા મળ્યું કે લોહી અને ગળફો ઈન્ફેક્શન વિનાના થઈ ગયા છે. ત્રણ અઠવાડિયાં બાદ તે મિત્ર એટલો સાજો અને સ્વસ્થ થઈ ગયો કે તેને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળી ગયો. ઘેર ગયા પછી પણ તેની ક્ષય રોગની સુધરેલી સ્થિતિમાં વધારો થતો જ ગયો. ડૉક્ટરોના માટે આ માન્યામાં ન આવે તેવો ચમત્કાર હતો! આ વાત ગણા સાચી માનશે કે કેમ?

ગાંધીજીના પ્રાર્થના વિશેના વિચારો એટલા ઉત્તમ છે કે ફંટાયેલા જીવનને એક દિશા મળે છે. એમના થોડાક વિચારોને માણીએ. જેને પ્રાર્થનામાં શ્રદ્ધા છે તેને કોઈ પણ પ્રકારની ચિંતા ન હોવી જોઈએ. પ્રાર્થનાનો એક અર્થ એ છે કે આપણે આપણી સઘળી ચિંતા રોજ ઈશ્વરને ચરણે ધરી દઈએ છીએ. જો આપણે ઈશ્વરમાં માનતા હોઈએ તો એમાંથી એ ફલિત થાય છે કે આપણે તેની પ્રાર્થના કરવી જોઈએ. જેમજેમ તમે પ્રાર્થનામાં રસ લેતા જશો તેમતેમ તમને નિર્ભયતાનો અનુભવ થતો જશે. પ્રાર્થના હૃદયમાંથી આપોઆપ ઉભરાવી જોઈએ. જો કોઈને પ્રાર્થના બોજારૂપ લાગતી હોય

તો તેણે પ્રાર્થના ન કરવી.

પ્રાર્થના જેટલી કરીએ તેટલી સારી. પ્રાર્થનામાં અતિશયતા જેવી કોઈ ચીજ નથી. મેં તો એવો એક પણ માણસ નથી જોયો જેને પ્રાર્થનાની અતિશયતાથી નુકસાન થયું હોય. પ્રાર્થનાથી મનની હળવાશનો અનુભવ ન થાય તો તે પ્રાર્થના કૃત્રિમ સમજવી. પ્રાર્થના એ કંઈ ડોસીમાના ફુરસદના વખતનો વિનોદ નથી. જો તેનું રહસ્ય બરોબર સમજાય ને તેનો ઉપયોગ બરાબર થાય, તો તે આપણને કાર્ય કરવાની અદ્ભુત શક્તિ આપે છે. મનુષ્ય પ્રાર્થનામય રહેતો હશે તો તેની બધી પ્રવૃત્તિ દૈવી હશે રાક્ષસી ન હોય.

ઈશ્વર આપણી પ્રાર્થનાનો આપણે માગીએ તેમ આપણી ઢબે નહીં, પણ પોતાની રીતે જવાબ વાળે છે. પ્રાર્થના માટે પહેલાં શ્રદ્ધા આવશ્યક છે. કોઈ પણ પ્રાર્થના વ્યર્થ જતી નથી.

મન ભમે તોય પ્રાર્થના કરજો. એકાંતમાં બેસવું. આસનબદ્ધ થવું ને વિચારોને રોકવા. છતાં વિચારો આવે તોય પ્રાર્થના પૂરી કરવી. રફતે રફતે ઠેકાણે આવી જશે.

તમને પ્રાર્થના પ્રિય હોય, તમને પ્રાર્થનામાં શ્રદ્ધા થઈ હોય તો આ બંધનમાં ઇચ્છાપૂર્વક પડો.

ગાંધીજીનાં આ અવતરણો વાંચીને મનમાં એક ખળભળાટ જરૂર થઈ જાય. પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. ગાંધીજીનું આ અવતરણ સ્કૂલમાં શીખ્યા પછી આપણામાંથી અદશ્ય થઈ ગયું છે. આપણા માટે કરેલી પ્રાર્થનાની સાથેસાથે બીજાના ભલા માટે કરેલી પ્રાર્થનાથી આપણા વિચારો શુદ્ધ થાય છે, એવું ગાંધીજી પણ માનતા. બીજા માટે શુદ્ધ હૃદયથી કરાતી પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળે છે.

પ્રાર્થના આપણને આપણાથી મેળવે છે. સ્વામી વિવેકાનંદ કહેતા કે દિવસમાં એક વાર જાત સાથે વાત કરવી જોઈએ નહીં તો દુનિયાના શ્રેષ્ઠ માણસને મળવાનો મોકો તમે ગુમાવી દેશો.

જાત સાથેનો સંવાદ એ પ્રાર્થના છે. આપણે એકબીજાની એટલા નજીક આવી ગયા છીએ કે આપણી જાત સાથેનું અંતર વધી રહ્યું છે; એવામાં પ્રાર્થના આપણા નકામા વિચારોને ફેંકી દે છે, આપણને ભયથી મુક્ત કરે છે અને આપણામાં સર્વમંગલની ભાવના જગાડે છે. એક અખબારમાં આવેલું છે કે, પ્રાર્થના એટલે સૃષ્ટિના સર્જનહારનું ધ્યાન ધરવું તે. પ્રાર્થના એટલે પ્રભુનું સ્મરણ કરવું તે. પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક. પ્રાર્થના એટલે પ્રભુને પામવાનું પ્રથમ પગથિયું. પ્રાર્થના એટલે શ્રદ્ધા, સબૂરી અને વિશ્વાસનું પ્રતીક. પ્રાર્થના એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિનું ઔષધ. પ્રાર્થના એટલે આત્મા અને પરમાત્માને જોડતી કડી. પ્રાર્થના એટલે જીવન જીવવાની જડીબુટ્ટી. પ્રાર્થના એટલે ધર્મનું કર્મ અને કર્મની કૂચી. પ્રાર્થના એટલે પ્રભુને પામવાનો પારસમણિ. પ્રાર્થના એટલે સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ. પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે 'પ્રાર્થના'

આમ સંકટ સમયની પરિસ્થિતિમાં પ્રાર્થના એ મુખ્ય ભાગ ભજવે છે. પ્રાર્થના એ મનને સ્થિર અને શાંત કરવાનો સરળ અને સચોટ ઉપાય છે.

સંદર્ભઃ વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ

**– ડૉ મિહિર વોરા**

# જાકો રાખે સાંઈયા



નિમિષા મજમુંદાર

વર્ષ ૨૦૧૫નો નવેમ્બર મહિનો, આપણે ત્યાં ગુલાબી ઠંડીની શરૂઆત અને ન્યુઝીલૅન્ડમાં ઉનાળાના દિવસો. ન્યુઝીલૅન્ડના પ્રાકૃતિક સૌંદર્ય વિશે ખૂબ વાંચ્યું હતું, સાંભળ્યું હતું અને ફોટોગ્રાફ્સ પણ જોયા હતા એટલે એ ટૂર માટે મનમાં ખૂબ ઉત્સાહ હતો. ન્યુઝીલૅન્ડની ધરતી પર પગ મૂકતાં જ ખ્યાલ આવી ગયો કે અમે એક સપનું જીવવા ત્યાં પહોંચ્યાં હતાં. લીલાંછમ મેદાનો, ચારે તરફ રંગબેરંગી ફૂલો, હમણાં દોડીને ચઢી જઈશું એવી નાની-નાની ટેકરીઓ, ગમે તે દિશામાં પથરો ફેંકીએ તો જઈને કોઈ એક જળાશય કે નદીમાં પડે એટલા બધા જળસ્રોતથી છવાયેલી એની ધરતી; ટૂંકમાં કોઈ પણ પ્રકૃતિપ્રેમી જેના પ્રેમમાં પડી જાય એવો એ દેશ!

લગભગ વીસેક ટુરિસ્ટ્સના અમારા ગ્રુપમાં બીજા બધા અમારે માટે સાવ અજાણ્યા હતા, પણ બધા ગુજરાતી, એટલે બે જ દિવસમાં બધા એક કુટુંબ જેવા થઈ ગયા. એમાં અમે ત્રણ કપલ પંચાવન-સાઠ પસાર કરી ચૂકેલાં અને બાકીનાં યુવાનો અને બાળકો. પંદર દિવસની ટૂરમાંથી નોર્થ આઈલૅન્ડ ફર્યા એ દરમ્યાન તો બધા જ એકદમ આત્મીય થઈ ગયા. એક તો બસની બહાર ન્યુઝીલૅન્ડનું સ્વર્ગીય વાતાવરણ અને અંદર અંતાક્ષરી, ગૅમ્સ અને વાતો થકી અંદરનું વાતાવરણ જીવંત રહેતું. આ બધા સાથે ચાલુ બસમાં બધાના કૅમેરા ક્લિક્સ કરતા રહેતા. ટૂંકમાં બસનું વાતાવરણ સતત ચાર્જ્ડ રહેતું.

ટૂરનું બીજું અઠવાડિયું સાઉથ આઈલૅન્ડમાં હતું. એ પણ ખૂબ સુંદર પ્રદેશ હતો. નાનાં-નાનાં ગામ, બેઠા ઘાટનાં ઘરો અને ભરપૂર જળાશયો! જોકે અહીં પહાડો વધારે હતા અને ખાસા ઊંચા હતા. એ બધામાં હંમેશા બરફાચ્છાદિત રહેતો માઉન્ટ કૂક અમારી ટૂરનું પ્રમુખ આકર્ષણ હતો.

ન્યુઝીલૅન્ડના રહેવાસીઓ તો માઉન્ટ કૂકમાં ખાસ સ્કીઈંગ કરવા જાય, પણ આપણે માટે સ્નો અને સ્કીઈંગ બન્ને બીજી દુનિયાની વાતો જેવું, એટલે અમે ત્રણ સિનિયર કપલે એની હેલિકૉપ્ટર રાઈડ બુક કરાવેલી હતી. બાકીના જુવાનિયા પગે ચાલીને ગાઈડ સાથે પર્વત ખૂંદવાના હતા અને અમે છ જણા હેલિકૉપ્ટરમાં બેસીને માઉન્ટ કૂક સર કર્યાનો સંતોષ લેવાના હતા.

૨૧ નવેમ્બરે ક્વીન્સ ટાઉનથી નીકળીને, માઉન્ટ કૂકની વિઝિટ કર્યા પછી, અમારે ક્રાઈસ્ટ ચર્ચ પહોંચવાનું હતું. મારે માટે તો હેલિકૉપ્ટર રાઈડને કારણે એ દિવસ આખીય ટૂરનો સહુથી રોમાંચક દિવસ હતો. સવારે ક્વીન્સ ટાઉનથી અમારી બસ માઉન્ટ કૂકની દિશામાં ઊપડી. લગભગ સાડા ત્રણ કલાકનો રસ્તો હતો. અડધા કલાકમાં અમે સપાટ મેદાન છોડીને એકદમ પહાડોથી ઘેરાયેલા રસ્તા પર આવી ગયા. ચારે બાજુ પર્વતો જ પર્વતો. ક્યાંય કોઈ ગામ દેખાય નહિ અને વાહનો પણ જ્વલ્લે જ જોવા મળે એવો સૂનકાર રસ્તો. બધા ધમાલ-મસ્તીમાં ડૂબેલા હતા અને અચાનક બસની ઘરઘરાટી ખાસી વધી ગઈ અને પછી બસ એકદમ ધીમી પડી ગઈ. બધા શું થયું..? શું થયું..? પૂછતા ટૂર મૅનેજરને ઘેરી વળ્યા. એને પણ આશ્ચર્ય તો થયું જ હતું!

બસનો ડ્રાયવર ન્યુઝીલૅન્ડનો જ રહેવાસી અને ખૂબ અનુભવી હતો. મને યાદ છે એ મુજબ, એણે મૅનેજરને જણાવ્યું કે બસનો ફયુઅલ પંપનો બેલ્ટ ડેમેજ થયો હતો. બસને રોકી શકાય એમ નહોતું, ઊભી રાખવાનો કોઈ અર્થ પણ નહોતો. એકદમ ધીમી ગતિથી ખૂબ કાળજીથી એ બસ ચલાવતો હતો. એના કહેવા પ્રમાણે નજીકનું ગામડું ખાસું દૂર અને એ પણ આ દુર્ગમ પહાડો પૂરા થાય પછી જ હતું. અમને બધાને માઉન્ટ કૂક પહોંચવાની ઉતાવળ હતી. બસમાં ઘણા પાસે મોબાઈલ હતા અને ઈન્ટરનેશનલ રોમિંગવાળા હતા. ફટાફટ મોબાઈલ બહાર આવ્યા. ત્યાં મૅનેજરનો અવાજ સહુને સંભળાયો, ફ્રેન્ડ્ઝ, અહીં ટાવર નથી એટલે નેટવર્ક નહિ આવે. આગળ સંદેશો મોકલી શકવાની કોઈ શક્યતા જ નથી, નહિ તો મેં પહેલાં જ એ કરી દીધું હોત! આપણે હવે ઈશ્વરને પ્રાર્થના કરવાની રહી કે આપણને નજીકના ગામડા સુધી હેમખેમ પહોંચાડી દે. ત્યાં ગયા પછી જ મોબાઈલ ચાલશે અને મિકેનિકને બોલાવવાની વ્યવસ્થા થઈ શકશે! સહુને હવે પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ! અમે અજાણ્યા દેશમાં, દુર્ગમ પહાડો વચ્ચે, કોઈ જ મદદની આશા-અપેક્ષા વગર, ગમે ત્યારે બંધ થઈ શકે એવી એક બસમાં સવાર હતા. હૃદયનો ફફડાટ શબ્દોમાં વ્યક્ત થઈ જ ન શકે એ હદે નસનસમાં વ્યાપી ગયો!

આવી પરિસ્થિતિમાં બીજું શું થાય! બધાએ સમૂહમાં હનુમાન ચાલીસાના પાઠ ચાલુ કરી દીધા! અમને છ સિનિયર્સને ચાલીસા મોઢે હતા, બીજા પણ અમારી સાથે જોડાયા. પછી તો જેને જે સ્તોત્ર અને પ્રાર્થના આવડતી હોય એ ઉપાડે અને બીજા ઝીલે.

થોડા સમય પહેલાંનું આનંદ-પ્રમોદનું વાતાવરણ, શ્રદ્ધાના રંગમાં રંગાઈ ગયું. ખાસો સમય આમ જ પસાર થયા પછી અંતે અમે પહાડોની પાર એક ગામ જોયું ત્યારે બધાના હૈયે 'હાશ..' ના સૂર ઊઠ્યા. એ ગામડું જ હતું. બાજુના મોટા ગામમાંથી મોટરસાઈકલ પર મિકેનિક જરૂરી પાર્ટ્સ લઈને આવ્યો. બહાર ખૂબ તોફાની પવન ફૂંકાતો હતો. એવામાં બસની અંદર ટોળે વળીને સહુ એકબીજાને હૈયાધારણ આપતા રહ્યા. બસ રીપેર તો થઈ પણ હવે માઉન્ટ કૂકની હેલિકૉપ્ટર રાઈડ શક્ય લાગતી નહોતી! અમે છ જણાં, જેમણે હેલિકૉપ્ટર રાઈડ આગળથી બુક કરાવી હતી એમણે હજુ આશા છોડી નહોતી. અમે કોઈ પણ રીતે ત્યાં પહોંચવા માંગતા હતા.

ટૂર મૅનેજરે એક ચાન્સ લેવાનું નક્કી કરીને બસ ઉપાડી. પવન એટલો હતો કે બસમાં એનાં આંદોલન અનુભવી શકાતાં હતાં. ત્યાં પહોંચ્યાં ત્યારે કુદરતની એ અદ્ભુત રચના જોઈને ખ્યાલ આવ્યો કે શા માટે માઉન્ટ કૂક એ ન્યુઝીલૅન્ડના 'મસ્ટ વિઝિટ' ડેસ્ટિનેશનમાં ગણાતો હતો! ભૂરા પહાડો પર બરફની સફેદ ચાદર અને એના પર સોનેરી આભા પાથરી રહેલાં રવિકિરણો.., આખુંય દૃશ્ય અકવિને પણ કવિમાં પલટાવી દે એટલું પ્રભાવી હતું!

હેલિકૉપ્ટર રાઈડના સેન્ટર પર બસ અટકી. પવન થોડો મંદ પડ્યો હતો. ત્યાંથી જવાબ મળ્યો કે પવનને કારણે રાઈડ ડીલે કરવામાં આવી હતી. જેમનું પહેલું બુકિંગ હતું એ ગ્રુપને લઈને ઊડવા માટે હેલિકૉપ્ટર તૈયાર ઊભું હતું. અમે બીજા નંબરે હતા અને અમારા પછી જેમનો વારો હતો એ છ જણાનું ગ્રુપ પણ ત્યાં તૈયાર ઊભેલું હતું. એ લોકો લગભગ અમારી જ ઉંમરના યુરોપિયન ટુરિસ્ટ્સ હતા. અમારો વારો એક-દોઢ કલાક પછી આવે એમ હતો. આખીય વાતમાં મોટી ગૂંચ એ હતી કે અમારે સાંજ સુધી ક્રાઈસ્ટ ચર્ચ પહોંચવાનું હતું. અમારા ગ્રુપના યંગસ્ટર્સે ક્રાઈસ્ટ ચર્ચમાં 'ઈન્ટરનેશનલ એન્ટાર્કટિક સેન્ટર'માં બુકિંગ કરાવેલું હતું. જો અમે હેલિકૉપ્ટર રાઈડ માટે રોકાવાનો આગ્રહ રાખીએ તો એ લોકો એ ચૂકી જાય. એમની સંખ્યા વધારે હતી. ખૂબ ચર્ચાને અંતે, અમે છ સિનિયર્સે બાકીના જુવાનિયા માટે થઈને અમારું સપનું અધૂરું મૂકવાનો નિર્ણય કર્યો. એ લોકોએ તો અમારા પગ પકડવાના જ બાકી રાખ્યા! ત્યાં આસપાસ થોડું ફરીને, માઉન્ટ કૂક જોયાનો આછેરો સંતોષ લઈને, અત્યંત દુ:ખી હૃદયે અને ખાસ તો પેલા છ યુરોપિયન ટુરિસ્ટ્સની ઈર્ષા કરતાં-કરતાં, અમે માઉન્ટ કૂકને અલવિદા કહ્યું!

આખી વાતમાં સહુથી વધારે દુ:ખી હું હતી. આકાશમાંથી ઊડતાં-ઊડતાં બરફાચ્છાદિત પહાડોનું સૌંદર્ય માણવાની મહેચ્છાનું બાળમૃત્યુ થયું હતું. અત્યાર સુધી સ્મૂધ ચાલેલી ટૂરના પ્રોગ્રામમાં ફક્ત અહીં મોટી ગડબડ થઈ હતી. મન ક્ષુબ્ધ હતું, આખે રસ્તે મૂડ આઉટ રહ્યો, પણ 'બલિયસી કેવલમ્ ઈશ્વરેચ્છા' સમજીને અમે પણ 'એન્ટાર્કટીક સેન્ટર' જોવામાં બીજા સાથે જોડાયા. સેન્ટરમાંથી બહાર આવીને જેવા અમે બસમાં ચઢ્યા

કે અમારો ડ્રાઈવર મારી સામે દોડી આવ્યો અને હું કંઈ સમજું એ પહેલાં મારો હાથ પકડીને એ બોલ્યો, કૉન્ગ્રેચ્યુલેશન્સ.. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો!

એની જોડે ઊભેલો ટૂર મૅનેજર બોલ્યો, મેડમ, ઈશ્વરે આજે તમને બચાવી લીધા! હમણાં જ સમાચાર મળ્યા કે તમે લોકો જે હેલિકૉપ્ટરમાં જવાના હતા તે ક્રેશ થઈ ગયું! તમારે બદલે રાઈડમાં જવાનો જેમને ચાન્સ મળેલો, તે છ યુરોપિયન ટુરિસ્ટ્સ અને પાઈલટ, કોઈના જીવતા હોવાની આશા નથી!'' હું ત્યાં જ બેસી પડી. 'શું આને જ સાક્ષાત્કાર કહી શકાય? અમારી બસ બગડવી.., સતત ત્રણ કલાક ઈશ્વર સ્તવનમાં ગાળવા.., જે હેલિકૉપ્ટર રાઈડની શક્યતા નહિવત્ હતી તે જ્યારે શક્ય બની ત્યારે બીજાની ખુશી માટે પોતાના સપનાનું બલિદાન આપવું..!' અમારો જીવ બચાવવા માટે આજે ખુદ ઈશ્વરને કેટકેટલા દાખડા કરવા પડ્યા! હું તો એને, એ દુર્ગમ પહાડોમાંથી અમને હેમખેમ બહાર કાઢવા પ્રાર્થી રહી હતી અને એણે તો અમને મૃત્યુના કળણમાંથી બહાર ખેંચી કાઢ્યા! થોડા કલાક પહેલાં જે છ યુરોપિયનોની હું ઈર્ષા કરતી હતી, અત્યારે એમની સદ્ગતિ માટે પ્રાર્થના કરતી હતી! આંખ વહેતી હોવાનું પણ ભાન ન રહ્યું અને શ્રદ્ધાથી તરબતર હૃદય ઈશ્વરનો આભાર માની રહ્યું! સાચે જઃ 'જાકો રાખે સાંઈયા, માર સકે ના કોય!'

૨૧ નવેમ્બર ૨૦૧૫નો એ દિવસ આજે પણ યાદ આવે ત્યારે રૂંવાડાં ઊભાં થઈ જાય છે! બાળપણમાં સમજણ વગર, ફક્ત સંસ્કાર-વશ, અસ્તિત્વ સાથે જોડાયેલી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા; એ દિવસે સાચા અર્થમાં મૂર્ત બની! ઈશ્વર ક્યારેય નજરે દેખાતો નથી, પણ એના હોવાની અનુભૂતિ આપણને ક્યારેક આવી રીતે થાય છે!

**- નિમિષા મજમુંદાર**

# તે જ હું તે જ હું



પદ્મજા વસાવડા

સંસારમાં હંમેશા તર્ક અને શ્રદ્ધા વચ્ચે વિવાદ ચાલ્યો આવે છે. તે જ રીતે આસ્તિક અને નાસ્તિક બન્ને વચ્ચેનો એક વર્ગ બુદ્ધિવાદી. જે એમ જ માને છે કે આ સૃષ્ટિમાં જે બધું સર્જન થયું છે તે માત્ર વૈજ્ઞાનિક, ભૌગોલિક પરિબળોને આધારે જ છે જ્યારે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનારને દૃઢ વિશ્વાસ છે કે ઈશ્વરે જ આ સજીવ સૃષ્ટિનું સર્જન કર્યું છે અને વિસર્જનની દોર પણ તેના જ હાથમાં રહેલી છે.

આપણા જીવનકાળ દરમ્યાન ઘણી એવી ઘટનાઓ બનતી હોય જ્યારે પરિસ્થિતિ આપણા નિયંત્રણ હેઠળ ન હોય ત્યારે આપણે ઈશ્વર નામ-સ્મરણનો જ આધાર લેતાં હોઈએ છીએ. ઘણા અનુભવો એવા થાય કે આપણે આશા હારી ગયા હોઈએ ત્યારે ચમત્કારિક બચાવ થાય અને જાણે કોઈ અલૌકિક, દિવ્ય શક્તિએ આપણને ઉગારી લીધા હોય!

મારા જીવનમાં અસંખ્યવાર એવા બનાવો બન્યા છે જ્યારે કોઈ અલૌકિક શક્તિએ આબાદ ઉગારી લીધાં હોય! પરિસ્થિતિ વિકટ બની હોય, કોઈ માર્ગ ન સૂઝે ત્યારે મંત્ર, જાપ કર્યા હોય ત્યારે માનસિક શાંતિ મળે અને પ્રશ્નનો હલ મળી જાય!

આજના સમયમાં વાહન-વ્યવહારનાં મુખ્ય સાધનોમાં બસ, ટ્રેન, પ્લેન, ટુ વ્હીલર, થ્રી વ્હીલર કે ફોર વ્હીલર જ હોય. લાંબા અંતરના પ્રવાસમાં ઘણીવાર એક્સિડન્ટમાંથી આબાદ બચાવ થયો હોય તેવું બન્યું છે. એકવાર અમદાવાદ – રાજકોટ હાઈ વે ઉપર ટ્રાફિકમાં ઓચિંતી જ કારની બ્રેક ફેઈલ થઈ ગઈ અને ખ્યાલ આવ્યો પણ ટ્રાફિકમાં કંઈ થઈ શકે તેમ ન હતું. સામેથી વાહનો આવતાં હતાં. આસપાસ કોઈ હોટેલ કે કંઈ દેખાતું નહોતું. લીમડી ૧૩ કિલોમીટર દૂર હતું. ડ્રાઈવરે કહ્યું કે બ્રેક ફેલ થઈ ગઈ છે અને બધાનાં જીવ અદ્ધર થઈ ગયા. હંમેશ મુજબ જાપ શરૂ કરી દીધા. ડ્રાઈવરે સમયસૂચકતા

વાપરીને એક ઝાડ દેખાયું ત્યાં સાઈડમાં કાર વાળી લીધી જેથી ઝાડ સાથે અથડાય તો બંધ પડી જાય અને મોટી હોનારત નિવારી શકાય. તેમ જ થયું અને બધાના જીવ હેઠા બેઠા. આવા અકસ્માતના બનાવો જીવનમાં ઘણી વાર અનુભવ્યા ત્યારે હંમેશા ''રામ રાખે તેને કોણ ચાખે?''ની કહેવત જાણે સાચી પડતી લાગી.

એકાદ વર્ષ પહેલાં અહીં અમેરિકામાં ઘરથી થોડે દૂર સિગ્નલ ઉપર કાર ઊભી રાખી હતી ત્યાં અચાનક જ પાછળથી એક કાર આવીને જોરદાર ધડાકા સાથે ભટકાઈ. કોણ જાણે કોણે પ્રેરણા આપી હશે કે નાની કારમાં જતાં હતાં ત્યાં વિચાર બદલાયો અને મોટી કારમાં નીકળ્યાં. તેથી કારને ઘણું નુકસાન થયું, પણ અમને કોઈ હાનિ ન પહોંચી. નહીં તો શું બન્યું હોત! આવા અનેક પ્રસંગો બન્યા છે ત્યારે મારા મોઢેથી, ''મારનાર કરતાં રાખનાર મોટો છે, વડીલોના આશીર્વાદ, ઈશ્વર કૃપા'' જેવા ઉદ્દગાર સરી પડે!

બરોબર સાત વર્ષ પહેલાં બાથરૂમમાં નાહી, ગૅસ ગીઝરની સ્વીચ બંધ કરી પછી શું બન્યું એ ખબર જ નથી. ચાર કલાક બાદ ભાન આવ્યું, આંખ ખૂલી ત્યારે હૉસ્પિટલના આઈ. સી. યુ.માં હતી. કંઈ સમજાયું નહીં. ''હું ક્યાં છું?'' ડોક્ટર્સને જોઈને ''તમે બધાં અહીં કેમ?'' વ. પ્રશ્નોની ઝડી વરસાવી ત્યારે જાણ્યું કે બાથરૂમમાં બેભાન અવસ્થામાં પડી હતી. ઘણી વાર લાગી તેથી બારણું ખખડાવ્યું, પણ જવાબ ન મળ્યો તેથી ઉપર વેન્ટિલેશનમાંથી જોયું તો બેભાન પડી હતી. સુતારને બોલાવી નકૂચો તોડાવી, બારણું ખોલ્યું. એમ્બ્યુલન્સમાં અહીં દાખલ કરી. ડૉ.ને ધરપત થઈ કે સ્મૃતિપટ ઉપર તો અસર નથી થઈ. વિવિધ પ્રકારના જરૂરી ટેસ્ટ કરાવ્યા. બધા રીપોર્ટ નૉર્મલ આવ્યા. જો બ્રેઈન હેમરેજ થયું હોત! યાદશક્તિ જતી રહી હોત! કોઈ અન્ય હાનિ પહોંચી હોત તો? જો કંઈ વિપરીત બન્યું હોત તો શું થઈ શકત એ વિચારે આજે પણ ધ્રૂજારી છૂટે છે! જાણે માએ પડતાં પહેલાં તેના ખોળામાં ઝીલી લીધી હશે? કોઈ અદૃશ્ય, ગેબી તત્ત્વએ જ કોઈ પણ પ્રકારની ખરોચ પણ ન આવવા દીધી. ઈશ્વરના ઘરની ટિકિટ મળી. ચાર કલાક સુધી બારણાં ખખડાવ્યા. આખરે જવાબ મળ્યો. ''આ તો આર.એ.સી.નું બુકિંગ છે અને બર્થનો ક્વોટા ફૂલ છે એટલે પાછા જાઓ.'' ફરી ચેતન આવ્યું. ધીરે ધીરે રાબેતા મુજબનું જીવન શરૂ થયું. આ તબક્કે પરમકૃપાળુ પરમાત્માનો ખૂબ ખૂબ આભાર. સાથોસાથ તાત્કાલિક સારવાર માટે દોડધામ કરનાર કુટુંબીજનો, ડૉક્ટરોનો આભાર. રૂબરૂ, ફોન તથા સંદેશા દ્વારા લાગણી વ્યક્ત કરનાર સ્વજનોનો પણ આભાર.

ત્રણ વર્ષ પહેલાં જેની કલ્પના પણ નહોતી કરી તેવી એક મહામારીએ વિશ્વભરના કેટલાય લોકોને તેના સકંજામાં લઈ લીધા. ત્યારે અમારો પરિવાર પણ તેનો શિકાર બન્યો. સતત એક જ રટણ ચાલુ રાખ્યું,

''તું હી મા, તું હી મા, અમને સાચવજે શરણમાં મા, પ્રેમેથી પ્રાર્થના કરીએ. . .''

અને તેણે ઉગારી લીધાં. આ સમય દરમ્યાન સર્વ શક્તિમાનના સામર્થ્યનો પરિચય પણ જગત આખાને મળી ગયો!

આ ઘટના બાદ સૌથી મોટી અનુભૂતિ એ થઈ કે ઈશ્વરે, ''ચિંતા કરમાં, તારું ધ્યાન રાખે છે ભગવાન.''ની હંમેશની પ્રાર્થના સાંભળી. Shadow of an event is more dangerous, than the event itself."ની જેમ જ્યારે વિચાર્યું કે પુનર્જીવન તો મળ્યું, પણ જો કોઈ મોટી તકલીફ થઈ ગઈ હોત તો? ત્યારે કંપારી છૂટી ગઈ!

દરેકના જીવનમાં ક્યારેક તો આવા બનાવો બન્યા જ હોય અને મનોમન ઈશ્વરનો આભાર માની લેવાય. આપણી સંસ્કૃતિમાં કોઈ કાર્યની શરૂઆત કરીએ ત્યારે દીપ પ્રાગટ્યની પ્રથા એ જ દર્શાવે છે કે દીપ પ્રગટાવીને એક અલૌકિક, દિવ્ય ચેતનાનું આવાહન કરીએ, જે ત્યાં પરોક્ષ રૂપે હાજર હશે! આપણામાંથી ઘણાને એવી ટેવ હોય છે કે કોઈ અગત્યનું કાર્ય થવાનું હોય તો અખંડ દીવો રાખીએ કે પછી ''આટલી વાટના દીવા કરીશ'' એવો સંકલ્પ કરીએ. તેનાથી કોઈ ગેબી શક્તિ આપણું મનોબળ મજબૂત કરે છે એ તો ખરું જ! કોઈએ સાચું જ કહ્યું છે,

''हर तरफ हर जगह हर कहीं पे
है हां उसी का नूर, कोई तो है जिसके
आगे है आदमी मजबूर।''

આપણે જ્યારે વિપત્તિમાંથી ઊગરી જઈએ ત્યારે અલબત્ત ઈશ્વરનો આભાર માનીએ છીએ, પરંતુ જીવનમાં ઘણા દુઃખદ બનાવો પણ બનતા હોય, કસમયે આપણા નિકટના સ્વજનને ગુમાવી બેસીએ ત્યારે ઈશ્વર ઉપરનો ભરોસો ક્યારેક તૂટી પણ જાય પરંતુ,
''हम सब रंगमंच की कठपुतलियां हैं,
जिनकी डोर ऊपरवाले के हाथ में है।''
એ સનાતન સત્ય સ્વીકારીને, જીવનમાં એ પાલનહારને સહારે આગળ વધવું જ પડે કારણકે એ જ દુઃખ આપે છે તો તેમાંથી ઉગારે પણ એ જ છે. અંતે એટલું જ,

''ઉપકાર તમારા ભારી રે હે શ્રીનિવાસા...

**– પદ્મજા વસાવડા**

# અલૌકિક અનુકંપા



**પરાશર દ્વિવેદી**

(સન ૨૦૦૦ના જાન્યુઆરી માસમાં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈને આજે ૨૦૨૪ના ઐતિહાસિક જાન્યુઆરીમાં, મને ભૂતકાળમાં થયેલી ''અલૈકિક અનુકંપા'' જણાવતાં આનંદ વ્યક્ત કરું છું.

બધાં જ પાત્રો અસલ નામ ધરાવે છે. નાટકીય નથી, સંપૂર્ણ વાસ્તવિકતાથી ભરેલી સત્યતા છે.

કૃપા માત્ર ઈશ્વરની જ હોય, ''એની મરજી''.)

બાળપણમાં નિયમિત રીતે શ્લોકો બોલવાના, રાત્રે સૂતા પહેલાં પ્રાર્થના કરવાની, જમતા પહેલાં ૐ નમઃ શિવાય પાંચ વખત મનમાં બોલવાનો મંત્ર વ. સંસ્કાર સહજપણે આપવામાં આવ્યા હતા. મોટા થયા એટલે સહજ રીતે ક્ષીણ થયા, પરંતુ લોપાયા ન હતા.

વિજ્ઞાન પ્રવાહમાં ભણીને, હું, પરાશર, સરકારી નોકરીમાં સ્થિર થયો. વડોદરામાં નિયુક્તિ મળી. વડોદરાના દાંડિયા બજારમાં આવેલા શ્રી અરવિંદ નિવાસ, બંગલો-૧૫, ૧૯૭૦ સુધી સરકારી આવાસ તરીકે ઉપયોગમાં લેવાતો હતો અને તેથી એ પવિત્ર સ્થળની મુલાકાત લેવાના પ્રસંગો, સરકારી કાર્ય માટે, વખતોવખત ઉપસ્થિત થતા હતા. તે સમયે મને ખબર ન હતી કે આ ઐતિહાસિક બંગલો માત્ર સરકારી આવાસ નથી, પરંતુ ૨૦મી સદીના મહાન ક્રાંતિકારી, અને પછી યોગી, કવિ અને ઋષિ જેવા શ્રી અરવિંદ, ૧૮૯૮થી ૧૯૦૬ સુધી રહેઠાણ ધરાવતા હતા! નિયતિએ નક્કી કર્યા પ્રમાણે મને શ્રી અરવિંદનાં પૂર્ણયોગની સમજ આપતાં પુસ્તકો, સામાયિકો વ. વાંચવાની તક સાંપડી. નાનપણમાં બીજ રોપાયાં હતાં. એટલે ઉત્કંઠા, આશ્ચર્ય અને રસ વધવા માંડ્યા, અંતે શ્રદ્ધામાં પરિણમ્યાં, જે આજે ૮૨ વર્ષે પણ તીવ્ર છે.

સ્વ. પિતા સુબોધચંદ્ર દ્વિવેદી અને પુત્રી સૌ. સંહિતાનો

સાથ મળ્યો.

પૂર્ણયોગની સમજણ અને નવી વાતોની ચર્ચા ચાલી. ભાઈઓ અભિનવ, ડૉ. અદ્વૈત, અને નિરલ સાથે એ અંગેના સંદેશાવ્યવહાર વધવા માંડ્યા, સાથે સાથે પત્ની અજેષા અને બાળકો સાથે પોંડીચેરીની મુલાકાતો પણ વધવા માંડી, આમ બધું વધવા માંડ્યું અને માનસતટ ઉપર એક ગંજાવર શ્રી અરવિંદ આશ્રમની કાયમી બાંધણી થઈ.

વડોદરાનું શ્રી અરવિંદ નિવાસ ૧૯૭૧માં, વિદ્વાન રાજકરણી ડૉ. કરણસિંહના હસ્તે શ્રી અરવિંદ સોસાયટીને સોંપવામાં આવ્યું. હવે તે સરકારી આવસ ન રહ્યું. તેના વિકાસ અને પ્રવૃત્તિઓમાં વેગ આવ્યો. હું પણ ધગશથી કાર્ય કરવા લાગ્યો. સરકારી નોકરી સાથે ૧૯૮૫થી ૧૯૯૬ સુધી ''યુથ કૉઑર્ડિનેટર'' તરીકે કાર્યભાર સંભાળ્યો. યુવાનો માટે કેમ્પ, યોગાસનો, સ્પર્ધાઓ વ. યોજ્યાં.

ફેબ્રુઆરી ૧૯૯૩માં, શ્રી અરવિંદને ઈંગ્લૅન્ડથી સીધા વડોદરા આવવાનાં ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોઈ, ચાર દિવસનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલો હતો જેમાં આખા વડોદરા શહેરે ભાગ લીધો હતો તે સમગ્ર આયોજનની ટીમમાં મેં પણ યોગદાન આપ્યું હતું.

જાન્યુઆરી ૨૦૦૦માં નોકરીમાંથી નિવૃત્ત થયો, પરંતુ સ્વભાવ નિવૃત્તિનો ન હોઈ ઈશ્વરે મારે માટે કાર્ય નિર્માણ કરી રાખ્યું હતું.

૨૦૦૩ના માર્ચ માસમાં વડોદરાની વિકાસ જ્યોત સંસ્થાના અગ્રગણ્ય અને સામાજિક કાર્યકર શ્રીમતી જ્યોત્સ્નાબહેન શાહનો ફોન આવ્યો.

''શું કરો છો?''

''બસ રીટાયર થયો ને બેઠો છું''

''ચાલો કાલથી શ્રી અરવિંદ નિવાસમાં સેક્રેટરી તરીકે કામ શરૂ કરી દો''

''તમારો હુકમ'' (હસતાં હસતાં સ્વીકાર્યો)

આમ મોસાળમાં જમણ અને મા પીરસનારી! એવી મજાની તક આપોઆપ ઉત્પન્ન થઈ જે બાદમાં વટવૃક્ષ થઈ.

શ્રી અરવિંદ નિવાસ સાથે ૧૯૬૮-૬૯થી એકયા બીજી રીતે જોડાયેલો તો હતો જ, પણ હવે જવાબદારી અને અધિકાર સાથે કાર્ય કરવાનું હતું. એ સત્કાર્યમાં આનંદ અને ઉત્સાહ સાથે આંતરિક પ્રગતિ પણ થતી હતી.

(વાચક્ને આ લેખના મથાળા બાબત જાણવાની જિજ્ઞાસા હશે જ એટલે હવે એનો અંત લાવીએ. અત્યર સુધી તમે મને વેઠ્યો છે એ બદલ આભાર)

આધ્યાત્મિક સ્થાનોમાં અને તે અંગેનાં કાર્યોમાં 'કૃપા' થતી જ હોય છે અને તે કારણે તેવાં સ્થાનો, વિચારો, વ્યક્તિઓની સુવાસ જળવાઈ રહે છે. સાથે સાથે ધીમું પણ પ્રચ્છન્ન ઘડતર પણ થતું રહે છે.

ચાલો ત્યારે એ 'અલૈકિક અનુકંપા''ની વાત કરીએ.

વડોદરામાં ઘણાં વર્ષોથી 'નાગર સેવા સમાજ'નું કાર્ય કરતાં સ્વ. શ્રી. અરવિંદભાઈ વૈશ્નવના

સ્મરણાર્થે તેમના કુટુંબીજનો દ્વારા ''શ્રી અરવિંદરાય કેશવરાય ચેરીટેબલ ટ્રસ્ટ'' સ્થાપવામાં આવેલું છે. તેનો ઉદ્દેશ વડોદરા શહેરમાં સૌંદર્યકરણ, ઐતિહાસિક ઇમારતોની જાળવણી, નામાંકિત મહાનુભાવોની પ્રતિમા સ્થાપવી વ. છે. તે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી સ્વ. શ્રી મૌલિનભાઈ એક વખત મને મળવા શ્રી અરવિંદ નિવાસમાં આવ્યા અને જણાવ્યું કે શ્રી અરવિંદની પ્રતિમા શહેરના મુખ્ય માર્ગ ઉપર સ્થાપિત કરીને તેમને કાયમી શ્રદ્ધાંજલિ આપીએ.

હું તેમને અમારા ચૅરમૅન શ્રી. સ્વ. હંસકુમાર માંકડ (જેને અમે માંકડકાકા તરીકે બોલાવતા હતા) પાસે લઈ ગયો અને એ અંગેની ચર્ચા કરીને નીચે પ્રમાણે નક્કી કર્યું

૧) વડોદરાના ઍરપોર્ટથી શહેરમાં આવતો મુખ્ય માર્ગ ઉપર આવતા ચાર રસ્તા ઉપર હાલ ત્રણ પ્રતિમા સ્થાપિત છે.

શ્રી નરસિંહ મેહતા, શ્રી રમણલાલ વસંતભાઈ દેસાઈ (નવલકથાકાર) અને કવિ શ્રી નર્મદ. બાકી રહેલી ચોથી જગ્યાએ શ્રી અરવિંદની પ્રતિમા મૂકવી તે માટે વડોદરા મ્યુનિ. જગા આપશે.

૨) પ્રતિમાથી સ્થાપના માટેનું ''પ્લૅટ ફૉર્મ'' તેના કાર્યક્રમનું આયોજન અને ખર્ચ ટ્રસ્ટ આપશે.

૩) પ્રતિમાની પસંદગી અને ખર્ચ શ્રી અરવિંદ સોસાયટી આપશે.

૪) પ્રતિમાની સ્થાપના, શ્રી અરવિંદના જન્મદિન ૧૫મી ઑગસ્ટ – ૨૦૦૪ના રોજ કરવી.

આમ અમારે શ્રી અરવિંદની પ્રતિમા આપવાની હતી એટલે એ અંગેની ચર્ચા ચાલી અને અંતે મિશ્ર ધાતુની (ઇછ્યગણ) પ્રતિમા મૂકવી એમ નક્કી કર્યું. સોસાયટી માત્ર દાન ઉપર નભતી હોઈ ખર્ચનો પ્રશ્ન પણ હતો.

ભારતની પ્રખ્યાત 'ઇછ્યગણ ઠ્યઇઅગ' શ્રી જસુબહેન શિલ્પી, અમદાવાદનો સંપર્ક કરીને તેમની મુલાકાતે હું, શ્રી વસંતભાઈ પટેલ અને શ્રીમતી અવંતિકાબહેન માંકડ અમદાવાદ ગયાં. સ્વ. જસુબહેન માહિતી આપતાં જાય, ટેક્નિક સમજાવતા જાય. ત્યાં તૈયાર થઈને મૂકેલી પ્રતિમાઓ (છત્રપતિ શિવાજી, વિનુ માંકડ, સુભાષચંદ્ર બોઝ, રવિશંકર મહારાજ) જોઈ. સ્વ. જસુબહેનને પૂછ્યું કે શ્રી અરવિન્દની ૩૦'' ઊંચી પ્રતિમા બનાવવા માટે કેટલો સમય લાગે? શું કિંમત થાય? તેમણે જણાવ્યું કે પ્રથમ ''પ્લાસ્ટર ઑફ પેરિસ''ની પ્રતિમા બનાવે બરાબર લાગે તો પછી ધાતુમાં ઢાળે. ૩૦''ની ઊંચાઈ વાળી પ્રતિમા રૂ. ૧૩૦૦૦૦/–માં એક માસમાં તૈયાર થઈ જાય.

અમે ચર્ચા કરી જણાવ્યું કે બરાબર, અમે ૧૫ દિવસ પછી ''પ્લાસ્ટર ઑફ પેરિસ''નું પૂતળું જોવા આવીશું. સ્વ. માંકડ કાકાને ફોનથી વિગતો જણાવી તેમણે કહ્યું કિંમત વધારે છે, પણ ચાલશે. આમ અનુમતી મળતાં પરત વડોદરા આવ્યા અને ૧૫ દિવસ પછી ફરી જોવા ગયાં પૂતળું તૈયાર હતું. શ્રી અરવિંદનો ફોટો આપ્યો હતો એને અનુરૂપ હતું, પરંતુ શ્રી અરવિંદ જેવી મહાન વિભૂતિ માટે અને ૭૫' ફૂટ પહોળા રાજમાર્ગ ઉપર મૂકવા માટે પ્રતિમાનું ૩૦'' ઊંચાઈનું કદ ઘણું નાનું લાગતું હતું.

દૂરથી વાહનચાલકને દેખાય પણ નહીં એટલે જોતાંની સાથે જ મનમાં 'નકાર' ઉત્પન્ન થયો તેથી પૂછ્યું કે ''આથી મોટી સાઈઝનું બનાવીએ તો કેવું?''

જસુબહેન કહે ''થાયને ૪૫'નું બનાવીએ'' મેં કહ્યું બરાબર. 'ઋક્ષ ફવયફમ શવિં ૪૫' ફિંહહ'', હા, પણ તેની કિંમત કેટલી થશે? કિંમત વધીને રૂ.૨,૪૦,૦૦૦/- થશે. તે વખતે મને શૂર ચઢેલું એટલે કોઈને પૂછ્યા વગર જણાવ્યું કે ''કશો વાંધો નહી, પણ આપણે ૪૫'' ઊંચાઈનું જ ઇઞજ્ઞ જોઈએ'' આ શ્રી અરવિંદ ભક્તિના ઉત્સાહમાં ૪૫'' ઊંચાઈનું ઇઞજ્ઞ નક્કી કરીને વડોદરા આવીને શ્રી. સ્વ. હંસકુમાર માંકડને હકીકત જણાવી.

શ્રી માંકડ કાકા કહે આટલાં બધાં નાણાં લાવીશું ક્યાંથી?

''મેં કહ્યું થઈ પડશે, શ્રી અરવિંદની પ્રતિમા તો જાજરમાન જ હોવી જોઈએ.'' શ્રી માંકડકાકાને ગમ્યું ન હતું, પરંતુ એ સજ્જન વડીલ કશું બોલેલા નહીં.

૧૫મી ઑગસ્ટના કાર્યક્રમની ઈતર તૈયારીઓ શરૂ કરી દીધી.

ડૉ. કરણસિંહ, મુખ્ય સચિવશ્રી પ્રવીણચંદ્ર લહેરી, કલેક્ટર શ્રી ભાગ્યેશભાઈ, પોંડીચેરી આશ્રમના અગ્રગણ્ય હોદ્દેદારો, વિદ્વાનો તેમ જ શહેરના અગ્રગણ્ય નાગરિકો વ.ને આમંત્રણ આપવાની કાર્યવાહી ટ્રસ્ટના સહયોગમાં ચાલી.

સમયાનુસાર શ્રી અરવિંદની ભવ્ય અને સુંદર પ્રતિમાને અમદાવાદથી વાજતેગાજતે વડોદરા લાવ્યા. દિવસ-રાત આનંદ અને ઉત્સાહનું વાતાવરણ હતું, પરંતુ કોક ક્ષણે મેં ગજા બહારના ખર્ચનો ઑર્ડર આપેલો તે યાદ આવી જતું અને પછી કામમાં એની ચિંતા ભૂલી જતો હતો.

શ્રી અરવિંદ નિવાસ, સરકાર પાસેથી મેળવવા માટે અગાઉની પેઢીના સ્વ. અંબા પ્રેમી શાહ, શ્રી પશાભાઈપટેલ (મૂળ નિવાસી પેટલાદ), સ્વ. વોટુભાઈ ભટ્ટ વિ. ૧૯૬૫થી ૧૯૭૧ સુધી સતત પ્રયત્નો કર્યા હતા અને છેવટે ૧૯૭૧માં ડૉ. કરણસિંહજીને હસ્તે શ્રી અરવિંદ નિવાસ શ્રી અરવિંદ સોસાયટીને સોંપવામાં આવ્યું હતું.

એ પાયાના કાર્યકરોમાંથી વડીલ એવા શ્રી પશાભાઈ પટેલ, પ્રતિમા સ્થાપનાના ૧૫ દિવસ પહેલાં જ અવસાન પામ્યા. એક આંચકો આવ્યો.

કાર્ય ચાલુ રહ્યું.

૧૦મી ઑગસ્ટ ૨૦૦૪ના રોજ સ્વ. પશાકાકાને ત્યાં આમંત્રણ કાર્ડ આપ્યાં એક સહકાર્યકર સાથે ગયો.

સ્વ. પશાકાકાનાં પત્ની સફેદ લૂગડું પહેરીને શાંત ચિત્તે ચટાઈ ઉપર બેઠાં હતાં. નમસ્તે કહીને એમની સામે બેઠો. શું બોલવું? કાકી સંપૂર્ણ સ્વસ્થ, સ્થિર અને શાંત.

મેં ધીમે રહીને કહ્યું કે ''તમે જાણતાં તો હશો જ કે ૧૫મી ઑગસ્ટે શ્રી અરવિંદની પ્રતિમાની સ્થાપના થવાની છે'' – કાકી શાંત!

''એમની હૂંફ ઘણી હતી''– કાકી શાંત !

''આ આમંત્રણ પત્રિકા આપવા આવ્યો છું. ઘરમાંથી જેને અનુકૂળતા હોય તેમને મોકલજો.''

આમ ધીમેથી કહીને આમંત્રણ કાર્ડ તેમની પાસે મૂક્યું – કાકી શાંત અને સ્થિર.

(મને થોડુ આશ્ચર્ય થયું હતું)

નમસ્તે કહીને ઊભો થયો ને કહ્યું ''જાઉં''

''તે ભઈ આ પૂતળુ કેટલાનું થયું?'' (પ્રથમ વખત માયાળુ અવાજ)

''રૂ. ૨૪૦૦૦૦/–'' મેં કહ્યું.

''તો ભઈ એક કામ કરને અંદરથી દિનુ મામા પાસેથી રૂ. ૨૪૦૦૦૦/–નો ચેક લેતો જાને ભઈલા કાકી ચરોતરી ભાષામાં વિનતિ કરતાં હોય એમ બોલ્યા.

ક્ષણભર હું જ પૂતળુ થઈ ગયો! જેની મને ચિંતા હતી કે બજેટ કરતા વધારાનાં નાણાં કેવી રીતે ને ક્યાંથી લાવીશું તો આ તો શ્રાવણનો ભરપૂર વરસાદ જ થયો!

(શ્રાવણ માસ ચાલતો હતો)

આંખના ખૂણામાં બે મોતી પ્રગટ થયાં પડે તે પહેલાં ઝીલી લીધાં.

કૃપા! કૃપા, કૃપા અનહદ અકથ્ય, અકલ્પનીય! મારે શું બોલવું ને શું કરવું?

મું. કાકી પાસે લૌકિક કાર્ય માટે ગયો હતો અને ''અલૈકિક અનુકંપા'' પામીને પરત આવ્યો.

હવે આગળ નહીં લખાય.

૨૨મી જાન્યુઆરી ૨૦૨૪. પરાશરનાં જય હાટકેશ.

**– પરાશર દ્વિવેદી**

# જાકો રાખે સાંઈયા..



પ્રભાકર ધોળકિયા.

'શ્રદ્ધાનો જો વિષય હો,
તો પુરાવાની શી જરૂર?
કુરાનમાં તો ક્યાંય
પયગમ્બરની સહી નથી'.

આ કવિ જલન માતરીની પંક્તિ તો ઘણા જાણતા હશે, પણ મને તો સાંઈબાબાએ પુરાવો પણ આપી દીધો. આમ તો જીવનમાં ઘણા પ્રસંગોએ આપણી પડખે કોઈ છે એવી અનુભૂતિ અને ન ધારેલી વાતો મૂર્તિમંત થાય ત્યારે ચોક્કસ લાગે કે આપણને ન સમજાય એવી કોઈ અગોચર શક્તિ પણ આપણે માટે કામ કરી જાય છે.

દસેક વર્ષ પહેલાંની આ ઘટના છે. સુરતથી આઠેક કિ.મી.ના અંતરે એક સાંઈ મંદિર ડુમસ રોડ પર આવેલ છે. મારી સાથે જ મારા સિનિયર સિટિઝન મિત્ર દર ગુરુવારે દર્શન માટે આવતાં. અહીં રિક્ષા નહિ, પણ શહેરથી બહાર હોવાથી ડુમસથી સુરત વચ્ચે જેને સૌરાષ્ટ્રમાં છકડો કહે તેમાં જ આવ-જા થઈ શકતી. મિત્ર નાદુરસ્ત તબિયતને કારણે આવતાં બંધ થતાં હું એકલો દર ગુરુવારે જતો. અહીં મોટી તકલીફ એ હતી કે અંધારું થાય પછી ન તો કોઈ છકડો ડુમસ જાય કે ન તો સુરત સિટી તરફ આવે એટલે બાબાની સંધ્યા આરતી પતે કે તરત અમે મેઈન રોડ તરફ દોટ મૂકીએ. એક ગુરુવારે જરા મોડું થતાં છકડાની છેલ્લી ટ્રીપ હું ગુમાવી બેઠો. અહીં અંધારામાં મારું બેલી કોણ? બેક જણા મારી પડખે હતા તે પણ થોડી વારમાં જતા રહ્યા. હવે તો કોઈક બાઈક સવાર ડુમસ તરફથી આવે અને લિફ્ટ આપે તો જ હું ઘરભેગો થઈ શકીશ.

એવામાં ડુમસ તરફથી એક છકડો આવીને મારી સમક્ષ ઊભો રહ્યો. મને નવાઈ લાગી. આઠ પછી છકડો? 'સાહેબ, બેસી જાવ!' મને નવાઈ લાગી. 'મારે તો સુરત જવું છે' મેં કહ્યું.

તો છકડાવાળો કહેઃ 'થોડે સુધી મૂકી દઉં, પછી રિક્ષા મળી જશે.' આમ તો ભાડું વીસ થાય,

પણ મેં પચાસની નોટ હાથમા રાખી. છકડો તો સાવ ખાલી. પાછળ બેઠો હોવાથી ડ્રાઈવરનું મોં પણ ના જોઈ શકયો. રોડ પર એક ઠેકાણે છકડો થોભ્યો.' અહીં ઊતરી જાવ' હું ઊતરીને પૈસા આપવા માટે આગળ જાઉં ત્યાં તો બાજુની ગલીમાં ભાડું લીધા વગર છકડો વળી ગયો !!

શું એ ઉતાવળમાં ભાડું લેવાનું ચૂકી ગયો હશે? મને કાંઈ જ સમજાયું નહિ.

પણ મેં ખાસ ધ્યાન આ અંગે ન આપ્યું, પણ બે ગુરુવાર પછી મોટો ચમત્કાર થયો. આમ જ આરતીમાં મોડું થતાં અંધારામાં એકલો રોડ ઉપર ઊભો હતો કે કોઈ બાઈકવાળો લિફટ આપે તો સારું. ત્યાં ફરી છકડો આવીને ઊભો રહ્યો. મને થયું કે એ જ ભાઈ હશે તો અગાઉના બાકી પૈસા પણ આજે આપી દઈશ. ફરી હું છકડામા કશું પણ બોલ્યા વગર ગોઠવાઈ ગયો. ફરી થોડે અંતરે જઈને છકડો ઊભો રહ્યો. હું કશું ઊતરીને બોલું કે પૈસાની વાત કરું ત્યાં તો 'આગલા ગુરુવારે તમે જ હતા ને, સાહેબ .?' એટલું બોલી અજાણી અંધારી ગલીમાં પળવારમાં છકડો વિલીન થઈ ગયો. . . . . !

– મને મનોમન પ્રશ્ન થયો. ''શું એ છકડાચાલકના રૂપમાં બાબા તો નહિ હોય?

**– પ્રભાકર ધોળકિયા**

# રામ કાજ કરીબે કો આતુર...



પ્રણામિ બુચ દેસાઈ

જય શ્રી રામના જયઘોષથી આખી સોસાયટી ગૂંજી ઊઠી. બપોરના સાડા બાર વાગ્યાનો સમય. રામલલ્લા તેમના નિજ મંદિરમાં બિરાજ્યાનો ઉત્સવ એકસાથે આખો દેશ ઊજવી રહ્યો હતો. સોસાયટી કંપાઉન્ડમાં મોટો સ્ક્રીન મૂકવામાં આવ્યો હતો. બધા રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા લાઈવ નિહાળી રહ્યા હતા. બરાબર સાડા બાર વાગ્યે જેવી પ્રાણપ્રતિષ્ઠા થઈ એટલે તરત જ સોસાયટીમાં આતશબાજી અને પુષ્પવર્ષા થઈ. અમારી સોસાયટી જાણે મિનિ અયોધ્યા બની ગઈ. એક-એક વ્યક્તિ પોતાની જાતને ભૂલીને આખા સમૂહમાં પરિવર્તીત થઈ ગઈ અને વળી એવામાં શ્રી રામલલ્લાની મનમોહક છબી સ્ક્રીન પર આવી અને સૌના હૃદયમાં ઝિલાઈ ગઈ. કેવું મનભાવન દૃશ્ય! ન ભૂતો ન ભવિષ્યતિઃ સૌ કોઈ આ ઉત્સવમાં એકાકાર થઈ ગયા.

ઉત્સવ તો હજી ચાલુ જ હતો. સૌ કોઈ મસ્ત બનીને તેમાં ભાગ લઈ રહ્યા હતા. થોડી વાર પછી મારી નજર સ્ક્રીન પરથી હટી અને બીજું એક મનમોહક દૃશ્ય નજરની સામે ખડું થયું. સ્ક્રીન વગર જ લાઈવ! એક ભાઈ અને એક બહેન, જે સોસાયટીના હાઉસ કીપિંગ સ્ટાફ હતા, તેઓ આતશબાજી અને પુષ્પવર્ષા પછીનો કચરો સાફ કરી રહ્યા હતા.

આમ જોવા જઈએ તો કંઈ નવું નહોતું. તે તેમનું રોજનું કામ હતું, પરંતુ આખો દેશ જ્યારે ઉજવણીમાં ગળાડૂબ હતો ત્યારે આ લોકો પોતાના કામમાં ગળાડૂબ હતા. તેઓની કર્તવ્યનિષ્ઠા જોઈ મનોમન સલામ કરવાનું મન થઈ ગયું. હવે મને ઑફ સ્ક્રીન પણ રામલલ્લાનાં દર્શન થઈ રહ્યાં હતાં. મારા રામ અત્યારે મંદિરની સાથે સાથે આ બંને કાર્યકરોના હૈયામાં પણ બિરાજમાન હતા. તમે તન-મન-ધનથી પોતાની ફરજ બજાવો, પોતાનું કાર્ય નિષ્ઠાથી

કરો તો એ કાર્ય કોઈ પણ પૂજા-અર્ચનાથી કમ નથી હોતું અને એવી દરેક વ્યક્તિની અંદર ઈશ્વર બિરાજમાન હોય છે. હા, આપણને દર્શન કરતાં આવડવાં જોઈએ. મનુષ્યની અંદર રહેલા ઈશ્વરને જો પિછાણતાં આવડી જાય તો આપણે તો અહીં જ અયોધ્યા, અહીં જ મથુરા ને કાશી. સોસાયટીના આ કાર્યકરો આમ જુઓ તો રામકાજ જ કરી રહ્યા હતા.

વળી પાછી નજર સ્ક્રીન તરફ ગઈ, ત્યાં ફરી એક અદ્‌ભુત દૃશ્ય! આપણા વડા પ્રધાનશ્રી રામમંદિર નિર્માણમાં જોડાયેલા શ્રમવીરો પર પુષ્પવર્ષા કરી રહ્યા હતા. કેવું મનોરમ દૃશ્ય! આ સમયે દરેકે દરેક શ્રમવીરનાં હૈયાં ભીંજાઈ ગયાં હશે તેમાં કોઈ શંકા નથી. આ બધા શ્રમવીરો પણ રામકાજમાં જ જોડાયેલા હતા. નાના-મોટા બધા જ શ્રમવીરો નતમસ્તક આ અભિવાદન ઝીલી રહ્યા હતા.

મહિનાઓથી આ શ્રમવીરો પોતાની જાત ભૂલીને મંદિરનિર્માણના કાર્યમાં જોડાયેલા હતા. ટાઢ, તાપ કે વરસાદની પરવા કર્યા વગર તેઓ પોતાના કાર્યમાં રામમય થઈ ગયા હતા. દેશના ખૂણે ખૂણેથી આવેલા આ શ્રમવીરો મહિનાઓથી પોતાના પરિવારને મળી શક્યા નહોતા. મંદિરનો એક એક પથ્થર જોડવામાં તેઓએ પોતાનો જીવ રેડી દીધો હશે. પરોક્ષ રીતે આ શ્રમવીરોના પરિવાર પણ રામકાજ કરવામાં જોડાયેલા હતા. આવા સમયે તેઓનું આવું અભિવાદન મનોહર હતું. જાણે રામ લલ્લા ખુદ આવીને કાર્યકરો પર પુષ્પવર્ષા કરી રહ્યા હતા. આ કાર્ય દરમ્યાન દરેકે દરેક કારીગરના મનમાં રામલલ્લા પ્રાણપ્રતિષ્ઠા પહેલાં જ બિરાજી ગયા હશે અને તેમની જ પ્રેરણાથી આ ભગીરથ કાર્ય આટલી સુંદર રીતે પાર પડી શક્યું. દેશભરમાં ઉજવણી ચરમસીમાએ હતી ત્યારે કેટકેટલા લોકો પોતાની ફરજમાં હાજર હતા. મંદિર પરિસરમાં આવેલા મહેમાનોની વ્યવસ્થામાં હાજર લોકો, સિક્યોરિટી સ્ટાફ, પ્રસંગ પૂર્ણ થયા પછી મંદિરની સાફસફાઈ કરવાવાળા લોકો અને એવા કંઈ કેટલાય નાના-મોટા કામ પાર પાડવા ઊભે પગે હાજર એવા તમામ કાર્યકરો હનુમાનજીની માફક રામકાજ કરવા આતુર હતા. તેઓના હૃદયમાં પણ હનુમાનજીની માફક રામ બિરાજી રહ્યા હતા.

ઑન સ્ક્રીન અને ઑફ સ્ક્રીન બંને દૃશ્યો જોઈને હૈયું ઉભરાઈ ગયું અને આંખોથી છલકાવા લાગ્યું. રામલલ્લાની આજે ખરા અર્થમાં પ્રાણપ્રતિષ્ઠા જોઈ. ઈશ્વરનું કામ કરવા માટે કોઈ પણ પ્રકારના પ્રયત્નોની જરૂર જ નથી, એ સહજ રીતે જ થઈ જાય છે, તેવો અનુભવ આ શ્રમવીરો કરાવી રહ્યા હતા. ઈશ્વરે તમારા ભાગે સોંપેલી જવાબદારી જો તમે નિષ્ઠાપૂર્વક નિભાવી શકો તો તે ઈશ્વરની સેવા જ છે. ભલે આપણે મંદિરનો પથ્થર ન મૂક્યો હોય, પરંતુ કોઈ જરૂરિયાતમંદને તેનું ઘર બનાવવામાં જો બે ઈંટ આપણા તરફથી હોય તો તે કાર્ય મંદિરનિર્માણ જેટલું જ પુણ્યશાળી છે. કારણકે વ્યક્તિ ગરીબ હોય કે તવંગર, પણ પોતાની મહેનતથી બનાવેલું ઘર દરેક

વ્યક્તિ માટે મંદિર સમાન હોય છે.

એવાં તો કંઈ કેટલાંય કાર્યો છે જેના દ્વારા ઈશ્વરની સેવા-પૂજા શક્ય છે. એક ટંક માટે પણ જો આપણે કોઈ ભૂખ્યાના પેટનો ખાડો પૂરી શકીએ તો આપણો રામ એમાં રાજી છે. કોઈને જરૂરિયાતના સમયે કરેલી નાની મદદ પણ ઈશ્વર બરાબર યાદ રાખે છે અને યોગ્ય સમયે તેનો બદલો આપણને ચોક્કસ મળી રહે છે. કોઈ બીજાની અંદર વસેલા રામને પ્રસન્ન કરવાથી આપણો આતમરામ પણ એટલો જ રાજી થાય છે તે વાત જાતઅનુભવથી કહી શકું છું.

ઈશ્વરે કરાવેલા આ અનુભવ પરથી હવે ફક્ત મંદિરમાં જ નહીં, મંદિરની બહાર વસતા ઈશ્વરને જોવાની પ્રેરણા મળી છે. જરૂરિયાતમંદોમાં રહેલા ઈશ્વરને પિછાણી અને આપણાથી બનતી મદદ જરૂર કરવી તેવો મનોમન સંકલ્પ ઈશ્વરે જ કરાવ્યો છે.

અંતમાં, રામકાજમાં જોડાયેલી એવી દરેક વ્યક્તિની અંદર વસતા રામને દિલથી વંદન. રામકાજ કરવા માટે ઈશ્વર આપણા આતમરામને સદા જીવંત રાખે તેવી પ્રાર્થના... સ્વદેશ ફિલ્મના ગીતની બે પંક્તિ સાથે અહીં કલમને અટકાવું છું...

રામ તેરે મનમેં હૈં, રામ મેરે મનમેં હૈં,
મન સે રાવણ જો નિકાલે, રામ ઉસકે મનમેં હૈં...

**– પ્રણામિ બુચ દેસાઈ**

# જીવોને અગમ શક્તિથી પરસ્પર જોડતું તત્ત્વ



રાધિકા બક્ષી

શ્રી ગણેશાય નમઃ પરા
શક્તિ સંજ્ઞાઓનું માંગલિક
અર્થઘટન કરવું ક્યારેક મુશ્કેલ છે.
મનુષ્યજીવન અને આત્માનું
અનુસંધાન મેળવવું અઘરું છે
મૃત્યુમય જીવન ઊર્જા મનુષ્યને
મૃત્યુના ડરથી સજાગ રાખે છે
અને સતત જીવવાના પ્રયત્નો
ચાલુ રહે છે નિશ્ચિત માત્ર મૃત્યુ જ
છે એ નિશ્ચિતતા સ્વીકારીને
આનંદમય સુખમય જીવન
વિતાવવું એ અશક્ય અને અઘરું
હોવા છતાં જરૂરી છે. આ
સંસારમાં એવા અનેક બનાવો
બનતા હોય છે જે વિચારશક્તિ
અને સમજશક્તિને ક્યારેક
હલાવી દે છે વિજ્ઞાન પણ
વિચારમય બની જાય છે એવો આ
ઈશ્વરીય અગમ ખેલ છે, પણ
માત્ર શ્રદ્ધા અને પ્રયત્ન એક
અનોખો ચમત્કાર રચી દે છે.
આજે આપણે એ જ ઈશ્વરીય
અનુસંધાનની વાતો કરીશું. મારો
પરિચય આપવો થોડો જરૂરી છે.
રાધિકા બક્ષી હું વર્ષોથી હીલિંગ
કુદરતી ઉપચાર પદ્ધતિ reiki
એરોમા થેરાપી સાથે સંકળાયેલી છું
અને કુદરતી રીતે જ એવા જ
પ્રકારના હિલિંગના કેસ નજર
સમક્ષ આવે છે. સમગ્ર કૉસ્મિક
એનર્જીમાં રહેલું એક એવું તત્ત્વ છે
જે જીવોને અગમ શક્તિથી પરસ્પર
જોડે છે અને કોઈ ઋણાનુબંધ એવા
હોય છે કે દૂર દૂર સુધી કોઈ
ઓળખાણ સંબંધ ન હોય એવી
વ્યક્તિ સાથે વગર કારણે જોડાઈ
જવાય છે અને એમની જિંદગી
બચાવવા માટે સહાયક બની જવાય
છે. હું છેલ્લાં ૨૫ વર્ષથી હિલિંગના
ક્ષેત્રમાં કાર્યરત છું અને બે વર્ષ
પહેલાં જે કોરોના આવ્યો એમાં પણ
જે કંઈ બન્યું અને મારી સાથે મારા
મિત્રોના અનુભવો એવા રહ્યા કે એ
અનુભવ પરથી લાગે કે આ એક
અગમ ઈશ્વરીય શક્તિ જ છે જે
મનુષ્યને કાળનો કોળિયો બનતાં
અટકાવે છે અને સ્વસ્થ અને સંપૂર્ણ
જીવન બક્ષે છે. કદાચ એમ કહું
તો અતિશયોક્તિ નથી કે ગર્ભમાં
રહેલા બાળકથી માંડીને ૯૭

વર્ષના વયસ્ક વડીલોને કુદરતી દેવી ઐશ્વર્ય શક્તિની મદદ વડે મૃત્યુના દ્વારેથી પરત ફરવામાં સહાયક ભૂમિકા ભજવી છે. કાર્ય તો ઈશ્વર જ કરે છે, અગમ શક્તિ જ કરે છે, પણ કદાચ હું પણ ક્યાંક ને ક્યાંક એમાં નિમિત્ત બની જાઉં છું. આજે એવા જ એક અનુભવની વાત આપ સાથે શૅર કરવા માગું છું. જ્યારે જે વ્યક્તિને જીવવા માટે મદદ મળવાની હોય ત્યારે અનેક માધ્યમો એને સહાયરૂપ બની જતાં હોય છે આ કિસ્સો ૨૦૧૧ નો છે એ સમયે એક સંસ્થામાં મારું વક્તવ્ય હતું અને કુદરતી ઉપચાર વિશે મેં થોડી માહિતી આપેલી એ પછી મારો વિશેનો ચિત્રલેખામાં પણ ઉલ્લેખ થયેલો. ચિત્રલેખાનો વ્યાપ દેશવિદેશમાં ખૂબ જ છે, જ્યારે જેમની વાત થઈ રહી છે એ દંપતી વિદેશમાં રહેતું હતું અને એમણે ચિત્રલેખામાં વાંચ્યું કે આ વ્યક્તિ આવું કંઈ કાર્ય કરે છે અને એ જ વખતે એ લોકો ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા એમનો ખૂબ નાનું બાળક – ત્રણ વર્ષનું અચાનક રમતાં રમતાં પડી જતું હતું, નાકમાંથી લોહીનો પ્રવાહ વહેતો હતો અને વિદેશમાં જે રીતે ડૉક્ટરોની ચિકિત્સાની તપાસ થાય છે એ બધી જ એ લોકોએ કરાવી ઈલાજ કરવો ખૂબ મુશ્કેલ હતો. થેલેસેમિયા અને આ સાથે બ્લડ કૅન્સર જેવા બે-ત્રણ રોગો સાથે એટલે કે રક્ત અને એને લગતા પ્રશ્નો હતા. વિદેશના ડૉક્ટરોએ જે પણ હકીકત હતી એ જણાવી કે હવે એમની પાસે આ બાળક માટે કોઈ સમય નથી, બાળક બચી શકે એમ નથી, આ દંપતી એટલું વ્યગ્ર હતું અને એ સમયે એ લોકોને આવો કંઈક રસ્તો મળ્યો કે ચાલો આપણી પાસે કોઈ જ રસ્તો નથી તો આ પ્રકારની કુદરતી ચિકિત્સા પદ્ધતિનો પણ ઉપયોગ કરીએ. કદાચ અશક્ય એવી વાત હતી કે અત્યારના વિજ્ઞાનના આટલા બધા પ્રચાર-પ્રસાર અને આધુનિક વૈદકીય સગવડો હોવાથી કોઈ આયુર્વેદ કે ઝાડ પાનની પર્ણચિકિત્સા તરફ આગળ ન વધે, પણ આ લોકોને કંઈક એવું લાગ્યું, પણ ચિત્રલેખાની ઑફિસમાં સંપર્ક કર્યો અને એના દ્વારા ધીરે ધીરે એ લોકો મારા સુધી પહોંચ્યા અને ખાસ વિદેશથી બાળકને લઈને મને મળવા આવ્યા. મારે માટે ખૂબ જ અઘરું કાર્ય હતું કે આવા બાળકને કેવી રીતે સમજાવવું? એનાં માતાપિતાને કઈ રીતે સમજાવવાં? પ્રાથમિક તબક્કામાં જે પણ શક્ય હતું એ હીલિંગ મેં શરૂ કરી દીધું. બાળકને સ્વસ્થતા પ્રાપ્ત થાય એ માટેના પ્રયત્નો કર્યા. આયુર્વેદિક પાન નાગરવેલ, બિલિપત્ર, તજ અને બીજાં જરૂરી પત્રનો રસ પાવાનો શરૂ કર્યો અને એ ફૅમિલી ત્રણ મહિના રોકાવાનું હતું એ દરમિયાન નિયમિત મળવાનું નક્કી કરીને એ લોકો એમના ઘરે ગયા. કુદરતને શું કરવું હોય એ ખ્યાલ જ ના આવે, એ બાળક જ્યાં પણ રહેતા ત્યાં બાળસહજ રમતમાં એમના પડદાને જોરથી ખેંચીને રમવા લાગ્યું અને અચાનક પડદાનો દાંડો ઉપરથી એના માથા પર વાગ્યો. અસ્ખલિત રક્તપ્રવાહ ચાલુ થઈ ગયો.

એક તકલીફનો પ્રશ્ન હતો ત્યાં આ આવી પડેલી બીજી મુસીબત થઈ, વિઘ્નો જ્યારે શરૂ થાય છે ત્યારે એનો પણ પ્રવાહ અસ્ખલિત ચાલુ થઈ જાય છે. જુદાં

જુદાં સ્વરૂપે આ બાળકને હૉસ્પિટલમાં દાખલ કરતાં. એક બીજી વાત ધ્યાનમાં આવી કે એને માથામાં નાની એવી ગાંઠ પણ છે અને એને તાત્કાલિક ઑપરેટ કરવી જરૂરી છે એક બાજુ અવારનવાર બ્લડ ચડાવવાની પ્રક્રિયા ચાલુ જ હતી, અને એમાં આ વેદના એટલે જીવનનું રિસ્ક બહુ જ મોટું હતું. આ બાળકને આમાંથી કેમ બહાર લાવવું એ ખૂબ જ અઘરો વિકટ પ્રશ્ન હતો. મેં મારાથી બનતા બધા જ પ્રયત્ન કર્યા, જે કુદરતી પ્રોટેક્શન આપવાનું હતું એ પ્રયોગો કર્યા આયુર્વેદિક જે પાનનો રસ આપવાનો હતો એ ડૉક્ટરોની ના છતાં એ બાળકને પાયો અને પછી બધા જ માનસિક રીતે ઑપરેશન કરાવવા માટે તૈયાર થયા. આ પરિસ્થિતિ સાથે સાથે ઑપરેશનના ખર્ચનો પ્રશ્ન તો ખૂબ જ મોટો હતો. હૉસ્પિટલ ખૂબ મોટી હતી. ડૉક્ટરો ખૂબ કાબેલ હતા અને એ જ રીતે ખર્ચ પણ અધધ હતો. આ દંપતી વિદેશમાં જરૂર રહેતું હતું, પરંતુ એટલું બધું પણ સાધનસંપન્ન ન હતું કે આટલા ખર્ચને પહોંચી વળાય, આમ છતાં બાળક માટે તો કંઈ પણ કરવા એ લોકો તૈયાર જ હતાં અને એ વખતે ફરી અગમ શક્તિનો ખેલ શરૂ થયો. ઑપરેશન થિયેટરમાં બાળકને લીધું. સારી રીતે ઑપરેશન પણ થયું, પણ જ્યારે એ બાળકને રૂમમાં શિફ્ટ કરવાનું હતું ત્યારે કોઈ રૂમ જ અવેલેબલ ન હતા. જેથી કરીને એ બાળકને મહિલાઓના જનરલ વોર્ડમાં એક સાઈડમાં ખાટલો મૂકીને બાળકને શિફ્ટ કરવામાં આવ્યું જેથી એની માતા પણ એની સાથે રહી શકે. ઑપરેશન પછી પહેલી વાર બાળકે આંખ ખોલી અહીં ઋણાનુબંધ કામ કરી જાય છે. એ બાળકને તો ખબર પણ નહોતી કે કોણ કોણ એને માટે પ્રાર્થના કરી રહ્યું છે. એ બાળકનો જાગતાંની સાથે પહેલો શબ્દ હતો ''રાધા'' અને એ સતત રટણ કરતો હતો. રાધાને બોલાવો, રાધાને બોલાવો એનાં માતા-પિતા સિવાય કોઈ જ મારા વિશે આ વાત જાણતું નહોતું. એમને ખૂબ નવાઈ લાગી કે આ બાળકને આ નામની ક્યાંથી ખબર પડી! પણ એ લોકોને એટલી રાહત થઈ કે બાળકને બીજી કોઈ સાઈડ ઈફેક્ટ નથી થઈ. આંખો નથી ગઈ પેરેલિસિસ નથી થયો, એ સંપૂર્ણ સ્વસ્થ રીતે નામ ઉચ્ચારી રહ્યો છે. એટલે એ રીતે એમના આનંદની કોઈ સીમા નહોતી અને એ જ રીતે જે અગમ્ય શક્તિ આ પ્રશ્ન ઊભો કર્યો હતો ત્યાં થોડી વાર થઈ તો સિસ્ટર ત્યાં આવ્યા અને જણાવ્યું કે તમે જે રૂમ બુક કરેલ એમાં જગ્યા ન હોવાથી જનરલ રૂમમાં રાખવાથી તમારું બિલ ફક્ત ૩૦,૦૦૦ રૂપિયા થાય છે. આર્થિક સંકટ જાણે પીછાની જેમ ઊડી ગયું. જ્યારે આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે વ્યક્તિએ ઈશ્વરનો આભાર માનવો જ પડે આ કોઈ ઈશ્વરી તાકાત છે કે જે વિઘ્ન ને જે રીતે આવે છે એ જ રીતે ક્ષણમાં દૂર પણ કરી દે છે, પણ આ બાળકનો પ્રશ્ન અહીં પૂરો નથી થતો, આ તો વચ્ચેથી આવી પડેલો પ્રશ્ન હતો, એનો મૂળભૂત રોગ બ્લડનો તો હજી ચાલુ જ હતો અને ડૉક્ટરોને આને કારણે ખૂબ જ તકલીફ પડી. એક બાજુ બ્લડ ચડાવતાં જવાનું બીજી બાજુ ઑપરેશન કરવાનું તેમ છતાં મગજના ઑપરેશનમાં ધીરે ધીરે રિકવરી આવતી ગઈ ત્યાર

બાદ એ બાળકને આયુર્વેદના જુદા જુદા પાનના રસ અને ખોરાક અને એની ચિકિત્સા ચાલુ થઈ આ સાથે જે રોગ આવેલો એ તો રાજરોગ હતો, કહેવાય જ છે ને કે આવે હાથી વેગથી અને જાય કીડી વેગે. એટલે ધીરે ધીરે જતા સમય ઘણો થવાનો હતો, પણ માબાપે ખૂબ જ ધીરજથી કામ લીધું. એ દરમિયાનમાં બધા સંજોગો અનુકૂળ ન થતાં માતા-પિતા બંનેએ માંદા બાળકને મૂકીને પણ નોકરી કરવાનું ચાલુ રાખવું પડ્યું. અનેક વિઘ્નો છતાં ધીરે ધીરે કાર્ય આગળ વધારતાં રહ્યાં આમ ને આમ સમય પસાર થતો રહ્યો અને જોતજોતામાં બાળક ૮ વર્ષનું થઈ ગયું જે રક્તને લગતા પ્રશ્નો હતા એ તો હતા જ. જે બ્લડ બાળકને દર ૧૫ દિવસે ચડાવવું પડતું હતું તે આ બીમારી પછી બે બોટલ વચ્ચેનો ગેપ ધીરે-ધીરે વધતો ગયો પછી એક મહિને એક બોટલ થઈ પછી ત્રણ મહિને એક બોટલ ચઢાવવાની રહી જેમ જેમ બાળક મોટું થતું ગયું એમ દર પાંચ મહિને એક બોટલ એને ચઢાવવાની રહી એટલે કે ધીરે ધીરે પણ એક રીતે રોગ દૂર થવા તરફનો હતો. આજે બધી પ્રક્રિયા દરમિયાન માણસ ક્યારેક ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાંથી હાલી પણ જાય પણ આ દંપતી જેમણે બાળકને સ્વસ્થતા તરફ ડગ માંડતા જોયો, જે ડૉક્ટરોએ એને ૧૫ જ દિવસ આપ્યા હતા. એમાંથી આજે એ બાળક બીજા પાંચ વર્ષ સ્વસ્થતા પૂર્ણ આગળ વધી શક્યો અને ધીરે ધીરે એની પ્રગતિ થતી રહી. થોડા રિસ્ટ્રિક્શન સાથે પણ શાળાએ પણ વ્યવસ્થિત જવા મંડ્યું. બાળકે ભણવામાં પણ સાધારણ કહી શકાય એવી પ્રગતિ કરી, એટલે કે ધીરે ધીરે એક સામાન્ય બાળકની જેમ એનો વિકાસ થવા લાગ્યો, હા પણ હજી કસોટી અહીં પૂરી નથી થતી. માતાપિતા અને બાળક ફરી વાર ઈન્ડિયા ટ્રીટમેન્ટ માટે આવી રહ્યાં હતાં ત્યારે સામાન અને બીજી બધી વ્યવસ્થામાં માતા-પિતા વ્યસ્ત હતા એ સંજોગોમાં બાળસહજ રમતમાં એ બાળક ઍરપોર્ટ પર ખોવાઈ ગયું.

ઘણી મથામણ પછી મારો સંપર્ક કર્યો.

થોડું જ્ઞાન અને થોડી કૉમનસેન્સ કામ આવી મારા જણાવ્યા મુજબ બાળક ફૂડ સ્ટોલ પાસે હશે એમ કહ્યું અને એ જ થયું તરત મળી ગયો.

ફરી જીવમાં જીવ આવ્યો.

હંફાવે જેને જગતનો તાત<br>
જગદીશ મિલાવે પિતા ને માત.

અશ્રુધારોથી મિલન પ્યાલો ભરાઈ ગયો.

મનુષ્ય પોતાની વધારે પડતી વિચારશક્તિથી ક્યારેક અનેક દુઃખો નોતરી લેતો હોય છે, વિચારોના ભારણથી જે નથી બનવાનું એ પણ બનશે જ એવો ભાવ વહી વિચાર પાસ ઊભો કરી લે છે અને એ વિચારોથી દુઃખ અનુભવે છે અને એને કારણે શારીરિક પીડા, માનસિક પીડા, વ્યથા, વ્યાધિ, દર્દ અનેક રોગોનો ભોગ બને છે. સતત ડરમાં રહે છે, પણ જ્યારે કૉસ્મિક એનર્જીની પોઝિટિવિટી તરફ તમે આગળ વધવાનો પ્રયત્ન કરો

છો તો એક નહીં તો બીજો રસ્તો ખૂલી જાય છે. એ જ આ બાળક સાથે થયું એ લોકો ફરી ઈન્ડિયા ટ્રીટમેન્ટ માટે આવ્યાં. મારી સાથે ચર્ચા કરી. આ વખતે મારું સૂચન હતું કે હૉસ્પિટલ જે નિયમિત જાય છે તે બદલી દેવી એ લોકોએ એ વાત સ્વીકારી અને બીજી હૉસ્પિટલમાં પ્રયત્ન કર્યો. અહીં પણ ઈશ્વર કોઈ ને કોઈ સ્વરૂપે હાજર હતા. ત્યાંના કોઈ ટ્રસ્ટી એ જ વખતે આવેલા અને આ બાળક વિશે જાણ થતાં એને માટેનાં નવાં મશીનો એ હૉસ્પિટલમાં મુકાયાં. તાત્કાલિક બધી ટ્રીટમેન્ટ શરૂ થઈ અને રોગ વિશે વિગતવાર માહિતી મેળવતાં એ ટ્રસ્ટીઓએ જણાવ્યું, હવેથી આ બાળકની બધી જ ટ્રીટમેન્ટ ફ્રી અહીં થશે. આ એક ઈશ્વરના આશીર્વાદ જ ગણી શકાય અને અગમ શક્તિની મદદ. બાળક ધીરે ધીરે એકદમ સ્વસ્થતા તરફ આગળ વધી રહ્યું છે. ઈશ્વરની અગમ શક્તિનો સંકેત જ છે અને અમુક ભાગ્યે જ બનતું હોય છે ઈશ્વર તો વરદાન આપવા છૂટે હાથે બેઠો જ હોય છે એને ઝીલવા માટે ક્યારેક આપણે સક્ષમ નથી હોતા અને જ્યારે સમગ્ર સમર્પિત ભાવથી તમે ઈશ્વરને આધીન થઈ જાવ તો એ બધી જ રીતે મદદ કરવા તૈયાર હોય છે, ક્યારેક એનાં સ્વરૂપો જુદાં હોય છે, પણ આપણે તો હું કરું મારાથી જ થશે એવા ભ્રમમાં આપણે અનેક ઈશ્વરીય સારી તકો અને ઈશ્વરના આશીર્વાદ ગુમાવી દેતાં હોઈએ છીએ. ગીતામાં જેમ કહ્યું છે કે તું સમગ્ર પાણી કર્મ મારી પર છોડી દે એટલે કે તું કર્મ કરે છે એવો ભ્રમ છોડી દે અને ઈશ્વરને સમર્પિત થઈ જા તો તને ક્યારેય હેરાન નહીં થવું પડે. કુદરતે કુદરતી તત્ત્વોનું એક સુંદર પોકેટ આપણી આસપાસ રચેલું જ છે, એમાંથી ક્યારે શું લાભ લેવો એની જો થોડી સમજ હોય તો અનેક પ્રશ્નો આપણે સહજ દૂર કરી શકીએ.

આ બાળક સંપૂર્ણ સ્વસ્થતા તરફ આગળ વધ્યું અગમ શક્તિ ઈશ્વરીય શક્તિના આશીર્વાદથી.

કુદરતે અનેક ઝાડપાન એવાં બનાવેલાં છે જે રોગો દૂર કરવા સક્ષમ છે જેમ કે બિલિપત્ર. તેના દ્વારા કેન્સર જેવા અનેક રોગો દૂર થાય છે નિયમિત અને સાતત્ય આ બે વસ્તુ સાથે રાખી આપણે કુદરતના પર્ણ ચિકિત્સાનો ઉપયોગ કરીએ તો અનેક ઐશ્વર્ય શક્તિ અદભુત સાથ આપે છે અને પ્રાણશક્તિ અર્પિત કરીને નવજીવન અવશ્ય બક્ષે છે. રોગોમાંથી શક્ય એટલો છુટકારો મેળવી શકાય છે.

નસીબ એ નથી એ આપી બતાવું
જુઓ જિંદગીને અદા બે નચાવું
પડે આપવું અંતે કિરતારને પણ

એવી અંતર ધુન દિલમાં જગાવું
ડરે છે મોત પણ જિંદગીથી
ઈશની સાથે હું તને પણ હંફાવું
બાકી તો સર્વ છે ઈશ શિવ હરિ ના આત્મા
હું તો એને પ્રેમે ભજું ને સર્વને ભજાવું.

એક બીજો અનુભવ – ક્યારેક અનેક બનાવો એવા હોય છે જે માનવસર્જિત નેગેટિવિટીથી થતા હોય છે જેમ ઈશ્વરની પોઝિટિવિટી નથી સમજાતી એવું જ આ તાંત્રિક પ્રયોગો પણ ક્યારેક સમજથી પરે હોય છે.

એક ૧૧ વર્ષની સોનુની વાત જે નેગેટિવિટીને કારણે એના માથા પરથી ગમે ત્યારે ગમે તે સમયે સતત રક્તપ્રવાહ ચાલુ રહે. ચિંતિત કુટુંબીજનોને ક્યાંથી ને ક્યાંથી મારો પરિચય થયો બહારગામથી એ લોકો આવ્યા ત્યાં સુધીમાં તો એ બાળકીને બોમ્બે, હૈદરાબાદ, બેંગ્લોર બધે જ અદ્યતન હૉસ્પિટલમાં બતાવી ચૂકેલા. અનેક નિષ્ણાતોની સલાહ–દવા ચાલુ હતા, છતાં પણ માથા પર એક પણ કટ વગર રક્ત પ્રવાહ ગમે ત્યારે ચાલુ જ હોય, આ રીતે ૬ મહિના થઈ ગયા. કોઈ દવા અસર કરી શકી નહીં. અહીં આવ્યા બાદ એની સમક્ષ શ્રીફળ, નવગ્રહ કષ્ટ પાન અષ્ટગંધ કપૂરથી હવન કરવામાં આવ્યો અને એ ભસ્મ એના માથા પર લેપની જેમ લગાવી દેવામાં આવી, બસ એ જ ઘડીથી અગમનો ખેલ ઈશ્વરીય આશીર્વાદ શરૂ થયા અને એનો રોગ કાયમી ધોરણે દૂર થયો. આ પ્રશ્ન એટલો વિકટ હતો કે સંયુક્ત કુટુંબમાં રહેતી ૨૫થી ૩૦ વ્યક્તિ અનેક રાતોથી સૂતી ન હતી અને જ્યારે આટલા સરળ-સહજ ઉપાયથી પરિણામ મળ્યું. બધાએ ઈશ્વરીય શક્તિનો આભાર માનવો જ રહ્યો. ક્યારેક ન સમજાય એવા બનાવો આસપાસમાં બનતા જ રહે છે, પરંતુ ઓળખ ગર્ભિત રાખવાની કારણે ચર્ચામાં આવતું નથી હોતું.

આમ જ એક બીજો અનુભવ – મારે એક લગ્નપ્રસંગમાં બીજે શહેરમાં જવાનું થયું ત્યાં મારા મિત્ર મને લેવા આવ્યા, લગ્નવાળા ઘરે જવાને બદલે મને હૉસ્પિટલ લઈ ગયા. હું લગ્નમાં જવાના વસ્ત્રોમાં સજ્જ હતી અને મને જણાવ્યું એમના એક મિત્ર જે વિદેશથી આવેલા છે એ ખૂબ જ બીમાર છે અને અત્યારે વેન્ટિલેટર પર છે, બીપી પણ ઓકે નથી. ઑક્સિજન પણ ખૂબ ઓછો થઈ ગયો છે પરિસ્થિતિ વિકટ છે, તમે જોઈ શકો તો સારું એમ કરી અમે હોસ્પિટલ પહોંચ્યા ત્યાં એ વ્યક્તિને મેં ટચ reiki થી હિલિંગ શરૂ કર્યું

જ્યારે પોઝિટિવ વિચારોથી તમે આગળ વધો ત્યારે દુનિયાના કોઈ બંધનો તમને રોકી શકતાં નથી. હૉસ્પિટલના કોઈ પણ સ્ટાફે મને વેન્ટિલેટરવાળી વ્યક્તિ પાસે જતાં જરા પણ ન રોકી અને હું મારું કાર્ય શાંતિપૂર્ણ રીતે કરી શકી એ ઈશ્વરના આશીર્વાદ એમને જાણે તરત જ મળી ગયા. અમારી હાજરીમાં જ બીપીમાં અને ઑક્સિજનમાં સુધારો થવા લાગ્યો. ૩૦ મિનિટ સતત હિલિંગ આપ્યું ત્યાર બાદ સમય પૂરો થતાં અમે બહાર નીકળ્યાં, પણ તે રાતથી જ તબિયત

ખૂબ સુંદર રીતે સુધારા તરફ આગળ વધી અને અગમ શક્તિનો અનુભવ ઈશ્વરના આશીર્વાદ એ વ્યક્તિ બીજે દિવસે ૭૦ ટકા સ્વસ્થ બની સાદા રૂમમાં શિફ્ટ થઈ ગઈ અને નિયત સમયે વિદેશ જવાનું હતું તે પરત પણ ફરી શક્યા. વિચારો તો ઘણું અઘરું હતું, પણ જ્યારે ઈશ્વરના આશીર્વાદ સાથે હોય ત્યારે બધાં જ બંધનો છૂટતાં જાય અને જીવન આગળ વધતું જાય. આ સર્વ ફક્ત પરાશક્તિથી જ શક્તિનો સંચાર છે. વ્યક્તિ તો માત્ર નિમિત્ત રૂપ છે. પરાશક્તિની સંઘનાઓનું માંગલિક આદાન-પ્રદાન અને અસ્પર્શિત બિંદુએથી જોવા-જાણવા માટે ઈસ તત્ત્વનું જે અનુસંધાન થયું છે એ જીવન મંગલમય બનાવવામાં સહાયક છે. ભાગ્યોદયનો આ નૂતન પ્રવાસ બનશે. અંતરીક્ષમાં રહેલી શુદ્ધ ચેતનાઓની વિપુલ સમૃદ્ધિનો અર્જિત પુરવઠો જો સમયાંતરે પ્રાકૃતિક તત્ત્વોને સાથે લઈને પ્રયોજવામાં આવે તો વિરક્ત ઉત્કટતા અને અનન્યતા શાશ્વતના દ્વાર જરૂર ડોલાવે એ પરમધામમાં પ્રવેશ મેળવ્યા પછી નિર્લેપ ભાવે પવિત્ર રજુતા જિંદગીને ઈશ્વરમય બનાવે છે. નિરલિપ્ત ભાવ સ્વની ઉન્નતિ સાથે અન્યનું ભલું પણ કરી શકે છે. મૃત્યુના ડરને જે વાસ્તવિક છે એને જીવનસરિતામાં વહાવી દે છે.

મારી ઈશ્વરને હંમેશા એક જ પ્રાર્થના હોય છે કે હું ફક્ત બીજાના વતી તમારી પાસે પ્રાર્થના કરું છું એમના પ્રશ્નો હું હંમેશા કૃષ્ણાર્પણ કરું છું અને એકથી જ અનેક લોકોનાં કાર્યો ઈશ્વરે કર્યાં છે મારી સાથે એવા અનેક કિસ્સાઓ પણ બન્યા છે, જેમને હિલિંગ દ્વારા સૂચનો દ્વારા મદદ થઈ છે અને નવજીવન પ્રાપ્ત થયું હોય છતાં એ વ્યક્તિને ક્યારેય ખબર પણ નથી, હોતી કે એમને માટે કોણે પ્રાર્થના કરી છે બસ આ જ એક અગમ શક્તિ છે, જે બીજાનાં દુઃખોથી આપણી આંખમાં પાણી આવે છે. અને એ જ ખરું દર્દ અને તો જ સાચા અર્થમાં મનુષ્ય છીએ, એની પ્રતીતિ આ એક અગમ શક્તિના ઈશ્વરીય અનુસંધાન. અનુભવોની શબ્દયાત્રાને અત્રે હું વિરામ આપું છું.

રાધિકા બક્ષી ના પ્રણામ.

**– રાધિકા બક્ષી**

# "શાશ્વત ઈશ્વરનો શરીરમાં વાસ છે"



તોરલ રિંડાણી

શ્રદ્ધાનો હો વિષય તો
પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય
પયમ્બરની સહી નથી...

જલન માતરી સાહેબના આ શબ્દો આપણા આજ ના વિષયને અનુરૂપ - બંધબેસતા છે. જગતમાં સહુને ક્યાંક-ક્યારેક-કોઈ પણ માધ્યમ દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર-અનુભૂતિ થતી જ હોય છે.

પૃથ્વી પરની દરેક સજીવ રચના જેને આપણે ઈશ્વર - અલ્લાહ - જીસસ - ગુરુનાનક "માં" જેવા અનેક શબ્દો દ્વારા તેનાં ગુણગાન ગાઈએ છીએ.

મારા જીવનમાં અનેક વાર આ શક્તિ-અનુસંધાન એ કોઈ છે - હાજરા હજૂર છે તેની સતત અનુભૂતિ કરાવી છે. જીવનમાં ઉંમર વધતાં આપણને તેની ઈચ્છા - તેની હાજરી - તેની ઉદારતાનો અનુભવ થાય છે, પરંતુ મારા જીવનમાં ઈશ્વરીય અનુસંધાન (ચમત્કાર-આર્શીવાદ)નો સમય જન્મના ૬ દિવસમાં થયો.

મારી મમ્મી - (માં)ને અમે જોડિયા બહેનોને જન્મ આપી જન્મો-જન્મની ઋણાનુબંધનમાં બાંધી, પરંતુ જન્મ આપ્યાના બીજા દિવસે "ઈન્ટરનલ પેરેલીસીસ" થતા મારી મા મૃત્યુના દરવાજે આવી ગઈ.

અહીં ઈશ્વર ઇચ્છા - અમારા સદ્‌નસીબ - મૃત્યુ સામે પૂરા ૬ દિવસનો જંગ લડી આજે ૭૬ વર્ષે અમારી સાથે - હૂંફ - પ્રેમ - આશીર્વાદ આપતો તે હાથ અમારા માથા ઉપર છે. આ અમારા જીવનની સહુથી મોટી અને પહેલી ઈશ્વરની ભેટ હતી.

નાનપણથી જ સાંભળતા આવીએ છીએ ભગવાન છે એટલે બધું સારું થઈ જાશે. શ્લોક બોલો - હાથ જોડો - પગે લાગો જેવા ખૂબ સરળ કાર્યથી આપણી - મુશ્કેલી - કઠિન પરિસ્થિતિ બધું જ સરળતાથી પાર થઈ જાશો અને સાચું કહું તો થાય પણ છે.

દરેક મનુષ્યએ આજીવન આ દિવ્ય શક્તિનો અનુભવ કર્યો જ હોય છે અને આશીર્વાદ ગ્રહણ કર્યા જ હોય છે.

આ વિષય ઉપર લખતી વખતે મેં મારા પુત્રને કહ્યું તો તેણે કહ્યું આપણે કોઈ પણ ધર્મ-સંપ્રદાય-જાતિ-જ્ઞાતિના હોઈએ, પુજા-શ્લોક-ઉપવાસ-માળા-દીવા-દાન-યજ્ઞ-પ્રાર્થના કરતાં હોઈએ રોજબરોજ અને તે ફળે તેનું નામ ''ઈશ્વરીય અનુસંધાન''.

તેણે ખૂબ સરળતાથી ઈશ્વરની રચના-હાજરી-ને પોતાના શબ્દોથી દર્શાવી. સાચું જ છે રોજબરોજના જીવનમાં પળ-પળ તેનું સ્મરણ આપણી - આપણા પરિવારની આપણા આપ્તજનોની રક્ષા કરતું રહે છે.

આપણી આસપાસની વ્યવસ્થાને એટલે કે જીવનને સુચારુરૂપ ચલાવવા સતત આપણી ઉપર ''અમી દૃષ્ટિ'' રહેલી હોય છે અને એટલે જ આપણે ગાઈએ છીએ

''શક્તિ નહિ તારી કળાયરે હો અંબિકા''-

''રક્ષા કરો જગદંબા ભવાની ''-

''નાસે રોગ હરે સબ પીડા

જપત નિરંતર હનુમંત બીરા''.

આવા અનેક પદોથી તેની સ્તુતિ-ગુણગાન-તેનું આહ્‌વાન આપણે કરતાં રહેતાં હોઈએ છીએ.

નાનકડો વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ઈશ્વર અત્ર-તત્ર સર્વત્ર છે અને દરેક જીવમાં છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપી આ લેખ પૂર્ણ કરીશ.

મારા દીકરાએ જણાવ્યું આપણા શરીરમાં આવેલા DNA ની રચના એવી રીતે કરવામાં આવી છે કે તેના દરેક કણમાં એક વાક્ય - લખેલું છે જેનો તાર્કિર ક્રમ એટલે કે (LOGICAL SEQUENCE) દર્શાવે છે કે "GOD ETERNAL WITHIN THE BODY"

''શાશ્વત ઈશ્વરનો શરીરમાં વાસ છે''

વ્યવહારિક અને વૈજ્ઞાનિક બંને ભાષામાં અદ્વિતીય-પૂર્ણ-શક્તિ રહેલી છે જેને આપણે ''ઈશ્વરીય અનુસંધાન-ઈશ્વરની હાજરી-શક્તિ-આશીર્વાદ'' વગેરે નામથી સંબોધીએ છીએ.

પ્રણામ સહ

**- તોરલ રિંડાણી**

# ''પરમ સમીપે''



વિશાખા પોટા

પરમ સમીપે જવાનું એકમાત્ર હથિયાર એટલે સંપૂર્ણ શરણાગતિ અને એ ક્યારે શક્ય બને જ્યારે તમને ઈશ્વર પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને ધીરજ હોય. મને ઘણીવાર વિચાર આવે કે બીજા બધા લોકોની જેમ હું કેમ પાંચ મિનિટ માટે પણ એકસરખું બેસીને ભગવાનનું નામ નથી લઈ શકતી? અથવા ઈશ્વર સાથે જોડાઇ નથી શકતી? અરે! કોક વાર પૂજા કરતાં કરતાં પણ મારું મન ભટકી જાય, પરંતુ હું મારી જાત સાથે તન્મયતાથી જોડાઈ શકું છું. કદાચ મારી પ્રાર્થના હોઠેથી ન થતી હોય, પણ મારા ભાવજગતમાં ઈશ્વર સાથે હું ઓતપ્રોત થઈ શકું છું અને ત્યારે આપણી બાળપણની કવિતા યાદ આવે. ''અંતર મમ વિકસિત કરો અંતરતર હે'' ત્યારે એક ક્ષણ માટે મારા અંતરમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ જાય એને જ હું ઈશ્વરીય અનુભૂતિ કહી શકું. મેં ઈશ્વરનો સાક્ષાત્કાર ઘણી વાર અનુભવ્યો છે. સૂર્યોદય વખતે ઊગતા સૂરજનાં સોનેરી કિરણોને ચારે બાજુ ફેલાતાં જોવું ત્યારે અર્જુનની જેમ મને પણ 'વિશ્વરૂપ દર્શન' થતાં હોય એવું લાગે. મારી બાલ્કનીની સામે એક બાગ છે એનાં વૃક્ષોની ઘટામાં માતાજીનું સ્વરૂપ નીરખું. કલ્પના કરું કે માતાજી હિંડોળે હિંચકે છે અથવા તો સિંહ ઉપર સવાર છે. જેવી મારી કલ્પના એવા માતાજીનાં દર્શન. અમે દેવીભક્ત તો ખરાં. એટલે "I flood myself with light of immense" ભલે થોડી ક્ષણ માટે આ અનુભૂતિ થાય અને મારી આંખમાંથી અશ્રુધારા વહે. આમ કુદરત સાથે એકાકાર થાઉં અને એને જ હું ઈશ્વરની અનુભૂતિ સમજું.

બીજું અનુભૂતિ એટલે મારો ઈશ્વર સાથેનો સંવાદ. કોઈ વાર એમાં શિવ હોય, કૃષ્ણ હોય અને માતાજી પણ હોય. હું એમની સાથે વાત કરું અને જવાબ પણ ભગવાન થઈને હું જ આપું. કોઈવાર તો ભગવાનના એ

સ્વરૂપને ધમકાવી પણ નાખું. પછી સૉરી કહી દઉં.

પરંતુ મારા જીવનમાં મેં ખરેખર માતાજીનો સાક્ષાત્કાર અનુભવ્યો છે. જેવી તમારી શ્રદ્ધા એવી તમારી અનુભૂતિ. આમ જુવો તો મારું મોસાળ, મારું પિયર અને હું દેવી ભક્ત.

આજથી પાંચ વર્ષ પહેલાં હું મારી દીકરીને ત્યાં ટોરંટો જવા માટે ઊપડી, હેમખેમ પહોંચી પણ ગઈ. ત્યાં અમારા ખૂબ નજીકના સંબંધીના દીકરાનાં લગ્ન હતાં. એ લોકો પણ મને ઍરપોર્ટ લેવા આવેલા. બધા ઘેર આવ્યા ચા-નાસ્તો કર્યો અને એ લોકો ગયા. પછી હું ઉપર ન્હાવા માટે ગઈ. મારી દીકરી ખ્યાતિ પણ સાથે આવી, પણ મને એમ લાગ્યુ કે મને ચક્કર આવે છે. હું બેસી ગઈ પછી મને કાંઈ ખબર નથી. જ્યારે સજાગ થઈ ત્યારે મારી ખ્યાતિએ એમ્બ્યુલંસ બોલાવી દીધી હતી. એને ખ્યાલ આવી ગયો કે મને strock આવ્યો છે. હૉસ્પિટલમાં ગયા પછી બાર કલાક બધી ટેસ્ટ ચાલી. ત્યારે ખબર પડી કે મારી એક artery જે મગજને લોહી પહોંચાડે છે એ ૯૦% બ્લોક છે carotid artery. તાત્કાલિક ઑપરેશન કરવું પડશે. દીકરો-વહુ ભારતમાં રહે. અને દીકરો ઑફિસના કામ અંગે ઑસ્ટ્રેલિયા ગયેલ. એ લોકોને તરત ખબર દીધા, પરંતુ ઑપરેશન પછી કઈ કઈ શક્યતાઓ છે એ ડૉક્ટરે કહી દીધેલું. કાં તો મને પેરેલીસીસ થઈ શકે અને કાયમ માટે પથારીવશ રહું, પરંતુ મને જરાય ભય નહોતો. મને ખાતરી હતી કે કોઈ દૈવીશક્તિ (માતાજી) એ મારો હાથ પકડી લીધો છે અને ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં એ મારી આગળ ચાલે છે એવું મને લાગ્યું. ઑપરેશન પછી દીકરો પણ આવી ગયો અને ખરેખર! અઠવાડિયામાં હું હરતી ફરતી થઈ ગઈ. ભારત આવતાં પહેલાં ડૉક્ટરને તબિયત બતાવી તો કહે તમે પહેલાંની જેમ રહી શકો છો. વર્ષે એકવાર મેડિકલ ચેકઅપ કરાવવાનું. મારી બધી પ્રવૃત્તિઓ વડોદરામાં અને દીકરો રહે દિલ્હી. પરંતુ ''સબકા સાથ મેરા વિકાસ'' બધાના સહકારથી જુવો આજે તમારી સમક્ષ છું ને? મારા દીકરાના અને દીકરીના કુટુંબને મારી હિમ્મત ઉપર વિશ્વાસ હતો. અત્યારે આ લેખ લખતી વખતે અશ્રુધારા વહે છે અને માતાજી મારી કલમને વેગ આપે છે.

આજથી ૬૦ વર્ષ પહેલાં બીજો આવો જ સાક્ષાત્કાર મારાં માને થયો. મારા પિતાને બિઝનેસ માટે અવારનવાર કોચીન જવાનું થતું. ત્યારે વિમાનની મુસાફરી ભાગ્યે જ થતી. તેઓ સ્ટીમર મારફત જતા. એકવાર દિવાળી કરવા કોચીન જઈએ એવું નક્કી કર્યું. મારાં માને પાણીની બહુ બીક લાગતી, પણ એ બીકને કાઢવી જોઈએ એમ નક્કી કરીને દિવાળીને દિવસે જ મારાં મા-બાપ બે નાની બહેનો અને બે નાના ભાઈઓ


બધાં ઊપડ્યા. બે કેબિનમાં બધા રહ્યા દિવાળીની રાત હતી. કેપ્ટને બધાને પાર્ટી આપી અને આપણા નવા વર્ષની વધાઈ આપી અને બધા પોતપોતાની કેબિનમાં સૂવા માટે ગયાં અને મધરાતે જે સમુદ્રમાં તોફાન આવ્યું. સ્ટીમરમાં પાણી ભરાવા માંડ્યું. બંદર સાથેના સંપર્ક છૂટી ગયા અને કેપ્ટને જાહેર કર્યું કે સહુ પોતાના લાઇફ જેકેટ તૈયાર કરે. ગમે તે ઘડીએ દરિયામાં કૂદવું પડશે. એક કેબિનમાં મારાં માતાપિતા અને નાની બહેન, બીજી કેબિનમાં મારાં બે નાના ભાઈઓ અને એક બહેન. ચીસાચીસ શરૂ થઈ. ત્યારે મારાં માએ માતાજીને આર્તનાદ કર્યો. મારાં પિતા શિવ શિવ કરવા મંડ્યા, પરંતુ મારી માની માતાજી ઉપરની શ્રદ્ધા અને પિતાજીનો શિવ શિવ પોકાર અને માએ ગાયું ''કરજે કરજે નૈયા પાર મૈયા તું છો તારણહાર'' આ સાંભળીને માતાજીએ હાજરાહજૂર આગબોટ ઉપર હાથ ફેલાવ્યા. તોફાનને શાંત કર્યું અને સ્ટીમર સ્થિર થઈ અને માતાજીના આ પરચાએ જાણે ચમત્કાર કર્યો અને સ્ટીમર કોચીનને બદલે ગોવા પહોંચી અને બધા હેમખેમ ટ્રેઇન મારફત મુંબઈ આવ્યા.

અંતમાં ઈશ્વરની અનુભૂતિ તમારા ભાવવિશ્વમાં અંતરમનમાં થવી જોઈએ. શ્રદ્ધા સાથે સબૂરી હોવી જોઈએ. અત્યારે પણ ઘરની બહાર મારું ડગલું જાય ત્યારે માતાજીને પણ હું સાથે આવવાનું કહું. જે પણ નવી વસ્તુ આવે એ સહુથી પહેલાં માતાજીના ફોટા પાસે મૂકું. મારા દરેક રૂમમાં, કબાટમાં માતાજીનો નાનો પણ ફોટો હોય. બહારગામ જવાનું થાય ત્યારે કી. ચેઇનમાં પણ માતાજી હોય. અંતમાં સમર્પિત ભાવે પરમતત્ત્વ સાથે અનુસંધાન જોડવું એ જ ઈશ્વરીય અનુભૂતિ.

અસ્તુ

**– વિશાખા પોટા**

# અમૃત-પુત્ર



**પ્રકાશ ત્રિવેદી**

મુંબઈના કે ન્યૂયોર્કના બીજા માળાઓ કરતાં નાનાજીનું ઘર મોટું ને જુદું હતું એ ખરું, પણ બાપરે બાપ! આને તે ઘર કહેવું કે નાનું ઝૂ? જાતજાતનાં ને ભાતભાતનાં પ્રાણીઓથી ઊભરાતું! હર મુસાફરીએ એ જુદાંજુદાં પ્રાણીઓને મળવાનો લહાવો ઉઠાવતો. નાનપણમાં નાનાજીના બગીચામાં એણે કેટલાંય પતંગિયાં જોયાં હતાં અને જાતજાતના, નાના મોટા ભમરાઓ, ભમરીઓ ને મધમાખીઓને ચક્કર લગાવતાં નિહાળ્યાં હતાં. પતંગિયાંની જેમ મધમાખીને હાથ પર બેસાડવા જતાં, એનો ડંખ પણ આસ્વાદ્યો હતો. રાત્રે કોઈ વાર આગિયાઓની ઝબૂક પણ એણે માણી હતી.

અને પક્ષીઓ? કબૂતરો તો આ પોતાનું જ ઘર છે એમ સમજી માળિયે ભરાઈ ગયાં હતાં. નાનાજીએ સમજી કરી એક નાની બારી કરી રાખી હતી જેથી એ સીધાં જાવ-આવ કરી શકે. ઘરમાં હરીફરી શકવાની, બાકી ફક્ત ચકલીઓને છૂટ હતી. એ કોઈ વાર તો રેસ પણ લગાવતી અને ત્યારે નાનાજી ઊભા થઈ અચૂક ચાલતો પંખો બંધ કરતા. બહાર કાગડાઓની નાત ભરાતી ને એમનાં કા-કાથી આંગણ ભરાઈ જતું. દૂર આકાશમાં સમડીઓ ને ગીધ પણ જોવા મળી રહેતાં. એક વાર એક મોટું ગીધ તો રસ્તા વચ્ચે આવી થાક ખાવા બેઠું. સુહાસ તે વખતે માંડ છ વર્ષનો હશે. ગીધ એનાથી પણ મોટું લાગતું. બ્રુકલિનના ઝૂમાં એણે એક શાહમૃગ જોયું હતું, એની યાદ દેવડાવે એવું એ હતું.

અને એક વાર તો મામાએ એને એક અજબનું જીવડું બતાવ્યું. એક મોટા કીડા જેવું હતું. લાંબું ને લિસ્સું ને લાંબા ઊભા વાળવાળું. એના પર એક મોટો શંખ હતો. નાનાજી એને ગોકળગાય કહેતા ને મમ્મીએ એને સ્નેઈલ તરીકે ઓળખાવ્યું. મમ્મી કહેતી કે ફ્રાંસમાં તો આવી સ્નેઈલ સ્વાદિષ્ટ ગણાય. નાનાજી કહેતા આપણાથી આવું બધું ના ખવાય !

બાકી તો જીવડાઓની તો અહીં ચાલી રહેતી વણજાર! કેટલાંક કાળાં જીવડાં તો હતાં ચમકદાર, પણ જો ભૂલથી એમના પર પગ પડ્યો તો વાસ-વાસ મારે. કેટલાંક પતંગિયાં જેવાં પણ ફૂદાં કહેવાતાં. રંગબંગ કશું નહીં પણ ઊડ્યા કરે ને દીવાઓની આગળપાછળ ફર્યા કરે ને મચ્છરો? એના અમેરિકન લોહીનો સ્વાદ ચાખવા સતત

તત્પર! અને પેલી અભયવ્રત ધારણ કરનારી માખીઓ? ને સોફા નીચેથી પોતાની એન્ટેના ઊંચી રાખી આ નવા આગંતુકોને તાકતો બેઠેલો વંદો? અહીં તો, ન્યૂયોર્કની જેમ, ઊડતા વાંદાઓ પણ મળી આવતા. વળી બેસવાના સોફા પાછળ બારીમાંથી આવી સોફાની તિરાડમાં ઘૂસી જતી એક લાંબી વણથંભી કીડીઓની વણજાર પણ અહીં હતી. મામી કહેતાં કાળી કીડી કરડે નહીં, પણ લાલ કીડીથી દૂર રહેવું. લાલ કીડીનો મોટો રાફડો બગીચામાં ફાટ્યો હતો ને એક પુરાણા ઝાડના મૂળ પાસે મોટી કીડીઓ જેવા, પણ કાળા રંગના મંકોડા ફરતા ને ઉપર થડમાં ઊધઈનું ઝૂંડ બાઝેલું. ઉપર, લગભગ ટોચ આગળ, મધમાખીઓનો એક મધપૂડો બાઝ્યો હતો!

નાનાજી તો જાણે મોટા એન્ટેમોલોજિસ્ટ હતા. પુરાણાં થોથાં ઉથલાવતાં, એમાં દોડતી સિલ્વર સુહાસને બતાવવી પણ એ ચૂકતા નહીં, પણ પછી બગીચામાં જઈ એમને ધીરેથી ધક્કો મારી કોઈ પાન પર બેસાડી દેતાં. સિલ્વરને પણ મારવાનું એમના લોહીમાં હતું નહીં.

ચોમાસામાં બગીચામાં પાણીની નીક વહેતી અને એક મોટા ખાડામાં નાનું તળાવ ઊભરાતું. નાનાજી સુહાસને એ તળાવમાં ફરતી માછલીઓ બતાવવા લઈ જતા. ત્યાં નાનાજીની સોડમાં ભરાઈ સુહાસે નાના-મોટા દેડકાંઓની સિમ્ફની અનેકવાર સાંભળી હતી. નાનાજી કહેતા કે દસેક વર્ષ પહેલાં તો અહીં સાપ પણ આવતા ને ત્યારે દેડકાંનો ઉપદ્રવ ઓછો હતો. આજુબાજુ માણસોની વસ્તી વધી એટલે સાપ ઓછા થયા, પણ દેડકાં મારાં વાલાં વધી પડ્યાં!

સુહાસ એ નાના તળાવમાં કદી છબછબિયાં કરવા નહોતો ઊતર્યો. એમાંની માછલીઓ ને ખાસ તો નાનીનાની જીવાતો, જે બ્રાઉનિયન મોશનમાં નૃત્ય કરી રહી હતી અને કિનારે કે પાણીની સપાટી પર મોટા તીડ જેવા જીવડાં જે, એમનું ભક્ષણ કરવા તરાપ મારી બેઠા હતા, તેમણે જાણે એને વાર્યો હતો. સુહાસના મેનહટનના ઍપાર્ટમેન્ટમાં એકાદ વંદો રડ્યોખડ્યો માંડ મળતો. તો અહીં તો બાયો ડાયવર્સિટીનું આખુંય જાણે વિશ્વ ઊભરાઈ રહ્યું હતું. સુહાસ ખુશી-ખુશીથી એ વિશ્વનો એક ભાગ બની બેસતો હતો. સુહાસ નાનાજીને પૂછતો, 'નાનાજી! આ બધું શું છે?'

નાનાજી હસીને બધું બતાવતા, સમજાવતા ને કોઈ વાર એની સાથે ગમ્મત પણ કરતા.

'અહીં તો એક મંકી પણ રહે છે.'

મંકી? મેં તો જોયું નથી. ક્યાં છે? છે ને. અહીં જ છે?

'કાળું છે કે લાલ?'

ના, સફેદ છે. અમેરિકન છે! સુહાસ ત્યારે હસી પડ્યો હતો.

'હોલી કાઉ! નાનાજી ! શું હું મંકી લાગું છું?'

'હા, હોલી કાઉ પણ છે. તે હું છું!'

'તો મને મંકી કેમ કહો છો?'

'મજાકમાં. તું તો મારો અમૃત-પુત્ર છે.'

**– પ્રકાશ ત્રિવેદી**

# એ તમને ક્યારેય નકારશે નહીં



**જય દીક્ષિત**

હા, ઈશ્વર છે અને એ તમને ક્યારેય નકારશે નહીં. સહુને એની અનુભૂતિ થઈ જ હશે અને જેને નથી થઈ એને થશે અને જેને એમ લાગે છે કે એવું કંઈ જ નથી તો એને સમજાયું નથી હજુ.

વર્ષ ૨૦૧૨, સપ્ટેમ્બર મહિનો. લગ્નનાં બે વર્ષ પછી સંયુક્ત પરિવારમાં રહેતા સૌથી મોટા દીકરાને ત્યાં પુત્રજન્મ થયો. પચ્ચીસ વર્ષ પછી ઘરમાં કોઈ નાનું બાળક આવ્યું. આનંદ આનંદ થઇ ગયો, દાદા-દાદી, નાના-નાની, કાકા, મામા-મામી સહુ કોઈ રાજીના રેડ થઈ ગયા. ત્યારે લગભગ રાતના અગિયાર-સાડા અગિયાર થયા હશે. ખુશીનું મોજું નહીં, પણ સુનામી આવી ગઈ.

એ હદની ખુશી કે સવારે આઠ વાગ્યે જયારે નાના, ગઈ રાત્રે જન્મેલા દીકરીના દીકરાને કુમળો તડકો ખવડાવતા હતા ત્યાં એ નવજાત શિશુના પિતા પોતાના સસરા પાસે પોતાના બાળકને માંગે તો સસરા જમાઈને એમ કહી દે છે કે સાચવીને, તમારા હાથ જરા ખરબચડા છે, જો જો વાગી ન જાય. આવી તો કાળજી. સસરાની વાતને હસી કાઢી દીકરો જયારે પોતાની પત્નીને મળવા જાય છે ત્યારે ખબર પડે છે કે કુળની વહુ જેણે સહુને આનંદિત થવાનું કારણ આપ્યું એની દૃષ્ટિ ઝાંખી થવા લાગી છે. શરૂ થઈ તપાસ, રીપોર્ટસ, MRI, CT Scan અને ઘણું બધું. ત્રણ દિવસની ખટપટ પછી પ્રેમલગ્ન કરેલ પતિ, નવાસવા બનેલ પિતા, જમાઈ અને ઘરના મોટા દીકરાને એટલું સમજાયું કે ડિલિવરી વખતે પત્નીની મંજૂરીએ પેઈનલેસ ડિલિવરી કરવા માટે આપેલ ઇન્જેક્શનને કારણે સેન્ટ્રલ નર્વસ સીસ્ટમમાં પંચર થયું છે અને જેની સીધી અસર પત્નીના વિઝન પર પડી છે. એટલે બંને આંખે દેખાતું બંધ થઈ ગયું છે. સારવારથી આ ઉપાધિ કદાચ ઠીક થઈ શકે એવું ડૉક્ટરે કહ્યું, પણ કદાચની ટકાવારી ન કીધી અને ઠીક થાય

તોપણ ક્યારે એ ખબર નહીં અને જ્યાં સુધી સારું ન થાય ત્યાં સુધી પત્નીએ સૂઈ જ રહેવું પડશે એ ઉમેર્યું તે અલગ. એ એક તરફ સ્ટ્રેચર પર સૂતેલી પોતાની પત્નીને જુએ છે અને બીજી તરફ સાસુના હાથમાં રડતા ત્રણ દિવસના બાળકને. એ વજ્રઘાત હતો એના હૈયે, જ્યારે ભવિષ્ય સાથે વર્તમાન પણ ધૂંધળું એને લાગતું હતું. ન બોલાય, ન રડાય, ન કોઈને કહેવાય અને સૌથી વધારે ન સહેવાય.

દર અઠવાડિયે એ જ સ્લીપિંગ પૉઝિશનમાં CT Scan, MRI અને ચેકઅપ માટે પત્નીને લઈ જવાની અને દર અઠવાડિયે નવી આશા બંધાવાની અને. . . માણસ જયારે લાચાર થઇ જાય, હારી જાય, થાકી જાય અને કદાચ તૂટી જાય.


મને હવે ક્યારેય નહિ દેખાય? આ તો હજુ બે મહિનાનો છે, આનું શું થશે? મને આવી લાઈફ નથી જોઈતી, પ્લીઝ કંઈક કર, મારે મારા દીકરાને જોવો છે, પ્લીઝ.

આવા સવાલો છતાં એ થાક્યો નહોતો, પણ પત્નીની માનસિકતા, એના સવાલો અને બાળકની ચિચિયારીએ એને ઢીલો તો પાડી જ દીધો'તો. કહેવાય છે કે જયારે પૂરી શ્રદ્ધાથી પોતાના ઇષ્ટદેવ કે ઈશ્વરને યાદ કરીને પોતાની તકલીફ માટે મદદ માંગો તો એ દૈવી શક્તિ હંમેશાં એની મદદે આવી જ જાય છે. એ પતિએ પણ એવું જ કર્યું, એણે મનોમન આજીજી કરી, કોઈ બાધા, કોઈ આખડી એવું કંઈ જ નહીં. બસ, એક પ્રાર્થના અને ફક્ત પ્રાર્થના પણ નહીં, સાથે પૂરતા અને નિષ્ઠાવાન પ્રયત્નો, સહન થાય એટલી વેદના અને છતાં અન્યને તો ધરપત જ આપે. આખરે ચાર મહિનાની તકલીફો પછી પત્નીની એક આંખે સહેજ ઝાંખી દૃષ્ટિ આવી. આશા બંધાઈ, પતિએ એ દૈવી શક્તિનો, એ ઈશ્વરીય શક્તિનો અભાર માન્યો, દુખનાં આંસુ સાથે સહેજ હર્ષનાં આંસુ પણ રેલાયાં. એ વખતે એને એ અૌલોકિક શક્તિની અનુભૂતિ થઈ, જેને ઈશ્વર કહો કે બીજું કંઈ પણ નામ આપી શકો. હોય છે! ઈશ્વર, એ શક્તિ, એ દેવ, જે કહો એ. પણ હોય છે. એ દિવસે વિશ્વાસ બેઠો. છ મહિને બેસવાની અને એ પછી સામાન્યતઃ ફરવાની છૂટ મળી. આજે એ નવજાત શિશુ અગિયાર વર્ષનો થયો છે અને આખો પરિવાર સુખેથી–ખુશીથી–મજાથી રહે છે.

એ પતિ, ઘરનો મોટો દીકરો, જમાઈ, નવોસવો પિતા તે હું અને જેને માટે મેં એ ઈશ્વરને આજીજી કરી અને ચમત્કાર થયો તે મારી પત્ની. ત્યારે સમજાયું, વિકરાળ તિમિર ચારેકોરથી ઘેરી લે, શારીરિક–માનસિક બધી જ રીતે પાયમાલ થઈ જાવ કે પછી એ શક્તિ કે ઈશ્વરને નકારી કાઢો છતાં એક વખત મનથી એને યાદ કરશો તો એ તમને ક્યારેય નકારશે નહીં.

**– જય દીક્ષિત**

# "અણસાર"



કર્દમ યાજ્ઞિક

આ જગતમાં જે કાંઈ સજીવ કે નિર્જીવ છે તેનું સંચાલન એક શક્તિ કરે છે અને તેને આપણે જાણતા નથી અને એને ઈશ્વર સમજીએ છીએ. એ ભલે જુદાં જુદાં નામથી પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ઓળખાય છે, પણ મૂળ તત્ત્વ એ જ છે. તેની હાજરીનો અનુભવ ક્યારેક ને ક્યારેક પરોક્ષ કે અપરોક્ષ રીતે થાય છે.

પ્રથમ અપરોક્ષ રીતે જોઈએ તો વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે, પણ હજી સુધી ધરતીકંપની જાણ નથી થતી. ધરતીકંપ થાય ત્યારે જ આપણને અનુભવ થાય છે. જોકે આ ઘટનાની જાણ અમુક પ્રાણીઓને ખાસ કરીને દરમાં રહેતાં પ્રાણીઓને થાય છે અને તે બહાર નીકળી આમ તેમ દોડાદોડી કરતાં સુરક્ષિત જગ્યાએ જવા પ્રયત્ન કરે છે. આમ એમને આવી ઘટનાઓ પહેલાં તેમને અણસાર આવી જાય છે.

માણસ વર્ષોના પ્રકૃતિના અભ્યાસ પછી કઈ ઘટનાઓ માટે કેવા અણસાર હોય તે સમજીને તેનો અંદાજ કાઢે છે. ભડલી વાક્યો અથવા હોળીનું નિરીક્ષણ દ્વારા ઈશ્વરના અણસાર સમજવાનો પ્રયત્ન કરે છે જેથી તેવી ઘટનાઓ માટે સજ્જ થાય છે.

હવે મારી પોતાની વાત કરું તો મારે ત્રણ પ્રસંગો કહેવા છે.

મારાં સાસુને મારા પર ખૂબ વિશ્વાસ હતો તેથી તેમણે તેમની પૂજા મને સોંપી હતી. તેમાં ખાસ કરીને એક સ્ફટિકનું શિવલિંગ અને લાલજી છે. સ્ફટિકના શિવલિંગમાં ત્રિપુંડ છે. હું અને અમી સાથે પૂજા કરતાં. એક દિવસ તેણે કહ્યું કે તું શિવલિંગ ઊંધું મૂકે છે. મેં કહ્યું કે જ્યારથી આવ્યું છે ત્યારથી મેં તો આવું જ જોયું છે. તો એણે હ્યું કે હું તો નાની હતી ત્યારથી મેં એવું જોયું છે. તેની વાત માની તે પ્રમાણે શિવલિંગ પધરાવ્યું. પછી એ વાત ભૂલી ગયા. ત્યાર પછી મારી

નોકરી જતી રહી. નવી નોકરી મળતી નહોતી. આર્થિક સંકડામણ થવા માંડી. કોઈ મદદ કરે નહી ને મુશ્કેલીઓનો પાર નહી. સમજ ના પડે કે હવે શું કરવું. એક દિવસ જાણે પ્રેરણા મળી હોય તેમ શિવલિંગ મૂળ રીતે મૂકી પૂજા કરવા લાગ્યો.

ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડવા માંડી. સારી નોકરી મળી ગઈ. આર્થિક પરિસ્થિતિ થાળે પડવા માંડી. ત્યારે મેં અમીને કહ્યું આ તો જાગતા દેવ છે. કેટલીય પેઢીઓએ પૂજા કરી હશે ત્યારે આવો અનુભવ થાય.

આવી જ રીતે અમને લાલજીનો અનુભવ થયો. ડિસેમ્બર ૨૦૨૦માં જ્યારે લાલજીને સ્નાન કરાવું ત્યારે એક આંખ નીકળી જાય. વારે ઘડીએ આંખ ચોંટાડવી પડે. ઘણી વખત આંખ ઝીણી હોવાને લીધે સ્નાન કરતી વખતે ખોવાઈ જાય. પૂજા સામગ્રીની દુકાનેથી બીજી આંખો મંગાવી, પણ તે રહે જ નહી. આ દરમ્યાન અમીને લકવો થયો, પુત્રને નોકરીમાં ખૂબ મુશ્કેલીઓ પડી, વારે ઘડીએ નોકરી બદલવી પડી, ઘરમાં ચોરી થઈ, અમીના મંગળસૂત્ર અને પૈસાની ચોરી થઈ, બાળકોના અભ્યાસમાં મુશ્કેલીઓ થઇ વ. પછી એક દિવસ એની મેળે જ આંખ સરખી ચોંટી ગઈ અને પછી જણાવેલી મુશ્કેલીઓ પણ ધીમે ધીમે દૂર થઈ.

આ બંન્ને પ્રસંગોને શ્રદ્ધા માનો કે અંધશ્રદ્ધા પણ જે અનુભવ થયો એ સત્ય છે. જાતે અનુભવેલું છે.

છેલ્લો પ્રસંગ એકદમ આઘાતજનક છે. ૨૮/૧૧/૨૦૧૨ નો દિવસ હતો હું અને અમી અમારા ખાસ મિત્રની પુત્રીના લગ્નમાં સાંજે લગભગ ૬.૩૦ વાગે ગયા હતા. થોડીક વાર બેઠાં પછી મનમાં ખૂબ અજબની મૂંઝવણ થવા લાગી. અમીને પણ એવું જ થતું હતું એટલે નક્કી કર્યું ઘેર જતાં રહીએ. હવે જમવાનું તો હતું નહી એટલે એક લારી પર થોડો નાસ્તો કરી ઘેર આવ્યા. મૂંઝવણ તો ચાલુ જ હતી.

જેમ તેમ સમય પસાર કરતાં હતાં. પછી જ્યારે સૂવાની તૈયારી કરતાં હતાં તેવામાં જ મારા ભાઈભાભી જે નીચે જ રહેતાં હતાં તે હાંફળાફાંફળા ઉપર અમારી પાસે આવી એકદમ રડમસ અવાજે કહ્યુ કે મારો પુત્ર શર્વિક જે જયપુર છે તેને અકસ્માત થયો છે અને હૉસ્પિટલમાં દાખલ કર્યો છે. અમે કંઈ સમજીએ તે પહેલાં તો એ પોક મૂકી રડવા લાગ્યો અને બોલ્યો આપણાં કુટુંબ પર આભ તૂટી પડ્યું છે. હવે શર્વિક આપણી વચ્ચે નથી. બધા જ અવાચક થઈ ગયા. અમારો તો આધાર છીનવાઈ ગયો. અમને સાંજે જે મૂંઝવણ થઈ તે શું અણસાર નહોતો?

**– કર્દમ યાજ્ઞિક**

# હે ઈશ્વર !



તારિણી દેસાઈ

માનું છું આભાર અંતર થકી, ઈશ્વર તું આધાર છે;
સૂક્ષ્મ ને મહાકાય જીવજગમાં, ઈશ્વર તું કિરતાર છે;
રંગો સૌ નિખરી રહ્યાં નિસર્ગમાં, ઈશ્વર તું કલાકાર છે;
સિંધુ ને સરિતા, ગિરિ, તરુ ધાન્ય દઈ, ઈશ્વર પ્રતિપાળ છે.

શશિ ને રવિ, તારલા નભમંડળે, ઈશ્વર તેજપુંજ છે;
વર્ષા, ગ્રીષ્મ અનેશીત ઋતુ મહીં, ઈશ્વર તું અદ્‌ભુત છે;
જન્મ – મૃત્યુ, ભવચક્રમાં, ઈશ્વર તું અગમ્ય છે;
પૃથ્વીનાં કણકણમાં વ્યાપી રહ્યો, ઈશ્વર તું અનંત છે.

પ્રતિષ્ઠા, સિદ્ધિ અને પદ મેળવ્યાં, ઈશ્વર પ્રેમ સિંધુ છે;
બોલું ના કંઈ તોય સાંભળ સદા, ઈશ્વર તું શાશ્વત છે;
પડતાં ને ઉઠાડતો નભ આંબવા, ઈશ્વર તું દીનબંધુ છે;
ઉકેલ્યાં પ્રશ્નો ઘણાં જીવન મહીં, ઈશ્વર જ્ઞાનપુંજ છે.

માંગું છું શ્રદ્ધા સદા અચલ હો, ઈશ્વર તું શ્રદ્ધેય છે;
સત્કર્મો કરતી રહું એ શક્તિ દે, ઈશ્વર પૂર્ણ બ્રહ્મ છે;
ભક્તિ ને સન્મતિ મળે વરદાનમાં, ઈશ્વર તું કૃપાળુ છે;
અંતે હો તારું સ્મરણ જિહ્વાપરે, ઈશ્વર તું હૃદયસ્થ છે.

– તારિણી દેસાઈ

# કેદારનાથના ધામમાં



**નિશિથ બક્ષી ''નિજાનંદ''**

એક બહુચર્ચિત પ્રશ્ન, ઈશ્વર છે કે નહીં? જો જવાબ ''ઈશ્વર છે'' હોય, તો તરત બીજો પ્રશ્ન આવે. ''ઈશ્વર ક્યાં છે?'' અઘરો સવાલ. આનો ઉત્તર મુશ્કેલ છે. તો જવાબમાં એમ કહી શકાય કે ઈશ્વર ક્યાં નથી? નાસ્તિકો પાછી સાબિતી માગે.

એમને કેટલાક સરળ પ્રશ્નો પૂછવાના, જેવા કે, એક દિવસ સવારે સૂરજ ન ઊગે તો ચાલે? શિયાળા પછી ઉનાળો ન આવે તો ચાલે? ધરતીકંપ ૧૫ ૨૦ સેકન્ડને બદલે બે-ત્રણ કલાક થાય તો ચાલે?

જવાબ સ્વાભાવિક રીતે ''ના''માં જ આવે. આથી એક વાત તો સાબિત થાય છે, કે આ જગતની સિસ્ટમો કંટ્રોલ કરનાર કોઈ તત્ત્વ તો છે જ. જગત નિયંતા એવું નામ આપો કે કોઈ બીજું નામ.

હિન્દુ ધર્મના આસ્તિક ભક્તો જે માતાજીને અથવા શક્તિ સ્વરૂપને માને છે, તે ''શાકત'' તરીકે ઓળખાય છે. તેઓ આ જગતનિયંતાને, જગતજનની મા જગદંબા સ્વરૂપે જુએ છે. શિવભક્તો શિવલિંગ સ્વરૂપને માને છે. વૈષ્ણવો નારાયણ કે વિષ્ણુ ભગવાન અથવા તેમના અવતારોને ભગવાન માને છે. આ બધાં જ સ્વરૂપને આપણે મનુષ્યનો આકાર આપેલ છે. કેટલાક ધર્મ અને ધાર્મિકોમાં ઈશ્વરને નિરાકાર માનવામાં આવે છે. હિન્દુ સિવાયના ધર્મમાં પણ તેમની આસ્થા મુજબ સૌ પોતપોતાના ઈશ્વરને અલગ અલગ સ્વરૂપે પૂજે છે કે માને છે.

ચાલો હવે ઘણાખરાએ માન્યું કે ઈશ્વરનું અસ્તિત્વ છે. તો પછી એનાં દર્શન કેમ નથી થતાં? સાક્ષાત્કાર કેમ બધાને નથી થતો?

કદાચ સાક્ષાત્કાર, આ જગતમાં ખૂબ ઓછા લોકોને થયો છે અને જેમને થયો છે તેઓ સ્પષ્ટપણે તેને વર્ણવી શકતા નથી. આનો અર્થ એવો પણ થાય કે આ સાક્ષાત્કાર ચર્મચક્ષુથી

નહીં, પણ અંતર્ચક્ષુથી થયો હોવો જોઈએ.

આ વિષય ખૂબ ગહન અને વિશાળ છે એટલે આપણે વધુ ચર્ચા ન કરતાં, સ્વાનુભવ તરફ પ્રયાણ કરીએ.

અમારી ચારધામ યાત્રાનું છેલ્લું ધામ હતું કેદારનાથ. ગઢવાલ ટુરિઝમની બસમાં ગૌરીકુંડ સુધી પહોંચ્યા. સવારના લગભગ ૧૧ થયા હશે. અમે ઘોડાવાળા સાથે ભાવતાલ નક્કી કરી નીકળી પડ્યા. ઘોડાનો અને માણસોનો ચાલવાનો રસ્તો યમુનોત્રીના રસ્તા કરતાં પહોળો અને પ્રમાણમાં સારો હતો, એટલે યમુનોત્રી જેટલી બીક ન લાગી. જોકે વરસાદના છાંટા તો અવારનવાર પડતા જ હતા. અમે લગભગ અઢી વાગે તો કેદારનાથ પહોંચી ગયા. ત્યાંથી સરકારી ટુરીઝમના ક્વાર્ટરમાં જવાનું હતું, એટલે ત્રણેક વાગે ત્યાં પહોંચી ગયાં. કેદારનાથ નજીક પહોંચ્યા ત્યાં જ મંદિરના ઘંટારવ સાથે એક પ્રકારનો આહ્લાદક અનુભવ થવા લાગ્યો. મંદિરનું શિખર દેખાવાની સાથે જ સૌ કોઈએ કેદારનાથ બાબાનો જયઘોષ શરૂ કરી દીધો હતો.

ચા-પાણી પતાવી અમે ચાર વાગ્યે મંદિર તરફ પ્રયાણ કર્યું. અગાઉ નક્કી કર્યા મુજબ દર્શન માટે વહેલી સવારે જવાનું હોઈ અમે મંદિરની બાજુના મોટા મેદાનમાં ફરવા લાગ્યા. ઠંડી પુષ્કળ પ્રમાણમાં હતી. વાતાવરણ ધુમ્મસવાળું હતું. દૂરના પર્વતો ધૂંધળા દેખાતા હતા. કેદારનાથ મહાદેવનું મંદિર દૃશ્યમાન થતું હતું.

મંદિરના ઘંટારવનો નાદ વાતાવરણમાં ગૂંજતો હતો. મંદિરની બહાર અને અંદર ભક્તો બાબાનો જયઘોષ કરતા હતા. વાતાવરણમાં એક પ્રકારની ઠંડક વ્યાપી રહી હતી. અમે સૌ ભાવવિભોર બની ગયા. એક અવર્ણનીય શક્તિ અમારી આસપાસ વિહાર કરી રહી હોય એવું લાગ્યું. આકાશમાંથી ઈશ્વરની કૃપા વરસી રહી હોય એમ જણાયું. બસ, આ સમય પૂરો જ ન થાય અને અમે સૌ લાંબા સમય સુધી આ જ પ્રભુમય વાતાવરણમાંથી બહાર ન આવીએ એવો અનુભવ કે ઈશ્વરની અનુભૂતિ થઈ રહી. થોડા સમય સુધી અમે અવાચક બનીને આ પળને જિંદગીભરનાં સ્મરણોમાં કેદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. થોડી મિનિટો બાદ મારા પુત્રએ એકદમ કહ્યું, ''પપ્પા, હવે થોડી ટાઢ વાય છે. આપણે જઈશું?'' અચાનક જ મૂર્છાવસ્થામાંથી ભાનમાં આવ્યા હોઈએ એવી અનુભૂતિ સાથે અમે ફરી સ્વસ્થ થઈ ગયા અને ક્વાર્ટર તરફ પ્રયાણ કર્યું.

અમારો આ ઈશ્વરની અનુભૂતિનો અનુભવ આખી જિંદગી યાદ રહેશે.

**– નિશીથ બક્ષી ''નિજાનંદ''**

# ઈશ્વરનો એહસાસ



કિન્નરી મહેતા

તનયા : નાની, તમે અયોધ્યામાં રામલલ્લાનાં દર્શન કર્યાં? કેટલા બધા લોકો ભક્તિભાવપૂર્વક દર્શન કરવા ઊમટ્યા, નહીં?

નાની : ના દીકરી, રામલલ્લાનાં દર્શન તો નથી કર્યાં, પણ જીવનમાં તેની હાજરીની અનુભૂતિ તો જરૂર થઈ છે.

તનયા : તમે તો પાઠપૂજા, જપ, કીર્તન તો કરતાં નથી, તો તમને ઈશ્વરનો કેવી રીતે અનુભવ થયો?

નાની : ભગવાનને હૃદયપૂર્વકની પ્રાર્થના કરો એટલે તે આપણું સાંભળે જ છે. મૂર્તિમાં દેખાય તેવા તો સાક્ષાત નથી આવ્યા, પણ કોઈ પણ રૂપે ભક્તની આજીજી સાંભળીને મદદ કરી હતી. ૨૦૧૯ની સાલમાં તારા નાના ઊંચા ટેબલ પરથી પડી ગયાનું તો તને યાદ હશે જ, પણ તને ખબર છે? તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યા તેના બીજા જ દિવસે તેમની તબિયત ઘણી વધારે બગડી હતી. બ્રેઈન સર્જને કહ્યું કે તાત્કાલિક બ્રેઈન સર્જરી કરવી પડશે. હું અને ચૈતાલી માસી તો ખૂબ મૂંઝાઈ ગયા. ડૉક્ટરે કહ્યું મગજના હાડકાનો એક ભાગ કાપવો પડશે અને પછી બે મહિના પછી ફરી ઑપરેશન કરીને નાખવો પડશે. ડૉક્ટર હોંશિયાર હતા, પણ તેમણે કહ્યું કે આ ઉંમરે ઑપરેશન પછી નાનાની માનસિક પરિસ્થિતિ કેવી હશે, તે તમને ઓળખી શકશે કે નહીં, તેમને શું યાદ રહેશે અને શું નહીં તે કહી શકાય નહીં. ઑપરેશન તો હેમખેમ પૂરું થઈ ગયું, પણ ત્યારે કોરોનાનો સમય હતો. કોઈની મદદ લઈ શકાય તેમ નહોતું. અધૂરામાં પૂરું ઑપરેશન પછી નાનાના ડૉક્ટરને પણ કોરોના થઈ ગયો. જે રૂમમાં નાનાને રાખ્યા'તા તેની આજુબાજુના દર્દીઓને પણ કોરોનાનો ચેપ લાગ્યો. પાછું તારા નાના અસ્થમાના દર્દી હતા, મગજનું ખૂબ મોટું ઑપરેશન હમણાં જ

થયું હતું. આવા માહોલમાં હું સિનિયર સિટિઝન હોવાને કારણે હૉસ્પિટલ જઈ શકતી નહોતી ત્યારે પ્રાર્થના જ મારો સહારો હતો. ઈશ્વર સ્મરણથી હું નકારાત્મક વિચારોને દૂર રાખતી. સગાંસંબંધીઓ પણ પોતાની શ્રદ્ધા પ્રમાણે પ્રાર્થના કરતા, માનતાઓ રાખતા. આવે વખતે જ્યારે તારા નાનાનો કોરોના રીપોર્ટ નેગેટિવ આવ્યો અને નાના પોતાની ૯૦-૯૫% યાદશક્તિ સાથે હસતા હસતા સાજા થઈને એક મહિને ઘરે પાછા આવ્યા ત્યારે મને ખરેખર એવું લાગ્યું'તું કે ઈશ્વર છે.

તનયા : નાની આવું તો બની શકે. તો તમને શું એક વારના અનુભવમાં ઈશ્વર પ્રત્યે આટલી બધી શ્રદ્ધા આવી ગઈ?

નાની : હા, નાની નાની માંદગીઓ તો ઘણી આવી હોય, પણ જેમાં જીવન-મરણ જેવી પરિસ્થિતિનો સામનો કરવાનો આવે ત્યારે હારેલો મનુષ્ય ઈશ્વર તરફ વળે તેવો બનાવ ૨૦૦૬ની સાલમાં પણ બન્યો. તારા નાનાને તાવ આવ્યો ત્યારે તેની સ્ટ્રોંગ દવાઓના કારણે તેમને મળ એટલે કે stoolમાં અને ઊલટીઓમાં વારે-વારે લોહી નીકળવા લાગ્યું. તરત તેમને નજીકની હૉસ્પિટલમાં ICUમાં દાખલ કરવા પડ્યા. નબળાઈ એટલી બધી હતી કે પાડોશીઓની મદદથી ઊંચકીને લઈ જવા પડ્યા. નાનાને ૧૫ દિવસમાં લોહીની ૧૨ બોટલ ચડાવ્યા પછી પણ ડૉક્ટર્સને ધારી સફળતા નહોતી મળી રહી. છેવટે એક સાંજે પેટના ડૉક્ટરે કહ્યું કે જો બીજા દિવસે સવાર સુધી તબિયતમાં સુધારો નહીં થાય તો ઑપરેશન કરવું પડશે, પણ ઑપરેશનની સફળતાની પણ કોઈ ખાતરી નથી. વિચાર-વિમર્શના અંતે અમે અમારા જાણીતા શહેરના ખૂબ સિનિયર ડૉક્ટર નયનભાઈને અડધી રાત્રે ઉઠાડ્યા. બધી હકીકત જાણી, નાનાને તપાસી તેમણે કહ્યું કે હું મારી જવાબદારી પર કહું છું કે ઑપરેશન કરવાની જરૂર નથી. દવાઓથી જ સારું થઈ જશે અને ખરેખર બીજા દિવસે સવારે નાનાની તબિયત સુધરવા મંડી! જાણે ઈશ્વરની જ પ્રેરણા ન થઈ હોય!

તનયા : આમાં તો ફરી ડૉક્ટરની જ સફળતા લાગે છે. એમાં ભગવાન ક્યાંથી આવ્યા?

નાની : ડૉક્ટર્સ તો બીજા પણ હતા, પણ તેમનું મંતવ્ય જુદું જ હતું. નયનભાઈએ પણ પોતાના અનુભવનો ઉપયોગ કર્યો. પણ પ્રેરણા તો એમને ભગવાને જ આપી. ઈશ્વરની કૃપાથી નાનાના મનોબળે પણ સાજા થવામાં ભાગ ભજવ્યો, પણ વિકટ પરિસ્થિતિમાં આશાનું કિરણ તો ઈશ્વરે જ બતાડ્યું.

તનયા : નાની તમે ઈશ્વરની પ્રાર્થનાની વાત કરી. તે કયા સ્વરૂપે મદદ કરે છે તેનો મને થોડો ખ્યાલ હવે આવે છે. નાની, બીજા બધા ધર્મોમાં પણ આવું જ હશે?

નાની : તમે કોઈ પણ ધર્મ-સંપ્રદાયમાં માનતા હો, ઈશ્વર ગમે તે હોય, પણ ઈશ્વરને કરેલી પ્રાર્થનાનું બળ ઘણો ભાગ ભજવે છે.

તનયા : અમને સ્કૂલમાં પણ પ્રાર્થના કરાવે છે, પણ તેના મહત્ત્વનો ખ્યાલ મને આજે આવ્યો.

Thank You નાની!

**- કિન્નરી મહેતા**

# ઈશ્વર મારી આસપાસ



**ભાર્ગવી જોષીપુરા**

આ સૃષ્ટિનો કર્તા - રચનાર એટલે ઈશ્વર. સમગ્ર સૃષ્ટિનું સંચાલન જેના હાથમાં છે, તેની અનુભૂતિ વિશે લખવા માટે આપણા શબ્દો ઓછા પડે અને કલમ અને કાગળ નાના પડે. જિંદગીમાં ડગલે ને પગલે આપણે ઈશ્વરના હોવાનો અનુભવ કરતાં હોઈએ છીએ, બસ ફક્ત તેને સમજવા માટેની દૃષ્ટિ જોઈએ.

ઈશ્વર સાથે અનુસંધાન સાધવા માટે પ્રાર્થના એક સેતુનું કામ કરે છે. જેમ શરીર માટે અનાજરૂપી ખોરાક જરૂરી છે તેમ મન માટે પ્રાર્થનારૂપી ખોરાક જરૂરી છે. પ્રાર્થનાથી મન શુદ્ધ અને પવિત્ર બને છે. પૂર્ણ શ્રદ્ધાથી કરેલી પ્રાર્થનાનું ફળ જરૂર મળે છે.

હું પણ જ્યારે પ્રાર્થના કરું છું, ત્યારે વિશ્વાસ રાખું છું કે ઈશ્વર મારા માટે જે કરશે તે યોગ્ય જ હશે અને તે પ્રમાણે થાય પણ છે.

પ્રાર્થના વિશે મારા અનુભવો લખું તો મને જ્યારે જીવનમાં નાની મોટી સમસ્યાઓ આવે તેનો ઉકેલ શોધવાની મુશ્કેલી પડતી હોય કે આગળ શું કરવું તે ન સમજાતું હોય, આપ્તજનની બીમારી કે કોઈ સમસ્યા હોય ત્યારે મનમાં ઈશ્વરનું સ્મરણ કરી બધું તેને ભરોસે સોંપી દેવાથી ખૂબ શાંતિ મળે છે. મારા જીવનની દોરી જેના હાથમાં છે તે જે કરશે તે યોગ્ય જ હશે તેમ માનવાથી કસોટીમાંથી પાર ઊતરી જવાય છે. વળી જ્યારે જરૂર પડે ત્યારે જ નહિ, પણ રોજિંદા જીવનક્રમમાં સ્તોત્ર, શ્લોક વગેરે બોલવાથી મન ઉપર પોઝિટિવ અસર પડે છે તેથી તે પણ ખૂબ જરૂરી છે તેવો મારો અનુભવ છે.

આપણા સૌના જીવનમાં તેવા અનુભવ થયા જ હોય છે જેના આધારે ઈશ્વરના હોવાની સતત

પ્રતીતિ થતી હોય છે. વર્ષો પહેલાંનો એક પ્રસંગ જ્યારે હું મુંબઈમાં નવી આવેલી દિવસની ટ્રેનમાં મુંબઈથી ભરૂચ જવા માટે એકલી નીકળી હતી. વચમાં કંઈક પ્રોબ્લેમ થતાં ટ્રેન ખૂબ ધીમી ચાલતી હતી તેથી ખૂબ મોડી થઈ અને બપોરને બદલે છેક રાત્રે ૧૦ વાગે ભરૂચ પહુંચી. રસ્તામાં ખૂબ મૂંઝવણમાં હતી કે શું થશે? મોબાઈલ ફોન ત્યારે હતા જ નહીં વળી મારે જેને ઘેર જવાનું હતું તે ફઈ-ફુવાને મારા આવવાની ખબર ન હતી. સ્ટેશને ઊતરી એક ઘોડાગાડીવાળા ભાઈ સારા મળ્યા તે ઘર સુધી મૂકી ગયા અને દરવાજો ખોલ્યો ત્યાં સુધી ઊભા રહ્યા. ખરેખર મને તે ભાઈમાં ભગવાનનું જ સ્વરૂપ દેખાયું. ટ્રેન મોડી થતી ગઈ પછી તે ઘરે પહોંચી ત્યાં સુધીના કલાકો મારે માટે ખૂબ કસોટીના રહ્યા. આવા ટાઈમે ઈશ્વરસ્મરણ જ એક આધાર હોય છે. મારે માટે સાવ અજાણ્યા શહેરમાં મોડી રાત્રે ઘરે પહોંચાડવા માટે ઈશ્વરનો ખૂબ આભાર માન્યો.

જિંદગીમાં જ્યારે મુશ્કેલી આવે છે ત્યારે દુઃખી અને ઉદાસ થઈ જવાય છે. ઈશ્વરે આવું કેમ કર્યું હશે? તેમ વિચાર આવે છે, પરંતુ આ મુશ્કેલીના સમયમાં જ આપણી સહનશક્તિ અને ધીરજની કસોટી થાય છે. આ સમય પણ વીતી જશેનો ભાવ તથા આગળ ઉપર સારું થશે તેનો વિચાર, તેમાંથી પાર પડી દે છે, જે ઈશ્વર હોવાની પ્રતીતિમાંથી મળે છે તેવો મારો અનુભવ છે,


આપણી ઇચ્છા પ્રમાણે થાય તો સારું અને ના થાય તો વધારે સારું કારણ તેમાં ઈશ્વરની ઇચ્છા સમાયેલી છે. ઈશ્વર આસપાસ જ છે અને તેને મારા કરતાં વધારે મારી ચિંતા છે તેમ માનવું જરા પણ ખોટું નથી. ઈશ્વર અદૃશ્ય રહીને કોઈ ને કોઈ રીતે કે વ્યક્તિ દ્વારા મદદ પહોંચાડે છે તેવો મારો અનુભવ છે.

**– ભાર્ગવી જોષીપુરા**

અનંતચૌદસને દિવસે જન્મી.
દિવાળીની આતશબાજી અને ઝગમગાટ વચ્ચે
એણે કાયમ માટે આંખ મીંચી લીધી.
વચ્ચેનાં જીવનમાં પીડાઓ પોતાની પાસે રાખી લઈ
સ્મિત વેરતી રહી,
અન્યોને માટે ઉત્સવ વહેંચતી રહી.
એની સાથે અમે ચાલ્યાં
એ મારગ સહુ તેજસભર હતા,
એની સાથે અમે માણી એ યાત્રા
ખરેખર
સુહાની હતી.

- નેહા
  સાંવરિ







કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ!

ધરતી આંગણ માનવીના આ ઘડીક મિલનવેળા,
વાટમાં વચ્ચે એક દી નકી આવશે વિદાયવેળા!
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા!

હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ!

પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટકપથે સ્મિતવેરીને મ્હોરશું ફૂલની ક્યારી;
એકબીજાને જીતશું, રે ભાઈ,જાતને જાશું હારી!

ક્યાંય ના માય રે આટલો આજ તો ઉરને થાય ઉમંગ!

- નિરંજન ભગત


જ્ઞાતિની એકમાત્ર વિશ્વસંસ્થા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ**

દ્વારા સંસ્થાનાં સભ્યોમાં ખાનગી વિતરણ માટે પ્રકાશિત
રજીસ્ટર્ડ ઓફિસઃ એ-૫૮, પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭
www.shrivadnagaranagar.org